©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVII ]** **THURSDAY, SEPTEMBER 10, 2026 / BHADRA 19, 1948** **[ No. 37**

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**


# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

### CONTENT

### Part I, Part I-A, Part I-B and Part I-L


| | | Pages |
|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 2099-2189 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 37 |
| Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 73 |
| Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 953-993 |


**પોલીસ કમિશનર દ્વારા**

**વંચાણે લીધા :**

૧. કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદના તા.૫/૮/૨૦૨૫ ના જા.નં. એન.એચ.ડી./પીબી/૨૩૭૦/૨૦૨૫ તથા

૨. પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક /૦૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ અન્વયે.

૩. પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ અન્વયે.

૪. પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૫/૨૦૨૫, તા.૮/૮/૨૦૨૫ તથા

૫. કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદના તા.૨૧/૧/૨૦૨૬ ના જા.નં. એન.એચ.ડી./પીબી-૧/૧૯૨/૨૦૨૬ અન્વયે.

**જાહેરનામું**

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૩/૨૦૨૬.-હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પરના શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ

પુલ) ની કેટલીક બેરીંગ તથા પેડેસ્ટલ જર્જરિત થઇ ગયેલ હોવાથી તેનું સમારકામ કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા કરી શકાય તે માટે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

**હુકમ**

અમદાવાદ શહેરમાં પીરાણા જંકશન અને વિશાલા જંકશન વચ્ચે સાબરમતી નદી પરના હયાત જુના શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ પુલ) ની કેટલીક બેરીંગ તથા પેડેસ્ટલ જર્જરિત થઇ ગયેલ હોવાથી તેનું કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા પીરાણા જંકશન થી વિશાલા જંકશન તરફ જતા ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર તાત્કાલિક બંધ કરવી પડે તેમ જણાઇ આવેલ છે. જેથી આ બ્રિજ ઉપર પીરાણા જંકશન થી વિશાલા જંકશન તરફ જતા પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના વંચાણે લીધા (૨) તથા (૩) થી પ્રતિબંધ ફરમાવેલ છે તેવા તમામ પ્રકારના ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર તા.૮/૧/૨૦૨૭ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા માટે સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાતુ હોય જેથી નીચે મુજબની વિગતે ઉક્ત વાહનોની અવર-જવર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અ.નં. | ભારે તથા મધ્યમ પ્રકારનાં ભારવાહક તથા પેસેન્જર વાહનો માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧ | વિશાલા સર્કલ થી પીરાણા સર્કલ વાળો શાસ્ત્રી બ્રિજના બંને છેડાનો ૫૦૦ મીટરનો એમ કુલ ૪ કિલોમીટર જેટલો માર્ગ ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | ૧. લાંભા જશોદાનગર તથા બરોડા એક્સપ્રેસ વે તરફથી આવતો ટ્રાફિક પીરાણા જંકશનથી જમણી બાજુ વળી પીરાણા ડમ્પીંગ યાર્ડ થઈ કેલિકો મીલ બહેરામપુરા ચાર રસ્તા થઈ ડાબી બાજુ વળી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર બ્રિજ થઈ અંજલી ચાર રસ્તા થઈ ડાબી બાજુ વાસણા વિશાલા વાળા માર્ગે જઈ શકશે.<br>૨. સરખેજ જુહાપુરા તરફથી આવતો ટ્રાફિક વાસણા રોડ અંજલી ચાર રસ્તા થઈ જમણીબાજુ વળી ડૉક્ટર બાબા સાહેબ આંબેડકર બ્રિજ થઈ બહેરામપુરા ચાર રસ્તા કેલિકો મિલથી જમણી બાજુ વળી પીરાણા ડમ્પીંગ યાર્ડ થઈ પીરાણા જંકશન થઈ મુખ્ય માર્ગ ઉપર જશોદાનગર લાંભા બરોડા એક્સપ્રેસ રોડ તરફ જઈ શકશે. |

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૯/૨/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૮/૧/૨૦૨૭ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૭/૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**જી. એસ. મલિક,**
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

---

**:- જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૦૮/૨૦૨૬.—માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઇઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઇ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી. એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ

કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/ પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

**-: અપવાદ :-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

**-: વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૨૭/૦૧/૨૦૨૬ ના કલાક ૧૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**-: શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

---

**વંચાણે લીધા:-** જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર કચેરીના પત્ર ક્રમાંક નં.અગ્રાવિ/CET/પરીક્ષા/-૨૦૨૬/૧૧૦૯/૧૧ તા.૨૮/૦૧/૨૦૨૬ આધારે.

**:- જાહેરનામું -:**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.**

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૦૯/૨૦૨૬.-રાજય પરીક્ષા બોર્ડ, દ્વારા કોમન પ્રવેશ (CET) ની પરીક્ષા અમદાવાદ શહેરના (૧) ગુરૂશ્રી ધર્મદાસજી મહારાજ માધવ વિદ્યાલય પ્રણામીનગર વસ્ત્રાલ રોડ, અમદાવાદ (૨) તત્વમસી વિધ્યાલય મહાકાળી મંદિર પાસે સોલા રોડ, ઓગણેજ અમદાવાદ (૩) સત્વ ઇન્ટરનેશનલ સ્કુલ ગુજ. સ્વપ્નીલ હોમેસ્ટ સામે, સીંગરવા અમદાવાદ (૪) અર્પણ વિદ્યાલય નિશાંત ચોકડી રોડ, વસ્ત્રાલ, અમદાવાદ ખાતેના કેન્દ્રો ઉપર આગામી તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૩/૦૦ થી ૧૫/૩૦ દરમ્યાન યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રો પર નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-:પ્રતિબંધિત વિસ્તાર:-**

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

**-:પ્રતિબંધિત કૃત્યો:-**

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

**-:અપવાદ:-**

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

**-:સમયગાળો:-**

આ હુકમ તા.૩૧/૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૧/૦૦ થી કલાક ૧૭/૩૦ સુધી અમલમાં રહેશે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૩૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

**જી.એસ. મલિક,**
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

---

**જાહેરનામું**

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૫/૨૦૨૬-હું, શરદ સિંઘલ,IPS, ઇ/ચા.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૧૫/૨/૨૦૨૬ ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ, પશ્ચિમના માર્ગ ઉપર 'કે.ડી.અમદાવાદ મેરેથોન દોડ' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા. ૧૫/૨/૨૦૨૬ ના રોજ લોકોમાં આરોગ્ય તથા તંદુરસ્તીની જાગરૂકતા લાવવા સાબરમતી રિવરફ્રન્ટ, પશ્ચિમના માર્ગ ઉપર 'કે.ડી.અમદાવાદ મેરેથોન દોડ' નું આયોજન કરવામાં આવનાર હોય જે મેરેથોન દોડ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | વાડજ સ્મશાનગૃહ કટ થી પશ્ચિમનો રીવરફ્રન્ટ રોડ આંબેડકર બ્રિજ સુધીનો બન્ને તરફનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | વાડજ સ્મશાન ગૃહ કટ થઇ વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રીજ મધ્યભાગ થઈ બાટા શો-રૂમ ચાર રસ્તા થઇ ડીલાઇટ ચાર રસ્તા થઇ નહેરુબ્રિજ ચાર રસ્તા થઇ ટાઉન હોલ ચાર રસ્તા થઇ અંજલી ચાર રસ્તા તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ** : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૫/૨/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૩.૦૦ થી સવાર કલાક ૧૧.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૪/૨/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**શરદ સિંઘલ,**
ઇ/ચા. પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

---

**:- જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક: વિશેષ શાખા/એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૧૦/૨૦૨૬.-માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૧૪,૧૫/૦૨/૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઇઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઇ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી. એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઇ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/ પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

**-: અપવાદ :-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

**-: વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૧૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૮/૦૦ થી તા.૧૫/૦૨/૨૦૨૬ ના કલાક ૨૨/૦૦ સુધી અમલમાં રહેશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

---

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧**

ક્રમાંક: ક.૨/મહેકમ-૧/મેટ્રો /૧૨૨/૨૦૨૬.-ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ. ને ગુજરાત રાજ્યમાં મેટ્રો રેલ નેટવર્કના નિર્માણ તથા જાળવણીની જવાબદારી સોંપવામાં આવેલ છે. હાલની સ્થિતિ મુજબ, કાર્યરત મેટ્રો રેલ નેટવર્ક ૬૦ કિ.મી.થી વધુ વિસ્તાર સુધી વિસ્તરેલું છે. વધુમાં, મેટ્રો નેટવર્કના વિસ્તરણ સાથે મેટ્રોની ટ્રેનોની અંદર તથા મેટ્રો પરિસરમાં ગુનાખોરી તથા કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થવાની સંભાવના પણ વધેલી છે. મેટ્રો કોરિડોર અનેક સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં ફેલાયેલ હોવાથી, કોઇપણ ઘટનાની પરિસ્થિતિમાં પરસ્પર સંકલન કરવું મુશ્કેલ બને છે અને પ્રતિસાદ આપવામાં વિલંબ થવાની શક્યતા રહે છે. મેટ્રોમાં કાયદો-વ્યવસ્થા સંબંધિત કોઇપણ પરિસ્થિતિ અથવા અનિચ્છનિય ઘટનાના સમયે અસરકારક સંકલન, સરળ સંચાર તથા ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત કરવા માટે તેમજ વહીવટી અનુકુળતા તથા સામાન્ય જનતાની સુગમતા માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૧૨ થી મળેલ સત્તાની રૂએ હું જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અમદાવાદ કમિશનરેટ વિસ્તાર માટે નીચે મુજબ હુકમ કરું છું.

(૧) મેટ્રોની ટ્રેનોની અંદર ચોરી, મારામારી/હુમલો, ધાડ-લુંટ, ખુન, ઠગાઈ, છેડતી, જાતીય સતામણી, અશ્લીલ વર્તન, જાહેર સંપત્તિને નુકશાન, જાહેર શાંતિ ભંગ, ગેરકાયદે પ્રવેશ, પ્રતિબંધિત/શંકાસ્પદ વસ્તુઓનો ઉપયોગ તથા માલવહન, કર્મચારીને ફરજ બજાવવાથી અટકાવવું વગેરે જેવા ફોજદારી ગુના તથા

(૨) મેટ્રોની કોઈપણ સંપત્તિ જેવી કે બિલ્ડિંગ, પ્લેટફોર્મ, વાયર વગેરેને નુકશાન તેમજ ચોરી અંગેના ગુના નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબ સેક્ટર-૧ના હદ વિસ્તાર માટે પાલડી પોલીસ સ્ટેશન ખાતે તથા સેક્ટર-૨ના હદ વિસ્તાર માટે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધવાના રહેશે.

વધુમાં, ઉપર જણાવ્યા સિવાયની અન્ય તમામ પરિસ્થિતિ માટે ગુના જે-તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જ નોંધવાના રહેશે. (દા.ત. પ્લેટફોર્મ ઉપર મારામારીના બનાવ વગેરે)

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

| અ.નં. | સેક્ટર | ઝોન | સેક્ટર/ઝોન વાઇઝ પોલીસ સ્ટેશન | મેટ્રો ટ્રેનની અંદર તથા મેટ્રોની સંપત્તિ બાબતે ઉપર જણાવ્યા મુજબના ગુના નોંધવાનું પોલીસ સ્ટેશન |
|---|---|---|---|---|
| ૧ | સેક્ટર-૧ | ઝોન-૧ | વસ્ત્રાપુર પો.સ્ટે. | પાલડી પોલીસ સ્ટેશન |
| | | | સોલા પો.સ્ટે. | |
| | | | ઘાટલોડીયા પો.સ્ટે. | |
| | | | ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે. | |
| | | | નારણપુરા પો.સ્ટે. | |
| | | | નવરંગપુરા પો.સ્ટે. | |
| | | | સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે. | |
| | | | વાડજ પો.સ્ટે. | |
| | | ઝોન-૭ | એલિસબ્રિજ પો.સ્ટે. | |
| | | | સરખેજ પો.સ્ટે. | |
| | | | વાસણા પો.સ્ટે. | |
| | | | વેજલપુર પો.સ્ટે. | |
| | | | બોડકદેવ પો.સ્ટે. | |
| | | | આનંદનગર પો.સ્ટે. | |
| | | | પાલડી પો.સ્ટે. | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સેટેલાઈટ પો.સ્ટે. | |
| | | ઝોન-૩ | ચાંદખેડા પો.સ્ટે. | |
| | | | માધવપુરા પો.સ્ટે. | |
| | | | રાણીપ પો.સ્ટે. | |
| | | | સાબરમતી પો.સ્ટે. | |
| | | | સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ પો.સ્ટે. | |
| | | | કારંજ પો.સ્ટે. | |
| | | | શાહપુર પો.સ્ટે. | |
| | | | કાલુપુર પો.સ્ટે. | |
| | | | શહેરકોટડા પો.સ્ટે. | |
| | | | ગાયકવાડ હવેલી પો.સ્ટે. | |
| | | | ખાડીયા પો.સ્ટે. | |
| ૨ | સેક્ટર-૨ | ઝોન-૪ | દરિયાપુર પો.સ્ટે. | ખોખરા પોલીસ સ્ટેશન |
| | | | શાહીબાગ પો.સ્ટે. | |
| | | | એરપોર્ટ પો.સ્ટે. | |
| | | | કૃષ્ણનગર પો.સ્ટે. | |
| | | | મેઘાણીનગર પો.સ્ટે. | |
| | | | નરોડા પો.સ્ટે. | |
| | | | સરદારનગર પો.સ્ટે. | |
| | | ઝોન-૫ | બાપુનગર પો.સ્ટે. | |
| | | | ગોમતીનગર પો.સ્ટે. | |
| | | | રખિયાલ પો.સ્ટે. | |
| | | | અમરાઈવાડી પો.સ્ટે. | |
| | | | ખોખરા પો.સ્ટે. | |
| | | | નિકોલ પો.સ્ટે. | |
| | | | ઓઢવ પો.સ્ટે. | |
| | | | રામોલ પો.સ્ટે. | |
| | | ઝોન-૬ | ઈસનપુર પો.સ્ટે. | |
| | | | મણીનગર પો.સ્ટે. | |
| | | | વટવા પો.સ્ટે. | |
| | | | વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે. | |
| | | | દાણીલીમડા પો.સ્ટે. | |
| | | | કાગડાપીઠ પો.સ્ટે. | |
| | | | નારોલ પો.સ્ટે. | |

આજ રોજ તા.૧૨/૦૨/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

-----------------------------

## જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક /દ/૨૦૨૬.-હું, જી. એસ. મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) થી મળેલ સત્તા અન્વયે અમદાવાદ શહેરના અમરાઈવાડી ખાતે જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવવાના માર્ગ ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા પોલીસ આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવનાર હોય જેથી આ જગ્યા ખાતેથી પસાર થતા રાહદારી અને મુસાફરી કરતાં નાગરીકો સહીત જાહેર જનતાને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં અમરાઈવાડી ખાતે પોલીસ આવાસો કક્ષા બી-૨૪૦ (બી+પી+૧૦) તથા સી-૨૮ (પી+૭) આવાસોનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા શરુ કરવામાં આવનાર છે. સદર પોલીસ લાઈનમાં હયાત તમામ જમીન ઉપર તમામ મકાનોના બેઝમેન્ટ સહિત બાંધકામ હાથ ધરવામાં આવનાર છે. આ બાંધકામ સારુ ઈજારદારશ્રી દ્વારા માલસામાન જેવી કે, રેતી, કપચી, સ્ટીલ તથા આર.એમ. સી. પ્લાન્ટ (કોન્ક્રીટ મીક્ષીંગ પ્લાન્ટ) પણ ઈન્સ્ટોલ કરવામાં આવનાર છે. સદર જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવવાના રોડ પરથી જો વાહન વ્યવહાર ચાલુ રાખવામાં આવે તો બાંધકામના કારણે અકસ્માત થવાની સંભાવના રહેલી છે. જેથી નાગરિકોની સુરક્ષા માટે તેમજ બાંધકામ માટે જરૂરી જગ્યાના અભાવના કારણે નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | રાહદારી તથા વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | અમદાવાદ શહેરના અમરાઈવાડી ખાતે જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવવાનો માર્ગ રાહદારી તથા વાહન વ્યવહારની અવર જવર માટે બંધ રહેશે. | ● જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરના આવાસના મકાનના રહિશો તેમની સોસાયટીના પાછળના દરવાજાનો ઉપયોગ કરી શકે છે.<br>● ગુલાબનગર અને એપરલ પાર્ક અમરાઈવાડી પોલીસ સ્ટેશન આવતા વાહનો સરસ્વતી ગૃપ ટ્યુશનથી જમણી બાજુ વળી જોગણી માતાના મંદિર પાસેથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવી શકે છે.<br>● સ્વસ્તિક ચાર રસ્તા તરફથી આવતા વાહનો અમરાઈવાડી પોસ્ટ ઓફિસથી જમણી બાજુ વળી જોગણી માતાના મંદિર પાસેથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવી શકે છે. |

**અપવાદ :** ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૦/૨/૨૦૨૬ થી તા.૧૯/૨/૨૦૨૮ સુધી (૨-વર્ષ સુધી) કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંદન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૧૯/૨/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

----------------------------

## જાહેરનામુ

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૬૧૬/૨૦૨૬.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૦૬/૦૨/૨૦૨૬ના કલાક:૦૧/૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૬ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:: વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

**-:: શિક્ષા ::-**

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૬૧૭/૨૦૨૬.—વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: અપવાદ :-**

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

**-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૦૬/૦૨/૨૦૨૬ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૦/૦૨/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૦૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે**

ક્રમાંક:G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૬૧૮/૨૦૨૬.–(૧) ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| **ભાડે/વેચાણ લઈ જનારની વિગત** | | | | | | **સાધનોની વિગત** | | **વિગત** | | **ભાડે લઈ જનારની સહિ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ. | મો.નં. | હેતુ | વિસ્તાર | આઈ.ડી. પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૦૬/૦૨/૨૦૨૬ના કલાક ૦૧:૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

------------------------

**:: જાહેરનામું ::**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે કાઢેલ. :**

ક્રમાંક :G/CP/વિ.શા./ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૬૧૯/૨૦૨૬.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ DB(A) Leq | |
|---|---|---|---|
| | | સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦ | રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦ |
| એ | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી | વાણિજય | ૬૫ | ૫૫ |
| સી | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

**તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

**-:: હુકમ ::-**

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-:અમલવારીનો સમય:-**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૦૬/૦૨/૨૦૨૬ના કલાક:૦૧:૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-: પ્રતિબંધિત કૃત્ય :-**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાર્ન્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ :**-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ:**-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઇપણ સંજોગોમાં કોઇપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૦૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૬૨૦/૨૦૨૬.—પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૦૬/૦૨/૨૦૨૬ના કલાક ૦૧:૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-: અમલવારીનો વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ્માં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

**નરસિમ્હા કોમાર,**
પોલીસ કમિશનર,
વડોદરા શહેર

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./ પરીક્ષા જાહેરનામું/૬૮૧/૨૦૨૬.-વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં National Testing Agency(NTA) દ્વારા National Institute Of Fashion Technology Entrance Exam-2026 ની પરીક્ષા તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ કુલ - ૦૧ કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલમાં લેવામાં આવનાર પરીક્ષા કેન્દ્રની યાદી પેટામાં સામેલ છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ સરળ પરીક્ષાના સંચાલન માટે કેટલીક પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશ્નર વડોદરા શહેર, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીના પત્ર ક્રમાંક જી-૧/એસસીઆર/સલામતી/૩૭૧/૨૦૨૬ તા.૦૬/૦૨/૨૦૨૬ આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી /૬/ ફક/૧૦૮૮/૬૭૫૦/મ. જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એક્ઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસ દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-: પ્રતિબંધીત કૃત્યો :-**

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ/હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ તથા National Institute Of Fashion Technology Entrance Exam-૨૦૨૬ (પરીક્ષાના દિવસ દરમયાન) સવાર ક.૦૭/૦૦ થી ક.૧૯/૩૦ સુધી પરીક્ષા કેન્દ્ર ની અંદર કોઈ પણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ,બ્લુટુથ,કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઇ નહી તે માટે સવારે ક.૦૭/૦૦ થી ક.૧૯/૩૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બીનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

**-: પરીક્ષા કેન્દ્ર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ પરીક્ષા કેન્દ્રોની શાળા/હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પરીક્ષા કેન્દ્રનું નામ | તારીખ | સમય | પો.સ્ટે. |
|---|---|---|---|---|
| ૧ | પૂર્વી આઈડ્યાસ ઈન્ફોટેક પ્રા.લિ. 3rd ફ્લોર પ્રમુખ બજાર, ટ્રી હાઉસ હાઈસ્કુલ સામે, બિલ રોડ, અટલાદરા. | તા.૦૮/૦૨/૨૦૨૬ | ક.૦૯/૦૦ થી ક.૧૨/૦૦ તથા ક.૧૪/૩૦ થી ક.૧૭/૩૦ | અટલાદરા |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ વિસ્તારમાં National Testing Agency (NTA) દ્વારા અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

**:-સમયગાળો:-**

આ હુકમ પરીક્ષાના દિવસ તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ National Institute Of Fashion Technology Entrance Exam-2026 ની પરીક્ષા ક.૦૭/૦૦ થી ક.૧૯/૩૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :૦૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૭૮૫/૨૦૨૬.-વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં COUNCIL FOR THE INDIAN SCHOOL CERTIFICATE EXAMINATIONS ન્યુ દિલ્હી દ્વારા ICSE (Class X) Exam-2026 ની પરીક્ષા તા.૧૭/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૦૩/૨૦૨૬ સુધી તથા ISC (Class XII) Exam-2026 ની પરીક્ષા તા.૧૨/૦૨/૨૦૨૬ થી તા.૦૬/૦૪/૨૦૨૬ સુધી કુલ - ૦૧ કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલમાં લેવામાં આવનાર પરીક્ષા કેન્દ્રની યાદી પેટામાં સામેલ છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ સરળ પરીક્ષાના સંચાલન માટે કેટલીક પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર વડોદરા શહેર, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીના પત્ર ક્રમાંક જી-૧/એસસીઆર/સલામતી/૨૦૬/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬ આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી /૬/ ફક/૧૦૮૮/૬૭૫૦/મ. જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-: પ્રતિબંધીત કૃત્યો :-**

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો ( સ્કુલ/હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૧૭/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૦૩/૨૦૨૬ સુધી તથા ISC (Class XII) Exam-2026 ની પરીક્ષા તા.૧૨/૦૨/૨૦૨૬ થી તા.૦૬/૦૪/૨૦૨ના રોજ (પરીક્ષાના દિવસો દરમયાન) સવાર ક.૦૭/૦૦ થી ક.૧૬/૦૦ સુધી પરીક્ષા કેન્દ્ર ની અંદર કોઈ પણ વ્યક્તિએ સેલ્યુલરફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ,બ્લુટુથ,કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઇ નહી તે માટે સવારે ક.૦૭/૦૦ થી ક.૧૬/૦૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બીનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

**-: પરીક્ષા કેન્દ્ર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ પરીક્ષા કેન્દ્રોની શાળા/હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કેન્દ્ર | પરીક્ષા | તારીખ | પો.સ્ટે. |
|---|---|---|---|---|
| ૧ | બિલ્લા બોન્ગ ઇન્ટરનેશનલ સ્કુલ, વડસર બ્રીજ પાસે વડોદરા શહેર | ICSE (Class X) Exam-2026 | તા. ૧૭/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૦૩/૨૦૨૬ ક.૦૯/૦૦ અને ક.૧૧/૦૦ | માંજલપુર |
| | | ISC (Class XII) Exam-2026 | તા. ૧૨/૦૨/૨૦૨૬ થી તા.૦૬/૦૪/૨૦૨૬ ક.૦૯/૦૦ અને ક.૧૪/૦૦ | માંજલપુર |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ વિસ્તારમાં COUNCIL FOR THE INDIAN SCHOOL CERTIFICATE EXAMINATIONS ન્યુ દિલ્હી દ્વારા અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

**:-સમયગાળો:-**

આ હુકમ પરીક્ષાના દિવસો દરમ્યાન તા.૧૨/૦૨/૨૦૨૬ થી તા.૦૬/૦૪/૨૦૨૬ના ક.૦૭/૦૦ થી ક.૧૬/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :૧૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**નરસિમ્હા કોમાર,**
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

---

**વંચાણે લીધુ:-** ગુજરાત સરકાર ગૃહ વિભાગ ઠરાવ ક્રમાંક;વસફ/૧૦૨૦૨૬/૩૭૭/ડ સચિવાલય, ગાંધીનગર, તા.૦૭/૦૨/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક:જી/સીપી/વિ.શા./સ્મોકીંગ એસેસરીઝ/૮૯૯/૨૦૨૬.-વિવિધ સામાજિક સંગઠનો, અલગ અલગ જનસમુદાયના મુલાકાતીઓ, સમાચારપત્રો તેમજ સોશિયલ મિડીયા મારફતે મળતી રજુઆતો મુજબ રાજયમાં સગીર/યુવાનો દ્વારા ચરસ, ગાંજો વિગેરે જેવા નશીલા પદાર્થોના સેવન માટે સ્મોકીંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર/સ્મોકીંગ કોનનો ઉપયોગ કરવામાં આવે છે.

રાજયના ફોરેન્સિક સાયન્સ નિયામકના અભિપ્રાય મુજબ વનસ્પતિજન્ય (Plant based) નાર્કોટીક પદાર્થોના ધુમ્રપાન દ્વારા સેવન (inhalation via Smoking) માટે ઉપરોકત પેપર આધારિત સ્મોકીંગ એસેસરીઝ Drug Paraphernalia તરીકે કાર્ય કરે છે. જેને લીધે ડ્રગનું ઝડપી શોષણ (Absorption) થવાથી વ્યકતિની ડ્રગ પર Dependence વધે. છે. તેમજ અચાનક વધુ માત્રા માં લેવાઇ જવાને (Accidental Overuse) શકયાતા પણ વધી જાય છે. રોલીંગ પેપરના બળવાથી ઝેરી પદાર્થ (Toxins) જેવા કે, Tar, Carbon Monoxide અને અન્ય Irritants પણ ઉત્પન થાય છે, જે ફેફસા અને કાર્ડિઓવેસ્કયુલર સિસ્ટમને નુકશાન પહોચાડી શકે છે.

આમ,આવી સ્મોકીંગ એસેસરીઝના સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી વ્યકતિગત, જનસમુદાય, તેમજ ખાસ કરીને યુવા પેઢી માટે ગંભીર ખતરો બની શકે તેમ છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ કૃત્યો પર વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છુ.

**: પ્રતિબંધિત કૃત્યો :**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમા સ્મોકીંગ એસેસરીઝ જેવી કે, રોલીંગ-પેપર/સ્મોકીંગ કોન વગેરે પેપર આધારિત સ્મોકીંગ એસેસરીઝ નુ ઓનલાઇન ઇ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા તેમજ પાન-પાર્લર, ચા ની દુકાનો, છુટક કરિયાણાની દુકાનો વિગેરેમાં થતા સંગ્રહ વેચાણ, વિતરણ કે હેરા-ફેરી ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો સમય તથા વિસ્તાર**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૨૧/૦૨/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૧/૦૪/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હે.કો તથા તેનાથી ઉપરના દરજજાના કોઈ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-----------------------------

**હુકમ**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક:G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૯૦૦/૨૦૨૬.-વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ગુજરાત માધ્યમિક (ગુ.મા) અને ઉચ્ચતર માધ્યમિક(ઉ.મા) શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦(SSC) અને ધો.૧૨ (સા.પ્ર./વિ.પ્ર) બોર્ડની પરીક્ષા તા.૨૬/૦૨/૨૦૨૬ થી ત.૧૮/૦૩/૨૦૨૬ ના ક.૧૦/૦૦ થી ક.૧૮/૩૦ વાગ્યા દરમ્યાન કુલ -૧૭૬ કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલમાં લેવામાં આવનાર પરીક્ષા કેન્દ્રની યાદી પેટામાં સામેલ છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ સરળ પરીક્ષાના સંચાલન માટે કેટલીક પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર વડોદરા શહેર, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો પત્ર ક્રમાંક/ક-૭/બોર્ડ/પરીક્ષા/૨૦૨૬/૭૬૧ તા.૦૯/૦૨/૨૦૨૬ આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી /૬/ ફક/૧૦૮૮/૬૭૫૦/૫. જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશ્નાર તથા નાયબ પોલીસ કમિશનર અને મદદનીશ પોલીસ કમિશનર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-: પ્રતિબંધીત કૃત્યો :-**

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે- તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ (પરીક્ષાના દિવસ દરમયાન) સવાર ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ સુધી પરીક્ષા કેન્દ્ર ની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ, બ્લુટુથ,કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમાં ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઇ નહી તે માટે સવારે ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બીનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

**-: પરીક્ષા કેન્દ્ર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ પરીક્ષા કેન્દ્રની શાળા/હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પરીક્ષા કેન્દ્ર | પો.સ્ટે. |
|---|---|---|
| 1 | વિદ્યુતબોર્ડ વિદ્યાલય પાદરા રોડ અકોટા | અકોટા |
| 2 | કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય અકોટા | અકોટા |
| 3 | ઉત્કર્ષ વિદ્યાલય, ગદાપુરા હરીનગર | અકોટા |
| 4 | શબરી વિદ્યાલય વાસણા રોડ | અકોટા |
| 5 | શબરી વિદ્યાલય | અકોટા |
| 6 | કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય | અકોટા |
| 7 | વિદ્યુત વિદ્યાલય, (ગુ,મા (. | અકોટા |
| 8 | ઉત્કર્ષ વિદ્યાલય | અકોટા |
| 9 | વિદ્યુત વિદ્યાલય (.મા.અં) | અકોટા |
| 10 | ગુજરાત પબ્લીક સ્કુલ અકોટા | અટલાદરા |
| 11 | BAPS સ્વામિનારાયણ વિદ્યા મંદિર, અટલાદરા | અટલાદરા |
| 12 | જ્ઞાનયજ્ઞ વિદ્યા મંદિર | અટલાદરા |
| 13 | ગુજરાત પબ્લીક સ્કુલ | અટલાદરા |
| 14 | BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર,અટલાદરા | અટલાદરા |
| 15 | શ્રી અંબે વિધ્યાલય વાઘોડીયા રોડ (મા.ગુ) | કપુરાઇ |
| 16 | ઉમિયા વિદ્યાલય, ઉમા નગર | કપુરાઇ |
| 17 | કિરણ શેઠી શ્રી સ્વામી નારાયણ વિદ્યાલય તરસાલી | કપુરાઇ |
| 18 | ક્રિસ્ટલ સ્કુલ | કપુરાઇ |
| 19 | શ્રી અંબે વિદ્યાલય, વૈકુંઠ સોસા પાસે . | કપુરાઇ |
| 20 | નારાયણ ઇન્ટર નેશનલ સ્કુલ | કપુરાઇ |
| 21 | લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય હરણી રોડ | કારેલીબાગ |
| 22 | સરદાર વિનય મંદિર, કારેલીબાગ | કારેલીબાગ |
| 23 | શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય કારેલીબાગ | કારેલીબાગ |
| 24 | જીવન સાધના અંગ્રેજી માધ્યમ હાઇસ્કુલ ભૂતડીઝાંપા | કારેલીબાગ |
| 25 | ન્યું ઈરા ગર્લ્સ હાઈસ્કુલ ભુતડીઝાંપા | કારેલીબાગ |
| 26 | સરદાર વિનય મંદિર હાઇસ્કુલ | કારેલીબાગ |
| 27 | જીવન સાધના ગુજરાતી મીડીયમ | કારેલીબાગ |
| 28 | લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય સંગમ | કારેલીબાગ |
| 29 | શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય | કારેલીબાગ |
| 30 | ધ ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કુલ | કારેલીબાગ |
| 31 | જલારામ વિદ્યાલય | કારેલીબાગ |
| 32 | આર્ય કન્યા વિદ્યાલય | કારેલીબાગ |
| 33 | નેતાજી મોડેલ સ્કૂલ, સંગમ હરણી રોડ | કુંભારવાડા |
| .34 | નેતાજી મોડેલ સ્કૂલ, નાગેશ્વર મંદિર પાછળ | કુંભારવાડા |
| 35 | સંત કબીર વિદ્યાલય અંગ્રેજી માધ્યમ વાસણા રોડ | ગોત્રી |
| 36 | ગાયત્રી વિદ્યાલય ગોત્રી | ગોત્રી |
| 37 | રામેશ્વર વિદ્યાલય ગોત્રી રોડ | ગોત્રી |
| 38 | શ્રી ગાયત્રી વિદ્યાલય | ગોત્રી |
| 39 | સંત કબીર સ્કુલ | ગોત્રી |

| | | |
|---|---|---|
| 40 | એલેમ્બીક વિદ્યાલય ગોરવા રોડ | ગોરવા |
| 41 | સત્ય નારાયણ વિદ્યાલય ગોરવા | ગોરવા |
| 42 | તેજસ વિદ્યાલય સુભાનપુરા | ગોરવા |
| 43 | સી.એચ. વિદ્યાલય ગોત્રી | ગોરવા |
| 44 | સી.એચ. વિદ્યાલય | ગોરવા |
| 45 | વિદ્યા વિહાર હાઇસ્કુલ( રીલાયન્સ ફાઉંડેશન) | ગોરવા |
| 46 | સી.કે.પ્રજાપતિ વિધાલય, વિભાગ-૨, રીફાયનરી રોડ | ગોરવા |
| 47 | રીલાયન્સ ફાઉંડેશન, સુભાનપુરા | ગોરવા |
| 48 | એલેમ્બીક વિદ્યાલય, ગોરવા રોડ | ગોરવા |
| 49 | સત્યનારાયણ સ્કુલ, ગોરવા | ગોરવા |
| 50 | ગંગાબાઈ સાર્વજનીક હાઈસ્કુલ છાણી | છાણી |
| 51 | ગંગાબાઈ સાર્વજનિક હાઈસ્કુલ | છાણી |
| 52 | એમ.પી.પટેલ હાઇસ્કુલ | છાણી |
| 53 | એમ.પી. પટેલ હાઇસ્કુલ, દશરથ | છાણી |
| 54 | અથર્વ વિદ્યાલય, પ્રકૃતિ રીસોર્ટ, છાણી | છાણી |
| 55 | અથર્વ વિદ્યાલય, છાણી કેનાલ પાસે | છાણી |
| 56 | ગુજરાત પબ્લિક સ્કૂલ છાણી | છાણી |
| 57 | મહીરેવા હાઇસ્કુલ | જવાહરનગર |
| 58 | ગુજરાત રીફાઇનરી અંગ્રેજી માધ્યમ સ્કુલ | જવાહરનગર |
| 59 | વાકળ વિદ્યાલય યુનિટ-૧ બાજવા | જવાહરનગર |
| 60 | વાકળ વિદ્યાલય યુનિટ-૨ બાજવા | જવાહરનગર |
| 61 | ગુજરાત રીફાઇનરી ઇગ્લીશ મિડીયમ સ્કુલ,બાજવા | જવાહરનગર |
| 62 | મહિરેવા આદર્શ વિદ્યાલય, બાજવા | જવાહરનગર |
| 63 | ફેઝ સ્કુલ, કે.જી.એન. નગર સોસા., તાંદલજા | જે.પી |
| 64 | રાઇટ વે સ્કુલ | જે.પી |
| 65 | બેસીલ સ્કૂલ તાંદલજા રોડ વડોદરા | જે.પી |
| 66 | રાઇટ વે સ્કુલ, તાંદલજા | જે.પી. |
| 67 | નંદેસરી વિદ્યાલય નંદેસરી | નંદેસરી |
| 68 | બરોડા હાઈસ્કુલ બગીખાના | નવાપુરા |
| 69 | નવજીવન હાઈસ્કુલ બગીખાના | નવાપુરા |
| 70 | નવજીવન હાઇસ્કુલ | નવાપુરા |
| 71 | બરોડા હાઇસ્કુલ સિનીયર (બગીખાના) | નવાપુરા |
| 72 | શ્રી વલ્લભ વિધામંદીર ડભોઇ રીંગ રોડ | પાણીગેટ |
| 73 | સ્વામી વિવેકાનંદ વિદ્યાલય પરીવાર ચાર રસ્તા | પાણીગેટ |
| 74 | એસ.એસ.વી.સ્કુલ -૨ | પાણીગેટ |
| 75 | પરીવાર વિદ્યાલય આજવા રોડ | પાણીગેટ |
| 76 | શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય -૧ | પાણીગેટ |
| 77 | શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય -૨ | પાણીગેટ |
| 78 | એસ.એસ.વી.સ્કુલ | પાણીગેટ |
| 79 | પરિવાર વિદ્યાલય, પરિવાર ચાર રસ્તા | પાણીગેટ |
| 80 | મોટનાથ વિદ્યાલય, ઉમા ચાર રસ્તા પાસે | પાણીગેટ |
| 81 | કોન્વેન્ટ ઓફ જિસસ એન્ડ મેરી ગર્લ્સ સ્કુલ | ફતેગંજ |
| 82 | સંત જોશેફ હાઇસ્કુલ છાણી રોડ | ફતેગંજ |
| 83 | શ્રી તુલસીદાસ આર.પટેલ વિદ્યાલય | ફતેગંજ |

| | | |
|---|---|---|
| 84 | વેબ મેમોરીયલ સ્કુલ, ફતેગંજ | ફતેગંજ |
| 85 | અક્ષર પબ્લિક સ્કૂલ, કદમનગર ન્યુ સમા રોડ | ફતેગંજ |
| 86 | કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી ગર્લ્સ સ્કુલ | ફતેગંજ |
| 87 | સંત જોષેફ સ્કુલ, ફતેગંજ | ફતેગંજ |
| 88 | વેબ મેમોરીયલ સ્કુલ | ફતેગંજ |
| 89 | હેવન વિદ્યાલય વાઘોડીયા રોડ | બાપોદ |
| 90 | સરદાર વલ્લભભાઈ વિદ્યાલય આજવા રોડ | બાપોદ |
| 91 | શિવમ વિદ્યાલય, આજવા રોડ | બાપોદ |
| 92 | સરદાર વલ્લભભાઇ પટેલ વિદ્યાલય | બાપોદ |
| 93 | એસ.એસ.વી.સ્કુલ, યુનિટ - ૨ | બાપોદ |
| 94 | રઘુકુલ વિદ્યાલય | બાપોદ |
| 95 | એસ.ડી પટેલ વિદ્યાલય | બાપોદ |
| 96 | એસ.એસ.વી.સ્કુલ -૩, બાપોદ | બાપોદ |
| 97 | એસ.ડી. પટેલ વિદ્યાલય, આજવા રોડ | બાપોદ |
| 98 | એસ.એસ.વી.સ્કુલ, યુનિટ- ૧ | બાપોદ |
| 99 | ન્યુ ઈરા હાઈસ્કુલ મકરપુરા | મકરપુરા |
| 100 | સંત બેસીલ સ્કુલ જામ્બુવા | મકરપુરા |
| 101 | શ્રેયસ વિદ્યાલય માંજલપુર | મકરપુરા |
| 102 | બરોડા હાઇસ્કુલ તરસાલી | મકરપુરા |
| 103 | શાંતિનીકેતન વિદ્યાલય, માણેજા, મકરપુરા | મકરપુરા |
| 104 | બરોડા હાઇસ્કુલ ઓ.એન.જી.સી | મકરપુરા |
| 105 | શ્રેયસ હાઇસ્કુલ | મકરપુરા |
| 106 | ન્યુ ઈરા હાઈસ્કુલ | મકરપુરા |
| 107 | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય | મકરપુરા |
| 108 | શ્રીમતી એમ.સી.પટેલ ઉમા વિદ્યાલય મકરપુરા | મકરપુરા |
| 109 | ડોન બોસ્કો હાઈસ્કુલ મકરપુરા | માંજલપુર |
| 110 | ઓકઝેલિયમ કોન્વેન્ટ સ્કુલ મકરપુરા | માંજલપુર |
| 111 | શિવમ વિદ્યાલય માંજલપુર | માંજલપુર |
| 112 | યાન્શી હાઇસ્કુલ મકરપુરા | માંજલપુર |
| 113 | મહાત્મા ગાંધી વિદ્યાલય માંજલપુર | માંજલપુર |
| 114 | પંચશીલ વિદ્યાલય માંજલપુર | માંજલપુર |
| 115 | જય અંબે વિદ્યાલય માંજલપુર | માંજલપુર |
| 116 | શ્રી સ્વામી વિવેકાનંદ મકરપુરા | માંજલપુર |
| 117 | ડોન બોસ્કો હાઈસ્કુલ | માંજલપુર |
| 118 | ફોનિક્સ સ્કુલ | માંજલપુર |
| 119 | પંચશીલ હાઇસ્કુલ | માંજલપુર |
| 120 | અંબે વિદ્યાલય | માંજલપુર |
| 121 | શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય | માંજલપુર |
| 122 | ઓકઝેલીયમ કોન્વેન્ટ હાઇસ્કુલ | માંજલપુર |
| 123 | સ્ટેલામેરી સ્કૂલ, માંજલપુર | માંજલપુર |
| 124 | મહારાણી કન્યા વિદ્યાલય સુરસાગર | રાવપુરા |
| 125 | મહારાણી સ્કુલ(અં.મા) દાંડીયા બજાર | રાવપુરા |
| 126 | જેલ બિલ્ડીંગ | રાવપુરા |
| 127 | એચ.એસ.પટેલ હાઇસ્કુલ અકોટા | રાવપુરા |

| | | |
|---|---|---|
| 128 | વિધાકુંજ હાઈસ્કુલ અકોટા | રાવપુરા |
| 129 | મહારાણી કન્યા વિધાલય | રાવપુરા |
| 130 | એચ.એસ.પટેલ હાઇસ્કુલ | રાવપુરા |
| 131 | સેન્ટ્રલ જેલ | રાવપુરા |
| 132 | વિધાકુંજ હાઈસ્કુલ | રાવપુરા |
| 133 | શ્રી વિધામંદિર વિધાલય | લક્ષ્મીપુરા |
| 134 | શ્રી વિધા મંદિર વિધાલય | લક્ષ્મીપુરા |
| 135 | બેન્ઝામિન ધ વર્લ્ડ સ્કુલ, જુના જકાત નાકા | લક્ષ્મીપુરા |
| 136 | સયાજી બોયઝ હાઈસ્કુલ માંડવી | વાડી |
| 137 | ઝેનીથ હાઈસ્કુલ પ્રતાપનગર ડભોઈ રોડ | વાડી |
| 138 | સ્વામી વિધ્યાનંદજી વિધાવિહાર પ્રતાપનગર રોડ | વાડી |
| 139 | આર & કે પંડયા હાઈસ્કુલ ચિતેખાન ગલી | વાડી |
| 140 | એમ.ઇ.એસ.ગર્લ્સ હાઇસ્કુલ | વાડી |
| 141 | ઝેનીથ હાઇસ્કુલ | વાડી |
| 142 | સયાજી બોયઝ હાઈસ્કુલ | વાડી |
| 143 | આર & કે પંડયા હાઈસ્કુલ | વાડી |
| 144 | સ્વામી વિધાનંદજી વિધા વિહાર | વાડી |
| 145 | એમ.ઈ.એસ. હાઈસ્કુલ, મોગલવાડા, ગેંડીગેટ | વાડી |
| 146 | ગુરૂકુલ વિધાલય (યુનિટ-૧) વારસીયા રોડ | વારસીયા |
| 147 | ગુરૂકુલ વિધાલય (યુનિટ-૨) વારસીયા રોડ | વારસીયા |
| 148 | હરીસેવા ગર્લ્સ  હાઈસ્કુલ વારસીયા | વારસીયા |
| 149 | સાધુ વાસવાણી સ્કુલ | વારસીયા |
| 150 | શ્રી નારાયણ વિધાલય હરણી રોડ | વારસીયા |
| 151 | શ્રી નારાયણ વિધાલય વિધાલય | વારસીયા |
| 152 | વિધામંદીર વિધાલય, હરણી વારસીયા રીંગ રોડ | વારસીયા |
| 153 | ઉર્મી સ્કુલ અંગ્રેજી માધ્યમ ન્યુ. સમા રોડ | સમા |
| 154 | નવયુગ વિધાલય અંગ્રેજી માધ્યમ સ્કુલ | સમા |
| 155 | માર્ક ગેગોરીયલ મેમોરીયલ સ્કુલ ન્યું સમા રોડ | સમા |
| 156 | જીવન ચેતના વિધાલય | સમા |
| 157 | નુતન વિધાલય સમા | સમા |
| 158 | શ્રી ઉર્મી સ્કુલ | સમા |
| 159 | એમ.જી.એમ. વિધાલય | સમા |
| 160 | જીવનચેતના વિધાલય | સમા |
| 161 | રોઝરી હાઇસ્કુલ પ્રતાપગંજ | સયાજીગંજ |
| 162 | હિલ મેમોરીયલ હાઈસ્કુલ ફતેગંજ | સયાજીગંજ |
| 163 | બરોડા હાઇસ્કુલ અલકાપુરી | સયાજીગંજ |
| 164 | નવયુગ વિધાલય (અંગ્રેજી માધ્યમ) | સયાજીગંજ |
| 165 | બરોડા હાઇસ્કુલ, અલ્કાપુરી | સયાજીગંજ |
| 166 | રોઝરી હાઇસ્કુલ, પ્રતાપગંજ | સયાજીગંજ |
| 167 | હીલ મેમોરીયલ હાઇસ્કુલ | સયાજીગંજ |
| 168 | એમ.ઇ.એસ.બોયઝ હાઈસ્કુલ યાકુતપુરા | સીટી |
| 169 | વિનય વિધાલય, ફતેપુરા | સીટી |
| 170 | એમ.ઇ.એસ.બોયસ હાઇસ્કુલ | સીટી |
| 171 | વિનય વિધાલય | સીટી |

| | | |
|---|---|---|
| 172 | બ્રાઈટ ઈગ્લીસ સ્કુલ અંગ્રેજી માધ્યમ | હરણી |
| 173 | શ્રી જેશાહ બ્રાઇટ ડે સ્કુલ.આર. | હરણી |
| 174 | સર્વમંગલ સ્કુલ | હરણી |
| 175 | જે શાહ બ્રાઇટ ડે સ્કુલ.આર. | હરણી |
| 176 | બ્રાઇટ ઇંગ્લિશ સ્કુલ | હરણી |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ વિસ્તારમાં ગુજરાત માધ્યમિક (ગુ.મા) અને ઉચ્ચતર માધ્યમિક(ઉ.મા) શિક્ષણ બોર્ડ દ્વારા અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

**સમયગાળો**

આ હુકમ વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરીક્ષાના દિવસો દરમ્યાન તા.૨૬/૦૨/૨૦૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ ના ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

ક્રમાંક:G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૯૦૧/૨૦૨૬.–(૧) ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| ભાડે/વેચાણ લઈ જનારની વિગત | | | | | | સાધનોની વિગત | | વિગત | | ભાડે લઈ જનારની સહિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ. | મો.નં. | હેતુ | વિસ્તાર | આઈ.ડી. પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૨૧/૦૨/૨૦૨૬ના કલાક ૦૧:૦૦ થી તા.૦૭/૦૩/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

-----------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૯૦૨/૨૦૨૬.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: અપવાદ :-**

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

**-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૨૧/૦૨/૨૦૨૬ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૦૭/૦૩/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-----------------------

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૯૦૩/૨૦૨૬.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૨૬ના કલાક:૦૧:૦૦ થી તા.૦૭/૦૩/૨૦૨૬ ના કલાક:૨૪:૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:: વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

**-:: શિક્ષા ::-**

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

-----------------------

:: જાહેરનામું ::

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧) (એફ) અન્વયે કાઢેલ. :**

ક્રમાંક :G/CP/વિ.શા./ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૯૦૪/૨૦૨૬.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ DB(A) Leq | |
|---|---|---|---|
| | | સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦ | રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦ |
| એ | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી | વાણિજય | ૬૫ | ૫૫ |
| સી | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

**તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

**-:: હુકમ ::-**

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-:અમલવારીનો સમય:-**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૨૬ના કલાક:૦૧:૦૦ થી તા.૦૭/૦૩/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-: પ્રતિબંધિત કૃત્ય :-**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાર્ન્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ :**-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ:**-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઇપણ સંજોગોમાં કોઇપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૯૦૫/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા

પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૨૧/૦૨/૨૦૨૬ના કલાક ૦૧:૦૦ થી તા.૦૭/૦૩/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-: અમલવારીનો વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ્માં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહરેનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક :G/CP/વિ.શા./સાયકલ સ્કુટર જાહેરનામુ/૯૦૬/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો મુજબ (ભૂતકાળમાં જુદા-જુદા શહેરોમાં) આંતકવાદી હુમલાના બનાવો બનવા પામેલ છે, તે જોતાં આવા તત્વો પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બ બલાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યો ને અંજામ આપેલ છે. જેથી સાયકલ/ સ્કુટર ખરીદી માટે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ જેવા (દસ્તાવેજી પુરાવા) મેળવી ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર/સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ.નો પાર્સીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી, હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર, દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જયારે-જયારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ /સ્કુટર ખરીદનારાને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/ પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/ બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકરતાઓએ (વિક્રેતાઓ) મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર/ચેસીસ નંબર અવશ્ય લખવો.

**-: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :-**

આ હુકમનો અમલ તારીખ:૨૧/૦૨/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૧/૦૪/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ વાગ્યા સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનર થી અ.હે.કો. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક :જી/સીપી/વિ.શા./જળાશય/૯૦૭/૨૦૨૬.–તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવો, નહેર, દરીયામાં નહાવા પડેલા વ્યક્તિઓના ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ ખુબ જ ગંભીર બાબત છે. આ બાબતે વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા ગુજરાત સરકારના ગૃહ વિભાગ(વિશેષ), સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/૮૨, તા.૩૦/૦૫/૨૦૨૪ દ્વારા જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જેથી આવી જગ્યાઓએ કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તાત્કાલિક અસરથી જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

**હુકમઃ-**

વાસ્તે, હું નરસિમ્હા કોમાર (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, નીચે જણાવેલ જગ્યાઓએ નહાવા તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ભયજનક જળાશયો/તળાવ/નહેર |
|---|---|---|
| ૧ | હરણી | હરણી લેક્ઝોન (મોટનાથ તળાવ) હરણી |
| ૨ | હરણી | હરણી લેક્ઝોન તળાવ |
| ૩ | હરણી | હરણી ગામ તળાવ હનુમાન મંદિરજી સામે |
| ૪ | હરણી | ખોડીયાર નગર તળાવ |
| ૫ | હરણી | દરજીપુરા ગામ તળાવ |
| ૬ | હરણી | કોટાલી-સમા નર્મદા કેનાલ |
| ૭ | અટલાદરા | અટલાદરા તળાવ |
| ૮ | નંદેસરી | કોટણા (મહીસાગર નદીના કિનારે) |
| ૯ | નંદેસરી | મહોણી માતા મંદિર, અનગઢ ગામ (મહીસાગર નદીના કિનારે) |
| ૧૦ | નંદેસરી | મહીસાગર નદી, મહીસાગર માતાના મંદિર ફાજલપુર ખાતે |
| ૧૧ | સીટી | સરસીયા તળાવ, યાકુતપુરા, જોરાવરપીર દરગાહ સામે |
| ૧૨ | છાણી | છાણી તળાવ |
| ૧૩ | છાણી | આધા તલાવડી, છાણી |
| ૧૪ | છાણી | દશરથ તળાવ |
| ૧૫ | છાણી | મલાઇ તળાવ, દશરથ |
| ૧૬ | છાણી | પદમલા તળાવ રણછોડજી ના મંદિર પાસે, પદમલા |
| ૧૭ | છાણી | નાથા તલાવડી, પદમલા |
| ૧૮ | છાણી | મીની નદી |
| ૧૯ | લક્ષ્મીપુરા | લક્ષ્મીપુરા સ્મશાન પાસે આવેલ તળાવ |
| ૨૦ | લક્ષ્મીપુરા | અંકોડીયા રોડ પાસે આવેલ કેનાલ |
| ૨૧ | લક્ષ્મીપુરા | ગોત્રી-સેવાસી પાસે આવેલ કેનાલ |
| ૨૨ | જે.પી.રોડ | વિશ્વામીત્રી નદી, મુંજમહોડા ગામ |

| | | |
|---|---|---|
| ૨૩ | જે.પી.રોડ | તાંદલજા ગામ પાસે આવેલ તળાવ |
| ૨૪ | ફતેગંજ | છાણી કેનાલ(નહેર) |
| ૨૫ | રાવપુરા | સુરસાગર |
| ૨૬ | રાવપુરા | વિશ્વામિત્રી નદી |
| ૨૭ | વારસીયા | ધોબી તળાવ |
| ૨૮ | સમા | સમા તળાવ |
| ૨૯ | ગોત્રી | ગોત્રી તળાવ |
| ૩૦ | ગોત્રી | વાસણા તળાવ |

**અમલવારીનો સમય તથા વિસ્તાર**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૨૬ ના ક.૦૧:૦૦ થી તા.૨૧/૦૪/૨૦૨૬ ના ક.૨૪:૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**શિક્ષાઃ-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હે.કો.તથા તેનાથી ઉપરના દરજજાના કોઈ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**:: જાહેરનામું ::**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩ નો ક્રમાંક ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક :G/CP/વિ.શા./મકાન,દુકાન ભાડા જાહેરનામું/૯૦૮/૨૦૨૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થિતિથી માહિતગાર થઇ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકાર નાગૃહ વિભાગના તારીખ ૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:GG/૪૨૨/C.R.C./૧૦૮૨/M તથા ગૃહ વિભાગના તારીખ ૦૭/૧૧/૮૯ ના સંકલીત જાહેરનામા નંબર: GG/ફકઅ/૧૦૮૮ /૬૭૫૦/મ અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સતા આપેલ વ્યક્તિ મકાન/ દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાન/ દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમોના સંચાલકોએ માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનોને આપવાની રહેશે.

(૨) વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/દુકાન/ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમો ભાડે આપી શકે નહિ, હવે પછી મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન/દુકાન/ઓફિસના માલિકો તથા ઔદ્યોગિક એકમોના સંચાલકોએ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નુ. | વિગત | |
|---|---|---|
| ૧. | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમની વિગત, કયાં વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ | |
| ૨ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનુ નામ સરનામું ટેલી.નંબર | |
| ૩ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ. | |
| ૪ | જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ હાલનુ સરનામું ફોટા સાથે. | |
| ૫ | જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પુરુ નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધિઓના નામ, સરનામા | |
| ૬ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનુ નામ સરનામુ ટેલીફોન નંબર | |
| ૭ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સના કરારથી આપેલ છે કે કેમ? તેની વિગત | |

**:: નિયમો ::**

૧. આ ફોર્મ કાળી સહિવાળી પેનથી ભરવાનુ રહેશે.

૨. આ ફોર્મ સંપુર્ણ રીતે ભરીને મકાન માલીક અને ભાડુઆતે કલાક ૧૮:૦૦ થી કલાક ૧૯:૦૦ સુધી જેતે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનુ રહેશે.

૩. આ ફોર્મ સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. એક નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહિ સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.

૪. તમારી મિલકત કોઇનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલકત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનુ રહેશે.તે આ સાથે સામેલ કરવુ.

૬. ભાડે રાખનારે તેમનુ ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ઇલેક્શન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૭. જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ આ ફોર્મ ભરવાનુ રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

૮. આ સાથે રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૯. મિલકત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

૧૦. ઘણા કિસ્સામાં ધ્યાનમાં આવેલ છે કે કરાર મુજબ ભાડુઆત ૧૧ માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી જેથી કરાર મુજબ ભાડુઆત ૧૧ માસ બાદ જગ્યા/મિલકત ખાલી ન કરે ત્યારે મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની જવાબદારી રહેશે.

૧૧. બને ત્યાં સુધી આપની મિલકત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખીને આપવી.

૧૨. મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનુ નિશાન અને સહિઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનુ રહેશે.

| |
|---|
| એજન્ટનુ નામ શ્રી/શ્રીમતી... |
| એજન્ટનુ સરનામુ... |
| ફોંન નં (ઘર) (ઓફિસ) (મો.નં) |
| ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું. |
| (૧) |
| ફોનનં (ઘર) (ઓફિસ) (મો.નં) |
| (૨) |

<table>
<tr><td colspan="3">ફોનનં (ઘર) (ઓફિસ) (મો.નં)</td></tr>
<tr><td colspan="3">સાક્ષીની સહી</td></tr>
<tr><td>ભાડુઆતનો<br>પાસપોર્ટ<br>સાઇઝનો<br>ફોટો</td><td>એકમ,મકાન માલિકનો<br>પાસપોર્ટ<br>સાઇઝનો ફોટો</td><td>પોલીસ સ્ટેશન સહિ,<br>સિક્કો અને તારીખ</td></tr>
<tr><td>ભાડુઆતની સહી</td><td>એકમ, મકાન માલીકની સહી</td><td>એજન્ટની સહી</td></tr>
</table>

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તારીખ:૨૧/૦૨/૨૦૨૬ કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૧/૦૪/૨૦૨૬ના રોજ કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સંયુક્ત પોલીસ કમિશનર થી વિસ્તારમાં ફરજ બજાવતા મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :૧૯/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./કપલ બોક્ષ જાહેરનામું/૯૦૯/૨૦૨૬.–વડોદરા શહેરના ઘણા વિસ્તારમાં કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, વિગેરેની આડમાં એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ઉભા કરી તેમા અસામાજિક પ્રવૃતિઓ ચાલતી હોય છે. જેમાં અશ્લીલ કૃત્યો, નશીલા કેફી દ્રવ્યોનું સેવન થતું હોવાનું જણાઈ આવેલ છે. એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ની આડમાં ચાલતી પ્રવૃતિઓને કારણે નાની વયના યુવક-યુવતિઓ ભોગ બનતા હોય છે. જેનાથી મૃત્યુ, રેપ, અને બ્લેક મેઈલીંગના કિસ્સાઓ પણ બનતા હોય છે. જેથી તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) કોફી શોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, વિગેરે જગ્યાઓએ એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) કેબિન બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કોફી શોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, વિગેરે જેવી જગ્યાએ સ્પષ્ટ રીતે દેખાય તેવી બેઠક વ્યવસ્થા રાખવાની રહેશે.

(૩) ઉપરોક્ત તમામ જગ્યાઓએ સ્પષ્ટ દેખાય તે રીતે CCTV કેમેરા લગાડવાના રહેશે.

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૨૬ના ક.૦૧:૦૦ થી તા.૨૧/૦૪/૨૦૨૬ના ક.૨૪:૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ કમિશનરેટ, વડોદરા શહેરમાં ફરજ બજાવતા અનાર્મ હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૧૯/૦૨/૨૦૨૬નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**:: જાહેરનામું ::**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક :G/CP/વિ.શા./સ્પા,મસાજ પાર્લર જાહેરનામુ/૯૧૦/૨૦૨૬.–શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઇ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઇ આવેલ છે.

જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહીતી જેતે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, (I.P.S), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત સંપુર્ણ વિગત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| અ.નુ. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/ મસાજ પાર્લર, એકમનું નામ,માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર. | |
| ૨. | સ્પા/ મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની) | |
| | (૧) જો તેઓ ભારતીય હોય.તો તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું- | |
| | મુળ વતન નું સરનામું- | |
| | ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય. તો.<br>- તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલા છે.તેની વિગતઃ- | |
| | હાલનું સરનામું- | |
| | ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) | |
| | [સ્પા/ મસાજપાર્લર ચલાવનાર/ સંચાલક નો પાસપોર્ટ સાઇઝનો ફોટો.] [કામ કરતા કર્મચારી ઓનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો.] [પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ]<br>સ્પા/ મસાજપાર્લર ચલાવનારની સહી<br>કામકરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ- | |

| | | |
|---|---|---|
| ૩. | :: નિયમો ::<br>૧. આ વિગત કોરાકાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા /મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઇલેક્શન કાર્ડ, રજુ કરવાના રહેશે. | |

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૨૬ ના ક.૦૧:૦૦ થી તા.૨૧/૦૪/૨૦૨૬ના ક.૨૪:૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ કમિશનરેટ, વડોદરા શહેરમાં ફરજ બજાવતા અનાર્મ હે.કો તથા તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ :૧૯/૦૨/૨૦૨૬નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે

------------------------

**વંચાણે લીધું :-**

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક : VI-23014/209/IND/2018-VS, DATE : 10/05/2019

(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : SB-1/KAV/102019/GOI-175, DATE : 22/05/2019

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઇન્ટેલીજન્સ) ગુ. રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૧, તા.૦૧/૧૧/૨૦૨૧

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક : જી/સીપી/વિ.શા./ડ્રોન કેમેરા જાહેરનામું/૯૧૧/૨૦૨૬.– વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલા વાઇટલ ઇન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ V.V.I.P./V.I.P રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઇલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ, માઇક્રોલાઇટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઇડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઇને વડોદરા શહેરની સુરક્ષાને હાનિ પહોંચાડે તે શક્યતા નકારી શકાય નહીં. તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય, તેમજ લોકોના જાનમાલને નુકસાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV (Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરુ છું કે, નીચે જણાવેલ વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છુ.

**પ્રતિબંધિત કૃત્યો**

વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઇલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ, માઇક્રોલાઇટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઇડર ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે. તેના માલિકે આ U.A.V (Unmanned Aerial Vehicle) ની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતા અને ઉપયોગની વિગતો સાથે DGCA (DIRECTOR GENERAL CIVIL AVIATION) DIGITAL SKY એપ ઉપર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને જરૂરી વિગતો અપલોડ કરવાની રહેશે અને ડ્રોન રજિસ્ટર કર્યા અંગેની માહિતી જે તે વિસ્તારના પો. સ્ટે.માં આપવાની રહેશે અને એરપોર્ટ, આર્મી કેન્ટોનમેન્ટ, IOCL, RPCL ના ત્રણ કિલોમીટરના પરીઘમાં તેમજ વાઇટલ ઇન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરીઘમાં આવેલ જમીન ઉપરના ગ્રાઉન્ડ સ્ટેશનના ફીકસ્ડ પ્લેટફોર્મના વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) ''નો ફ્લાય ઝોન'' જાહેર કરૂ છું.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા વડોદરા શહેરના અત્રેની કચેરીના રેકર્ડ ઉપર સમાવિષ્ટ કરેલ રેડ ઝોન અને યલ્લો ઝોન મળી કુલ -૮૧ ઝોનના વિસ્તારોને અત્રેની કચેરીથી રીમોટલી પાઇલોટેડ એરક્રાફ્ટ સીસ્ટમ (RPAS) DRONE-UAV અંગેની ડાયરેકટર જનરલ સિવિલ એવિએશન, ભારતનાઓની ગાઇડલાઇન મુજબ DRONE-UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કોઇપણ સમયે DRONE-UAV ઉડાવવા માટે લાગતા વળગતા અરજદાર/ઓપરેટરશ્રીએ સંબંધિત કચેરી, વિભાગ તથા DIGITAL SKY (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલી વિગતે પરવાનગી લઇ DRONE-UAV ઉડાવવાની કાર્યવાહી કરવાની રહેશે. તેમજ ડ્રોન U.A.V (Unmanned Aerial Vehicle) નો ઉપયોગ કરતાં પહેલા ૨૪ કલાક અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઇન્ચાર્જશ્રીને જાણ કરવાની રહેશે.

**અમલવારીનો પિરિયડ અને વિસ્તાર**

આ હુકમનો અમલ તા.૨૧/૦૨/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૧/૦૪/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

**અપવાદ**

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**શિક્ષા**

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક :G/CP/વિ.શા./હોટલ લોજ બોર્ડીંગ જાહેરનામું/૯૧૨/૨૦૨૬.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે, માનવ જીદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે, જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે, તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહી.

૧ તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

૨ વિદેશી નાગરિકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસિડેન્સિયલ પરમિટની નકલ મેળવી રેકર્ડમાં રાખવી.

૩ વિદેશી નાગરિકને લગતા C-ફોર્મ નિયમ મુજબ C-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રિપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૪ અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

૫ વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવવા.

૬ વડોદરા શહેરમાં કંઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી.

૭ કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી

૮ હોટલ, લોજ, બોર્ડીંગમાં C.C.T.V. કેમેરાની વ્યવસ્થા રાખવી, C.C.T.V. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩)-માસ સુધી રાખવાના રહેશે.

૯ હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે, તદઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

**-: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :-**

આ હુકમ તારીખ:૨૧/૦૨/૨૦૨૬ ના ક.૦૧:૦૦ થી તારીખ:૨૧/૦૪/૨૦૨૬ ક.૨૪:૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:-૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**નરસિમ્હા કોમાર,**
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

**પોલીસ કમિશનર દ્વારા**

**:: જાહેરનામું ::**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ ::**

ક્રમાંક : એસ.બી./હથિયાર બંધી/૦૯ /૨૦૨૬.-સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્યો::**

(ક) કોઇપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લાવવા-લઇ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઇની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લાવવા લઇ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઇ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઇને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઇન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઇપણ વ્યક્તિનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઇપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**:: અપવાદ ::**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૧/૦૨/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૨૫/૦૨/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:-૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

---

## જાહેરનામું

### ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ.બી./હથિયાર બંધી/૦૯ /૨૦૨૬. - સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્યો::**

(ક) કોઇપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લાવવા-લઇ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઇની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઇ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઇ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઇને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઇન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઇપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઇપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**:: અપવાદ::**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૧/૦૨/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૨૫/૦૨/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:- ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

---

## :: હંગામી જાહેરનામું ::

### ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ.

ક્રમાંક:ટ્રાફિક/મેટ્રો રેલ જાહેરનામું/૨૪૬૩/૨૦૨૬-સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ્વે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલવે કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે ગુલેરમેક સેમ ઇન્ડિયા કંપની દ્વારા મેટ્રો રેલ્વેસ્ટેશન બનાવવાનુ કામ ચાલુમા હોય સેન્ટ્રલ વેરહાઉસ

અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના કામકાજવાળા માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધિત જાહેરનામાં ક્રમાંક:ટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/૧૩૩૭૮/૨૦૨૪ તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજથી એક વર્ષ માટે જાહેરનામાની મુદતમાં વધારો કરવામાં આવેલ જે જાહેરનામાની મુદત તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ પુર્ણ થયેલ જેથી પ્રેજેક્ટ મેનેજરશ્રી, ગુલેરમેક સેમ ઈન્ડીયા, સુરત નાઓએ સદર જાહેરનામાની મુદતમાં પુન: એક વર્ષ સુધીનો વધારો કરવા અંગે અરજી કરેલ છે. તે ધ્યાને લઈ તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના કામકાજવાળા માર્ગ ઉપર તમામ પ્રાકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

વાસ્તે હું. અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન, લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન અને કાપોદ્રા મેટ્રો સ્ટેશનના ચાલનાર ભાંધકામ અનુસંધાને તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબનો રસ્તો બંધ/ ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરેલ જેમાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી મુદતમાં વધારો કરવા અંગેનો હુકમ કરૂ છુ.

**હુકમ**

૧. સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમા છે જેથી લંબે હનુમાન રોડ જે.બી. ડાયમંડ સર્કલથી વસંતભીખાની વાડી સુધીનો રોડ બંધ રહેશે. સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે અવર-જવર કરવા માટે ૧.૫ મીટર જેટલો રસ્તો આપવામાં આવેલ છે.

૨. સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમા છે. જેથી જય ખેતલા આપા ટી સ્ટોલ રાજકોટવાલા પાસે માતાવાડી સર્કલથી લાભેશ્વર પોલીસ ચોકી સુધી લંબે હનુમાન રોડ બંધ રાખવામા આવેલ છે. સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવેલ છે.

૩. સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ કાપોદ્રા ખાતે અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનનું બાંધકામ ચાલુમા છે જેથી કલાકુંજ રોડ ફિનિક્ષ સર્કલથી ઝડફિયા સર્કલ સુધીનો રસ્તો બંધ રહેશે. સ્થાનિક લોકો તથા દુકાનદારો માટે ૦૪ મીટર જેટલો રસ્તો આપવામાં આવેલ છે.

**:: વૈકલ્પિક રૂટ::**

૧) સેન્ટ્રલ વેરહાઉસ અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, સુરત રેલ્વે સ્ટેશન તરફથી આવતા તમામ વાહનો (ફોર વ્હીલર્સ અને ટુ વ્હીલર્સ સિવાય) લંબે હનુમાન રોડ પર જે.બી. ડાયમંડ સર્કલ પર બેટરીમોલ ખાતેથી જમણી તરફ વળાંક ભેશે અને પછી IndiniYO ફેશન પર ડાબી બાજુએ વળી ત્રિકમનગર રોડ થઈને કાલિદાસ નગર ગણેશજી પંડાલ પાસે ડાબે વળી વાહનો બોમ્બે માર્કેટ રોડ થઈને લંબે હનુમાન રોડ પર વસંતભીખાની વાડી સર્કલ સુધી પહોંચી શકશે.

૨) વસંતભીખાની વાડી સર્કલ તરફથી આવતા વાહનો મેક્સ કોર્પોરેશન પાસે જમણી તરફ વળીને તેઓ સહકારી બેંક રોડ થઈને વરાછા મેઈન રોડ પર ડાબે વળી વરાછા મેઇન રોડ પર જય માતાજી ચા પાસે પોદાર આર્કેડથી ડાબે વળી વાહનો લંબે હનુમાન પોલીસ ચોકીથી ડાબે વળી થઈને જે.બી. ડાયમંડ સર્કલ સુધી પહોંચી શકશે. સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવશે.

૩) લાભેશ્વર ચોક અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, માતાવાડી સર્કલ તરફથી આવતા તમામ વાહનો ઈશ્વરકૃપા રોડથી જમણી તરફ વળશે અને પછી મોરલીધર મોબાઈલ પર ડાબી બાજુ વળી અને ડાહ્યાપાર્ક સોસાયટી રોડ થઈ ભવનાથ હોટલ પાસેથી ડાબે વળી ભરતનગર થઇ માતાવાડી સર્કલ સુધી જઈ શકશે.

૪) લાભેશ્વર પોલીસ ચોકી તરફથી આવતા વાહનો જમણી તરફ વળી અને લાભેશ્વર રોડ થઇ સદભાવના હોસ્પિટલ અને મેટરનિટી હોમથી ડાબે વળી વરાછા મેઇન રોડ પર આવશે અને ત્યારબાદ વરાછા મેઇન રોડ પર આવેલ પોશિયા ચિલ્ડ્રન હોસ્પિટલ પાસેથી ડાબે વળી વાહનો ભરતનગર રોડ થઈ માતાવાડી સર્કલ સુધી પહોંચી શકશે. સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૧.૫ મીટરનો રસ્તો આપવામાં આવશે.

૫) કાપોદ્રા અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર, હિરાબાગ અને કાપોદ્રા તરફથી આવતા વાહનો રચના સર્કલ તરફ જઈ અને લંબે હનુમાન રોડ થઈને વડવાળા સર્કલ થઇ અક્ષરધામ સોસાયટીથી ડાબે વળી વાહનો પુણાગામ રોડ થઈને કલાકુંજ રોડ પરના ઝડફિયા સર્કલ સુધી પહોંચી શકશે.

૬) ઝડફિયા સર્કલથી આવતા વાહનો જમણે બાજુ વળી ડી પુણાગામ રોડ થઈને કાપોદ્રા ફાયર સ્ટેશનથી ડાબે વળીને વરાછા મેઈન રોડ થઇને કાપોદ્રા સર્કલ પાસે ડાબે વળાંક લઈ રચના રોડ થઈને ફિનિક્ષ સર્કલ સુધી પહોંચી શકશે અને સ્થાનિક રહેવાસીઓ અને દુકાનદારોને અવર-જવર માટે ૦૪ મીટરનો રસ્તો આપવામાં આવશે.

**નોંધ: ઉપર્યુક્ત સમગ્ર માર્ગ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.**

**:: અપવાદ ::**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા અન્ય ઈમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઈઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

------------------------

**:: જાહેરનામું ::**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. -:**

જાહેરનામા ક્રમાંકઃ એસ.બી/ SSC/HSC -પરીક્ષા/ ૧૧/ ૨૦૨૬.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ આગામી તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી યોજાનાર છે. જે પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

**:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::**

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

**:: પ્રતિબંધિત વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

**SSC-પરીક્ષા કેન્દ્રો**

| અ.નં. | પરીક્ષા કેન્દ્રનું નામ(હાઈસ્કુલ) |
|---|---|
| ૧ | શ્રી કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૦૧ હીરાબાગ |
| ૨ | શ્રી કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૦૨ હીરાબાગ |

| | |
|---|---|
| ૩ | નવચેતન વિધાભવન, યુનીટ-૦૧ સંતોષી નગર, વરાછા રોડ |
| ૪ | શ્રી,આઇ,પી સવાણી હાઇસ્કુલ યુનિટ-૦૨ વર્ષા સોસા. માતાવાડી એલડોર ચએ. |
| ૫ | આદર્શ વિદ્યાલય ભરત નગર સોસા શેરી-૩ એલ.એચ.રોડ સુરત |
| ૬ | સુમન હાઈસ્કુલ નંબર-૨ મોહનભાઈની ચાલ  માતવાડી એલ.એચ. રોડ સુરત |
| ૭ | કૌશલમ ઇ- ટેક્નો.ઇન્ટરનેશનલ સ્કૂલ યુનિટ-૧, ગઢપૂર રોડ, પાસોદરા ચોક, સુરત. |
| ૮ | કૌશલમ ઇ- ટેક્નો.ઇન્ટરનેશનલ સ્કૂલ યુનિટ-૨, ગઢપૂર રોડ, પાસોદરા ચોક, સુરત. |
| ૯ | જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૧ એ.કે.રોડ વરાછા |
| ૧૦ | જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૨ એ.કે.રોડ વરાછા |
| ૧૧ | પી.પી.સવાણી વિદ્યાલય યુનિટ-૧ ધરતી નગર એ.કે.રોડ કાપોદ્રા સુરત |
| ૧૨ | સરસ્વતી વિધાલય ગુ.મી. એ.કે.રોડ વરાછા, સુરત |
| ૧૩ | આર.બી.ધામી વિદ્યાલય રામકૃપા સોસા. રચના સર્કલ એલ.એચ. રોડ સુરત |
| ૧૪ | સુમન હાઇસ્કુલ નં-.૯ વડવાળા સર્કલ ગોપાલચોક મુરઘા કેન્દ્રની બાજુમાં સુરત |
| ૧૫ | કૌશલ વિધાભવન યુનિટ-૦૧, પટેલ ફળિયા નાના વરાછા, સુરત |
| ૧૬ | કૌશલ વિધાભવન યુનિટ-૦૨, પટેલ ફળિયા નાના વરાછા, સુરત |
| ૧૭ | શિશુકુંજ હાઇસ્કુલ બાલમુકુંદ સોસા કારગીલ ચોક સુરત |
| ૧૮ | સંસ્કાર વિધાલય, સત્યનારાયણ સોસા. પુણાગામ સુરત |
| ૧૯ | જીવન જયોત વિદ્યાભવન શંકર પાર્વતી સોસાતોયજ નવજી. સર્કલ સુરત |
| ૨૦ | બી.ડી.વી. પીઠાવાલા યુનીટ-૦૧ માધ્યમીક શાળા , નાના વરાછા, સુરત |
| ૨૧ | બી.ડી.વી. પીઠાવાલા યુનીટ-૦૨ માધ્યમીક શાળા , નાના વરાછા, સુરત |
| ૨૨ | બી.ડી.વી. પીઠાવાલા યુનીટ-૦૩ માધ્યમીક શાળા , નાના વરાછા, સુરત |
| ૨૩ | સરદાર પટેલ વિદ્યાભવન , સિધ્ધાર્થ ટાઉનશીપ, નાના વરાછા સુરત |
| ૨૪ | અક્ષરદિપ હાઇસ્કુલ, નીલમ નગર, વિભાગ-૨ પુણા સીમાડા રોડ સુરત |
| ૨૫ | શ્રી ભગવતી વિદ્યાલય માધ્યમીક શાળા શ્યામધામ સંકુલ સોસાડોર ડામીસ ણુપ . |
| ૨૬ | આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા, યુનીટ-૦૧ BRTS રોડ સીમાડા નાકા, સુરત |
| ૨૭ | આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા, યુનીટ-૦૨ BRTS રોડ સીમાડા નાકા, સુરત |
| ૨૮ | આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા, યુનીટ-૦૩ BRTS રોડ સીમાડા નાકા, સુરત |
| ૨૯ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૧ પ્રમુખ છાયા સોસોમાસ ીન., યોગી ચોક થી પુણા ગામ રોડ, સુરત |
| ૩૦ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૨, પ્રમુખ છાયા સોસોમાસ ીન., યોગી ચોક થી પુણા ગામ રોડ, સુરત |
| ૩૧ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૩, પ્રમુખ છાયા સોસોમાસ ીન., યોગી ચોક થી પુણા ગામ રોડ, સુરત |
| ૩૨ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૪, પ્રમુખ છાયા સોસોમાસ ીન., યોગી ચોક થી પુણા ગામ રોડ, સુરત |
| ૩૩ | હરેક્રિષ્ના વિધાલય, યુનીટ-૦૧ પુણાગામ શિવદર્શન સોસા., સીમાડારોડ, સુરત |
| ૩૪ | હરેક્રિષ્ના વિધાલય, યુનીટ-૦૨ પુણાગામ શિવદર્શન સોસા., સીમાડારોડ, સુરત |
| ૩૫ | અક્ષરધામ હાઈસ્કૂલ, વિજયનગર સો.સા. વિભાગ-૨ પુણા સિમાડા રોડ, સુરત. |
| ૩૬ | સરસ્વતી વિદ્યાસંકૂલ યોગીનગર પુણા-સિમાડા રોડ યોગી ચોક સુરત |
| ૩૭ | સનગ્રેસ વિધાલય, એસ.પી. રોડ નં- ૦૨ ઊનધઉ રગન ગોધ, સુરત |
| ૩૮ | ટી.ડી.વશી સરસ્વતી વિદ્યાલય, સાઉથ ઝોનની બાજુમાં ઉધના, સુરત |
| ૩૯ | સુમન હાઇસ્કુલ નં.-૬ વિજય નગર-૨ હરીનગર-૨ ઉધના સુરત |
| ૪૦ | શ્રી શ્રેયસ વિધાલય, આશા નગર-૨ હરીનગર-૨ ઉધના સુરત |
| ૪૧ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૧ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૪૨ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૨ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |

| | |
|---|---|
| ૪૩ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૩ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૪૪ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૪ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૪૫ | સનરાઈઝ વિદ્યાલય, યુનિટ-૧, દક્ષેશ્વર મહાદેવ મંદિર બી.આર.સી. રોડ ઉધના, સુરત |
| ૪૬ | સનરાઈઝ વિદ્યાલય, યુનિટ-૨, દક્ષેશ્વર મહાદેવ મંદિર બી.આર.સી. રોડ ઉધના, સુરત |
| ૪૭ | સનરાઈઝ હાઈસ્કૂલ બી.આર.સી ટેમ્પલ સામે ઉધના, સુરત |
| ૪૮ | તારાવિદ્યા મંદિર હાઈસ્કુલ, રણછોડ નગર સોસા. જીવનજ્યોત સીનેમાની પાછળ ઉધના સુરત |
| ૪૯ | આર.એન. નાયક હાઇસ્કુલ, 214 રણછોડ નગર, સિટી શોપિંગ સેન્ટરની સામે, ઉધના, સુરત. |
| ૫૦ | રામક્રિષ્ના હિંદી વિદ્યાલય આર્શિવાદ ટાઉન શીપ વિભાગ-૧ ,૧૨૦ ફીટ બમરોલી રોડ ઉધાન સુરત |
| ૫૧ | જીવન વિકાસ હાઈસ્કૂલ , રામનગર-૨ બમરોલી રોડ ઉધના સુરત |
| ૫૨ | સુમન  હાલસ્કુલ નં-૦૫ જવાહર નગર ઉધના યાર્ડ લીંબાયત |
| ૫૩ | એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૧ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ |
| ૫૪ | એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૨ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ |
| ૫૫ | એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૩ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ |
| ૫૬ | સાર્વજનિક હાઈસ્કુલ, નીલગીરી સર્કલ નવાનગર લીંબાયત |
| ૫૭ | સુમન હાઇસ્કુલ નં-૦૭ રામેશ્વર નગર લક્ષ્મી નગર ફાટક પાસે લીંબાયત |
| ૫૮ | કરૂણા સાગર હિન્દી વિદ્યાલય અવધૂત સોસાયટી, ડુંભાલ, પર્વત પાટિયા, સુરત |
| ૫૯ | જ્ઞાનસાગર હિન્દી હાઇસ્કુલ વૃદાવન નગર ડીંડોલી સુરત |
| ૬૦ | સરસ્વતી વિદ્યામંદિર, શ્રીનાથજી સોસાયટી-૩, સપના પાન પાસે, ઉધના યાર્ડ, સુરત. |
| ૬૧ | શારદાયતન હિન્દી માધ્યામીક શાળા ઉમીયા નગર ગોડાદરા સુરત |
| ૬૨ | જ્ઞાનજયોત વિદ્યાલય   યુનિટ-૧  ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત |
| ૬૩ | જ્ઞાનજયોત વિદ્યાલય યુનિટ-૨  ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત |
| ૬૪ | જ્ઞાનજયોત વિદ્યાલય  યુનિટ-૩  ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત |
| ૬૫ | દિપદર્શન સેકન્ડરી સ્કુલ, યુનિટ-૧  દેલાડવા ગામ રોડ, ડીંડોલી, સુરત |
| ૬૬ | દિપદર્શન સેકન્ડરી સ્કુલ, યુનિટ-૨  દેલાડવા ગામ રોડ, ડીંડોલી, સુરત |
| ૬૭ | દિપદર્શન સેકન્ડરી સ્કુલ, યુનિટ-૩  દેલાડવા ગામ રોડ, ડીંડોલી, સુરત |
| ૬૮ | દિપદર્શન સેકન્ડરી સ્કુલ, યુનિટ-૪  દેલાડવા ગામ રોડ, ડીંડોલી, સુરત |
| ૬૯ | શારદા હિન્દી વિદ્યાલય રઘુકુલ નગર ટાંકી પાસે ડીડોલી, સુરત. |
| ૭૦ | શ્રી જવાહર વિદ્યાલય સણીયા કણદે ડીડોલી સુરત. |
| ૭૧ | વિદ્યાવિહાર સ્કુલ યુનિટ-૧ ઓમ નગર ખરવાસા રોડ ડીંડોલી સુરત |
| ૭૨ | વિદ્યાવિહાર સ્કુલ યુનિટ-૨ ઓમ નગર ખરવાસા રોડ ડીંડોલી સુરત |
| ૭૩ | શાંતીનીકેતન આઇડીએલ એકેડમી ડીંડોલી રોડ ઉધના સુરત |
| ૭૪ | વેદાન્તા ઇન્ટર નેશનલ સ્કુલ  (અં.મા) યુનિટ-૧ ઉમીયામાતા મંદીર પાસે ડીંડોલી સુરત |
| ૭૫ | વેદાન્તા ઇન્ટર નેશનલ સ્કુલ  (અં.મા) યુનિટ-૨ ઉમીયામાતા મંદીર પાસે ડીંડોલી સુરત |
| ૭૬ | સુમન હાઇસ્કુલ નં-૮ ગુજરાતી મિડીયમ ગાયત્રીનગર ડીંડોલી સુરત |
| ૭૭ | સન રાઇઝ વિદ્યાલય ઇ.મી. રામીપાર્ક સોસા. ડીડોલી સુરત. |
| ૭૮ | સન રાઇઝ વિદ્યાલય ગુ.મી. રામીપાર્ક સોસા. ડીડોલી સુરત. |
| ૭૯ | વેદાંત વિદ્યાપીઠ ,માનસરોવર સોસ. એસએમસી લેક ગાર્ડન સુરત |
| ૮૦ | અથર્વ ઇન્ટરનેશલ સ્કૂલ , યુનિટ-૧ પ્રયોશા સ્ટાર સર્કલ ડીંડોલી પો.સ્ટે.ની સામે સુરત |
| ૮૧ | અથર્વ ઇન્ટરનેશલ સ્કૂલ , યુનિટ-૨ પ્રયોશા સ્ટાર સર્કલ ડીંડોલી પો.સ્ટે.ની સામે સુરત |
| ૮૨ | જ્ઞાનભારતી હિંદી હાઈસેકેંડરી સ્કૂલ , અંબીકા નગર ડીંડોલી સુરત |

| | |
|---|---|
| ૮૩ | હેપ્પી વેલી ઈન્ટનેશલ સ્કૂલ કરવાડા રોડ સુરત |
| ૮૪ | કે.એન. હિરાણી માધ્યમીક સ્કુલ રાધાકૃષ્ણ સોસા., પુણા ગામ ,સુરત |
| ૮૫ | ક્રિષ્ણા સંકુલ હાઇસ્કુલ રાધે શ્યામ સોસા. બોમ્બે માર્કેટ સીતાનગર પુણાગામ રોડ, |
| ૮૬ | મારૂતી વિધાસંકુલ, મારૂતીધામ સોસા. રૂક્ષ્મણી સોસા. પાછળ પુણાગામ |
| ૮૭ | સુમન હાઇસ્કુલ- ૧૮ મીરા અંબીકા સોસા. ભૈયા નગર પાસે પુણાગામ સુરત |
| ૮૮ | નીલકંઠ હિન્દી વિદ્યાલય સુંદરબાગ સોસા તળાવ પાસે પુણાગામ સુરત |
| ૮૯ | સમર્પણ હાઇસ્કુલ વિક્રમ નગર-૪ પુણા બોમ્બે માર્કેટ રોડ પુણા ગામ સુરત |
| ૯૦ | જય અંબે ઇન્ટરનેશન સ્કુલ, સાંઇ આશિષ સોસા. પરવત પાટીયા, સુરત |
| ૯૧ | નોબેલ સેકેન્ડરી સ્કુલ, આઇ.માતા રોડ પરવત પાટીયા, સુરત |
| ૯૨ | શ્રી સરસ્વતી હિન્દી વિદ્યાલય  પરવત ગામ સુરત |
| ૯૩ | શારદા વિદ્યાલય જલારામ સોસા. પાર્ટ-૩ પરવત પાટીયા સુરત |
| ૯૪ | પ્રેરણા વિદ્યાલય બુટભાવાની- માતૃશકિત રોડ સુરત |
| ૯૫ | મદ્રેસા તૈયબા ગર્લ્સ હાઇસ્કુલ, હાતીમ મઝીલ બેગમપુરા,સુરત |
| ૯૬ | આઇ.સી. ગાંધી હાઇસ્કુલ સુમુલ ડેરી રોડ સુરત |
| ૯૭ | પ્રગતી વિદ્યાલય માધ્યમીક શાળા, સેવાસદન બેગમપુરા કોળીવાડ,સુરત |
| ૯૮ | જ્ઞાનગંગા વિદ્યાલય, ૮, ત્રિભુવન નગર સોસા., વેડ રોડ, સુરત |
| ૯૯ | કસ્તુરબા વિધાભવન માધ્યમિક શાળા ૪૯ રામજીનગર વેડરોડ સુરત |
| ૧૦૦ | સાર્વજનીક માધ્યમિક શાળા યુનિટ-૧ , શિવછાયા સોસા. વેડરોડ સુરત |
| ૧૦૧ | સાર્વજનીક માધ્યમિક શાળા યુનિટ-૨ , શિવછાયા સોસા. વેડરોડ સુરત |
| ૧૦૨ | અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૧ , વેડ રોડ સુરત |
| ૧૦૩ | અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૨ , વેડ રોડ સુરત |
| ૧૦૪ | શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૧ સીંગણપોર કોઝવે રોડ સુરત. |
| ૧૦૫ | શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૨,  સીંગણપોર કોઝવે રોડ સુરત. |
| ૧૦૬ | શ્રી ગાયત્રી હાઈસ્કુલ, હરીઓમ સોસા. હેલ્થ સેન્ટરની પાસે કતારગામ, સુરત |
| ૧૦૭ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૧, રીવેંટા રીવર વ્યુ પાસે  કતાગામ સુરત |
| ૧૦૮ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૨, રીવેંટા રીવર વ્યુ પાસે  કતાગામ સુરત |
| ૧૦૯ | આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૩, રીવેંટા રીવર વ્યુ પાસે  કતાગામ સુરત |
| ૧૧૦ | સ્વ સુરેશ વિદ્યામંદિર ,યમુના પાર્ક સોસાયટી વેડરોડ સુરત |
| ૧૧૧ | સર જે.જે. ઇગ્લીસ સ્કુલ શાહપોર |
| ૧૧૨ | શ્રીમતી કે.એમ.ઝરીવાલા ઇ.મી. ગર્લ્સ હાઇસ્કુલ શાહપોર તુર્કીવાડ |
| ૧૧૩ | એન. એમ. ઝવેરી યુનિયન હાઇસ્કુલ રાણી તળાવ, |
| ૧૧૪ | એગ્લો ઉર્દુ હાઇસ્કુલ ગુ.મી. યુનિટ-૦૨૧ મુગલીસરા સુરત |
| ૧૧૫ | એગ્લો ઉર્દુ હાઇસ્કુલ ગુ.મી. યુનિટ-૦૨ મુગલીસરા સુરત |
| ૧૧૬ | એગ્લો ઉર્દુ હાઇસ્કુલ ઉ.મી. મુગલીસરા સુરત |
| ૧૧૭ | ગુરૂકુળ વિધાપિઠ VTC  કન્યા વિદ્યાલય,  GIDC સુમુલ ડેરી રોડ સુરત |
| ૧૧૮ | ગુરૂકુળ વિધાપિઠ VTC  કન્યા વિદ્યાલય, ENG  મીડીયમ GIDC સુમુલ ડેરી રોડ સુરત |
| ૧૧૯ | ગુરૂકુલ વિધાપિઠ NV ધમણવાલા ગુ.મી. સ્કુલ, કતારગામ GIDC |
| ૧૨૦ | શ્રીમતિ વી.ડી.એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૧ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ |
| ૧૨૧ | શ્રીમતિ વી.ડી.એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૨ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ |
| ૧૨૨ | અક્ષરજ્યોત હાઇસ્કુલ, યુનિટ-૧ આંબાતલાવડી, કતારગામ, |

| | |
|---|---|
| ૧૨૩ | અક્ષર જ્યોત હાઈસ્કુલ, યુનિટ-૨ આંબાતલાવડી, કતારગામ, સુરત |
| ૧૨૪ | અક્ષર જ્યોત હાઈસ્કુલ, યુનિટ-૩ આંબાતલાવડી, કતારગામ, સુરત |
| ૧૨૫ | સ્વ. ડી.ડી રાદડીયા હાઇસ્કુલ ઓમપાર્ક સોસા. આંબાતલાવડી કતારગામ સુરત |
| ૧૨૬ | સુમન હાઈસ્કુલ નં-૦૩ કતારગામ દિવ્ય જ્યોત ફ્લેટ સામે વસ્તા દેવડી રોડ સુરત |
| ૧૨૭ | શ્રીમતી કે.એલ.એસ.ખાંડવાલા સાર્વજનીક હાઇસ્કુલ ચૌટા બજારની બાજુમાં |
| ૧૨૮ | ટી & ટી.વી. સાર્વજનિક વિદ્યાલય ગોપીપુરા સુરત |
| ૧૨૯ | સીગ્મા હાઇસ્કુલ (ગુ.મી.) ક્ષેત્રપાળ મંદિરની બાજુમાં સગરામપુરા |
| ૧૩૦ | સીગ્મા હાઇસ્કુલ (અં.મી.) ક્ષેત્રપાળ મંદિરની બાજુમાં સગરામપુરા |
| ૧૩૧ | સીગ્મા હાઇસ્કુલ (ઉ.મી.) ક્ષેત્રપાળ મંદિરની બાજુમાં સગરામપુરા |
| ૧૩૨ | આર.ડી.કોન્ટ્રાક્ટર હાઇસ્કુલ, નાનપુરા પોસ્ટ ઓફીસની સામે નાનપુરા, સુરત |
| ૧૩૩ | ક્રેસંટ હાયર સેકેન્ડરી સ્કૂલ, ટી.& ટીવી સ્કૂલની બાજુમાં નાનપુરા સુરત |
| ૧૩૪ | શારદાયતન હાઈસ્કુલ ગુજરાતી મિડીયમ, પીપલોદ, સુરત |
| ૧૩૫ | શારદાયતન હાઈસ્કુલ અંગ્રેજી મિડીયમ, યુનીટ-૦૧ પીપલોદ,સુરત |
| ૧૩૬ | શારદાયતન હાઈસ્કુલ અંગ્રેજી મિડીયમ, યુનીટ-૦૨ પીપલોદ,સુરત |
| ૧૩૭ | કે.પી. સંઘવી વિદ્યાલય યુનીટ-૦૧ શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ વેસુ |
| ૧૩૮ | કે.પી. સંઘવી વિદ્યાલય યુનીટ-૦૨ શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ વેસુ |
| ૧૩૯ | લાન્સર આર્મી સ્કુલ લંડન હાઉસ ડુમસ રોડ પીપલોદ વેસુ પાટીયા સુરત |
| ૧૪૦ | એસ.વી.પી. સેકન્ડરી સ્કુલ લેકવ્યુ ગાર્ડનની સામે પીપલોદ સુરત |
| ૧૪૧ | એમ.ટી. જરીવાલા હાઈસ્કુલ અઠવાલાઈન્સ સુરત |
| ૧૪૨ | શ્રીમતિ વી.ડી. એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૧ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ |
| ૧૪૩ | શ્રીમતિ વી.ડી. એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૨ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ |
| ૧૪૪ | રાયન ઈન્ટરનેશનલ સ્કુલ (અં.મી.) ડુમસ રોડ સુરત |
| ૧૪૫ | ભગવાન મહાવીર ઈન્ટરનેશનલ સ્કુલ યુનિટ-૧ નાવગભ મહાવીર કોલેજ કેમ્પસ |
| ૧૪૬ | શ્રી સત્યસાંઇ સ્કુલ શ્રી સત્યસાંઇ સેવા સંકુલ અલથાણ ભરથાણા રોડ સુરત |
| ૧૪૭ | એસ.ટી. થોમસ ઇ.મી. હાઇ સેકન્ડરી સ્કુલ ન્યુ સીટીલાઇટ રોડ, ભરથાણા વેસુ સુરત. |
| ૧૪૮ | આઇ.જી. દેસાઇ હાઇસ્કુલ ભટાર ચાર રસ્તા, અલથાણ રોડ, સુરત |
| ૧૪૯ | શ્રી ડી.કે ભટારકર વિદ્યાસંકુલ માધ્યમિક શાળા યુનિટ-૧ (ગુજરાતી માધ્યમ) સીવાની પાર્ક અલથાણ રોડ |
| ૧૫૦ | શ્રી ક્રિષ્ના રાષ્ટ્રીય હિન્દી યુ.એમ. યલાધવભિુક્તી નગર બમરોલી રોડ, સુરત |
| ૧૫૧ | નવ સર્જન વિદ્યાલય ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત |
| ૧૫૨ | સુમન હાઇસ્કુલ નંબર ૧૪ ઉમીયા નગરીલોરમબ સાપ ૧- રોડ સુરત |
| ૧૫૩ | ભાગ્યોદયા વિદ્યાલય ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે ભેસ્તાન સુરત |
| ૧૫૪ | નવદિપ વિદ્યાલય માધ્યમીક શાળા ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત |
| ૧૫૫ | સરસ્વતી હિન્દી માધ્યમિક શાળા , નેમનગર બમરોલી રોડ પાંડેસરા સુરત |
| ૧૫૬ | સરસ્વતી હિન્દી વિધાભવન વડોદ ભેસ્તાન બુડીયા રોડ સુરત |
| ૧૫૭ | ઉદ્યોગભારતી વિદ્યાલય પાંડેસરા GIDC પાંડેસરા સુરત |
| ૧૫૮ | શારદા વિદ્યામંદિર ગોપાલનગર પાંડેસરા સુરત |
| ૧૫૯ | સુમન હાઈસ્કૂલ નં.૧૭ બીઆરટીએસ વર્ક શોપ ભેસ્તાન સુરત |
| ૧૬૦ | ઈકરા ઈંગ્લીસ સ્કૂલ ઉનગામ તળાવ સુરત |
| ૧૬૧ | એલ.ડી.હાઇસ્કુલ યુનિટ-૧ સ્ટેશન રોડ સુરત |
| ૧૬૨ | એલ.ડી.હાઇસ્કુલ યુનિટ-૨ સ્ટેશન રોડ સુરત |

| | |
|---|---|
| ૧૬૩ | સનલાઇટ વિધાલય, યુનિટ-૧ પ્લોટ-૪/કે-૪/બી ગુજરાત સ્લમ ક્લીયરંસર્ડ, યોગેશ્વરનગર, કનકપુર, સચીન |
| ૧૬૪ | સનલાઇટ વિધાલય, યુનિટ-૨ પ્લોટ-૪/કે-૪/બી ગુજરાત સ્લમ ક્લીયરંસર્ડ, યોગેશ્વરનગર, કનકપુર, સચીન |
| ૧૬૫ | સરસ્વતી હિન્દી માધ્યમિક સ્કુલ યુનિટ-૧ જી.એચ.બી કનકપુર,સચીન સુરત |
| ૧૬૬ | સરસ્વતી હિન્દી માધ્યમિક સ્કુલ યુનિટ-૨ જી.એચ.બી કનકપુર,સચીન સુરત |
| ૧૬૭ | ડેકોન્સ ફાઉન્ડેશન હાઇસ્કુલ,ગણેશનગર, જી.એચ.બી કનકપુર,સચીન સુરત |
| ૧૬૮ | ડ્રીમ ઇન્ડીયા સ્કૂલ ગુ.હા. બોર્ડ કનકપૂર સચીન સુરત |
| ૧૬૯ | જેલ બિલ્ડીંગ, લાજપોર મધ્યસ્થ જેલ, સચીન |
| ૧૭૦ | ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૧, ઉત્રાણ, અમરોલી |
| ૧૭૧ | ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૨, ઉત્રાણ, અમરોલી |
| ૧૭૨ | માધવબાગ વિદ્યાભવન યુનિટ-૧ નવો કોસાડ રોડ અમરોલી |
| ૧૭૩ | માધવબાગ વિદ્યાભવન યુનિટ-૨ નવો કોસાડ રોડ અમરોલી |
| ૧૭૪ | સુરત પીપલ્સ બેંક હાઈસ્કુલ અમરોલી કોલેજ ગ્રાઉન્ડ અમરોલી |
| ૧૭૫ | શ્રીકર વિદ્યાસંકૂલ , અમરોલી-સાયણ રોડ કોસાડ |
| ૧૭૬ | આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૧, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત |
| ૧૭૭ | આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૨, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત |
| ૧૭૮ | આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૩, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત |
| ૧૭૯ | આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૪, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત |
| ૧૮૦ | આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૫, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત |
| ૧૮૧ | અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૧, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા, સુરત |
| ૧૮૨ | અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૨, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા, સુરત |
| ૧૮૩ | અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૩, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા, સુરત |
| ૧૮૪ | સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ યુનિટ-૦૧, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત |
| ૧૮૫ | સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ યુનિટ-૦૨, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત |
| ૧૮૬ | સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ યુનિટ-૦૩, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરત |
| ૧૮૭ | શ્રી વી.ડી. ગાલીયારા કઠોર, યુનિટ-૧ સુરત. |
| ૧૮૮ | શ્રી વી.ડી. ગાલીયારા કઠોર, યુનિટ-૨ સુરત. |
| ૧૮૯ | એમ.એ.આઈ. ગર્લ્સ હાઈસ્કૂલ, યુનિટ-૧, હુસેન પરબની સામે, કઠોર, સુરત. |
| ૧૯૦ | ડૉ. એ. એમ. મોલ્લા હાઈસ્કૂલ, કઠોર કામરેજ સુરત |
| ૧૯૧ | શ્રી એન.સી. પટેલ અને સી.બી. પટેલ બ્રીલીયંટ ઇંગ્લીશ એકેડમી કઠોર કામરેજ સુરત |
| ૧૯૨ | શ્રી એચ.જે.ગજેરા માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શાળા યુનિટ-૧ ઉત્રાણ, સુરત |
| ૧૯૩ | શ્રી એચ.જે.ગજેરા માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શાળા યુનિટ-૨ ઉત્રાણ, સુરત |
| ૧૯૪ | શ્રી એચ.જે.ગજેરા માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શાળા યુનિટ-૩ ઉત્રાણ, સુરત |
| ૧૯૫ | એલ.પી. સવાણી સંસ્કાર વેલી સ્કૂલ , મહારાજા ફાર્મ મોટા વરાછા સુરત |
| ૧૯૬ | એમ.એમ.પી. હાઇસ્કુલ બોટલાવાલા માર્ગ, રાંદેર |
| ૧૯૭ | પ્રેસીડેન્સી સ્કુલ ગુ.મી., પ્રગતિ સોસા. ન્યુ રાંદેર રોડ |
| ૧૯૮ | પ્રેસીડેન્સી સ્કુલ ઇ.મી. , પ્રગતિ સોસા. ન્યુ રાંદેર રોડ |
| ૧૯૯ | ધ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ.પો.બેન્ક. માધ્યમીક શાળા યુનીટ-૦૧ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૨૦૦ | ધ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ.પો.બેન્ક. માધ્યમીક શાળા યુનીટ-૦૨ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૨૦૧ | ધ રેડીયન્ટ ઇંગ્લીંશ એકેડમી યુનીટ-૦૧ , ઉગત કેનાલ રોડ, જહાગીરાબાદ |
| ૨૦૨ | ધ રેડીયન્ટ ઇંગ્લીંશ એકેડમી યુનીટ-૦૨ , ઉગત કેનાલ રોડ, જહાગીરાબાદ |

| | |
|---|---|
| ૨૦૩ | સંસ્કાર ભારતી વિદ્યાલય, ગુ.માધ્ય., પાલનપુર પાટીયા, સુરત |
| ૨૦૪ | સંસ્કાર ભારતી વિદ્યાલય, અં.માધ્ય., પાલનપુર પાટીયા, સુરત |
| ૨૦૫ | માધવ સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર,રાજવિહાર રો-હાઉસ ઉગત-ભેસાણ રોડ જહાંગીરાબાદ સુરત. |
| ૨૦૬ | એ.એમ.મુલ્લા & એમ.એન. ગર્લ્સ હાઈસ્કુલ હનુમાન ગલી રાંદેર સુરત |
| ૨૦૭ | સેવન સ્ટેપ સ્કુલ યુનીટ-૦૧ રોયલ ટાઈટેનીયમ ની સામે પાલનપુર કેનાલ રોડ અડાજણ |
| ૨૦૮ | શ્રી સરસ્વતી વિધાલય યુનીટ-૦૧ , હનીપાર્ક રોડ .સુરત |
| ૨૦૯ | શ્રી સરસ્વતી વિધાલય યુનીટ-૦૨ , હનીપાર્ક રોડ સુરત |
| ૨૧૦ | શ્રીમતિ એલ.પી. સવાણી વિદ્યાભવન ગુ.મી. એલ.પી.સવાણી સર્કલ હનીપાર્ક રોડ , અડાજણ, |
| ૨૧૧ | શ્રીમતિ એલ.પી. સવાણી વિદ્યાભવન અં.મી. યુનીટ-૧ એલ.પી.સવાણી સર્કલ, |
| ૨૧૨ | શ્રીમતી આઇ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ યુનિટ-૧ પાલનપુરા પાટીયા અડાજણ સુરત |
| ૨૧૩ | શ્રીમતી આઇ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ યુનિટ-૨ પાલનપુરા પાટીયા અડાજણ સુરત |
| ૨૧૪ | રીવરડેલ એકેડમી યુનીટ-૧ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ |
| ૨૧૫ | રીવરડેલ એકેડમી યુનીટ-૨ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ |
| ૨૧૬ | શ્રીમતિ એલ.એન.બી ડાલીયા હાઈસ્કુલ કવી કલાપી બાગ પાસે અડાજણ સુરત |
| ૨૧૭ | શ્રીમતિ વિ.ડી.દેસાઈ વાડીવાલા માધ્યમિક શાળા ( ભુલકા ભવન ),પાણી ટાંકીની સામે અડાજણ સુરત |
| ૨૧૮ | ભૂલકા વિહાર શાળા, ગુજરાતી મિડીયમ, યુનીટ-૧ ભાઠા નવી પોસ્ટ ઓફીસ પાસે |
| ૨૧૯ | ભૂલકાવિહાર શાળા,ઇંગ્લીશ મિડીયમ યુનીટ-૨ , ભાઠા નવી પોસાપ સીફઑ ટસ. |
| ૨૨૦ | એસ.સી.જે. તપોવન જૈન સ્કૂલ, કેનાલ વોક-વે ની સામે, કેનાલ રોડ, પાલનપુર, સુરત. |
| ૨૨૧ | એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગૌરવપથ રોડ, પાલ, સુરત. |
| ૨૨૨ | ડી.એલ.કે. શાહ સાર્વજનીક હાઈસ્કુલ યુનીટ-૧ દામકા સુરત |
| ૨૨૩ | ડી.એલ.કે. શાહ સાર્વજનીક હાઈસ્કુલ યુનીટ-૨ દામકા સુરત |
| ૨૨૪ | શ્રી દ. અને કે.મ.પટેલ સર્વોદય વિધ્યાલય સાબરગામ નિયોલ સુરત |

**SSC- કુલ કેંન્દ્રો-૨૨૪**

**એચ.એસ.સી. સામાન્ય પ્રવાહના પરીક્ષા કેન્દ્રો**

| | |
|---|---|
| ૫ | અર્ચના વિદ્યાનિકેત કમલપાર્ક સોસા. એલ.એચ.રોડ વરાછા સુરત |
| ૬ | પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૧ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત |
| ૭ | પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૨ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત |
| ૮ | પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૩ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત |
| ૯ | આશાદિપ હાઈસ્કુલ-૬ યુનિટ-૧ સાગર સોસા. એલ.એચ.રોડ વરાછા સુરત |
| ૧૦ | આશાદિપ હાઈસ્કુલ-૬ યુનિટ-૨ સાગર સોસા. એલ.એચ.રોડ વરાછા સુરત |
| ૧૧ | સાધના નિકેતન વિધાલય,શિવશકિત સોસા. કારગીલ ચોક પુણાગામ ,સુરત |
| ૧૨ | રીસેન મોર્ડન સ્કુલ પટેલ ફળીયુ ગીરનાર સોસા નાના વરાછા સુરત |
| ૧૩ | તપોવન માધ્યમીક શાળા, ગાયત્રી સોસા. નાના વરાછા, સુરત |
| ૧૪ | જ્ઞાનદિપ માધ્યમ શાળા, યુનિટ-૧ વિજયનગર પાસે મહાલક્ષ્મી સોસા .તરુસેસાપ કોચીગોય |
| ૧૫ | પરંમહંસ વિદ્યાભવન કવિતા સોસા., સરથાણા વાલક પાટીયા સુરત |
| ૧૬ | એન.સી. ઠાકર એજ્યુકેશન કેમ્પસ ગઢપૂર રોડ સરથાણા જકાતનાકા સુરત |
| ૧૭ | SEM હાઈસ્કુલ યુનિટ-૧ , પોસ્ટલ સોસા ની પાછળ, ઉધના |
| ૧૮ | SEM હાઈસ્કુલ યુનિટ-૨ પોસ્ટલ સોસા ની પાછળ, ઉધના |
| ૧૯ | SEM હાઈસ્કુલ યુનિટ-૩ પોસ્ટલ સોસા ની પાછળ, ઉધના |
| ૨૦ | લાયન્સ સીલ્ક સીટી, હાઈસ્કુલ, ૧૮ આશાનગર ઉધના |

| | |
|---|---|
| ૨૧ | આર.એન. નાયક હાઇસ્કુલ, ઉધના ત્રણ રસ્તા ઉધના, સુરત |
| ૨૨ | જીવન વિકાસ હાઇસ્કૂલ રામનગર-૨ આશિર્વાદ ટાઉનશીપ-૧ બમરોલી સુરત |
| ૨૩ | આર.એન. નાયક હાઇસ્કુલ, 214 રણછોડ નગર, સિટી શોપિંગ સેન્ટરની સામે, ઉધના, |
| ૨૪ | શાંદિપની વિધાલય ધીરજ નગર ગોડાદરા સુરત |
| ૨૫ | શ્રી સુદર્શન જનતા હિન્દી વિધાલય, જીગ્નેશ નગર, ગોડાદરા |
| ૨૬ | ગીતાજલી વિધાલય, કેશવ પાર્ક સોસા. પરવત ગામ |
| ૨૭ | ગીતાજલી વિધાલય, કેશવ પાર્ક સોસા. પરવત ગામ |
| ૨૮ | સુમન હાઇસ્કૂલ નં૦૧., રામેશ્વર નગર નીલગીરી રેલ્વે ફાટકની બાજુમાં સુરત. |
| ૨૯ | માં જસ્જીત વિદ્યાલય યુનિટ-૧ ઉધાન યાર્ડ સુરત |
| ૩૦ | માં જસ્જીત વિદ્યાલય યુનિટ-૨ ઉધાન યાર્ડ સુરત |
| ૩૧ | સુમન હાઇસ્કુલ નં ૧૧., ગાયત્રી નગર નવાગામ ડીંડોલી સુરત. |
| ૩૨ | માતૃભુમી વિદ્યાલય યુનીટ -૧ જયજલારામ સોસા. ડીંડોલી ખરવાસા રોડ સુરત |
| ૩૩ | માતૃભુમી વિદ્યાલય યુનીટ -૨ જયજલારામ સોસા. ડીંડોલી ખરવાસા રોડ સુરત |
| ૩૪ | માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૧ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત |
| ૩૫ | માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૨ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત |
| ૩૬ | જ્ઞાનમંજરી વિદ્યાપીઠ, યમનાકુંજ રેસી. ડીંડોલી ખરવાસા રોડ કરડવા સુરત |
| ૩૭ | રોઝ બર્ડસ સ્કૂલ , કરડાવા રોડ ડીંડોલી સુરત |
| ૩૮ | સુમન હાઇસ્કુલ નં.૨૬&૨૭ કરાડવા રોડ ડીંડોલી સુરત |
| ૩૯ | માનસરોવર વિધા વિહાર નવી પાણી ની ટાંકી પાસે, પુણાગામ સુરત |
| ૪૦ | અર્પણ વિધાસંકુલ, સીતાનગર ચોકડી, પુણા, સુરત |
| ૪૧ | દક્ષિણામુર્તિ વિદ્યાલય યુનિટ-૧ પુણાગામ સુરત. |
| ૪૨ | હરીઓમ વિધાભવન માધ્યમિક શાળા, અમરધામ સોસા, પુણાગામ સુરત |
| ૪૩ | સદભાવના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,સુરતી નગર સોસાયટી,પુણા |
| ૪૪ | અર્ચના વિધ્યાનિકેત હાઇસ્કુલ, કલમપાર્ક સોસા. પુણાગામ સુરત |
| ૪૫ | જ્ઞાનયોગ હાઇસ્કુલ, પુણા ગામ, સુરત |
| ૪૬ | સમ્રાટ હિંદી વિદ્યાલય અક્ષર ટાઉનશીપની બાજુમાં કેનાલ પાસે, ડુંભાલ, સુરત |
| ૪૭ | સમ્રાટ ઇન્ટરનેશલ સ્કુલ અક્ષર ટાઉનશીપની બાજુમાં કેનાલ પાસે, ડુંભાલ, સુરત |
| ૪૮ | શ્રીમતી એલ.પી.ડી. પટેલ યુનિટ-૦૧ સાર્વજનીક વિદ્યાલય, પુણાગામ,સુરત |
| ૪૯ | શ્રીમતી. લીલાબા કન્યા વિધાલય યુનિટ-૧ લાલ દરવાજા મહિધરપુરા, સુરત |
| ૫૦ | એમ.યુ.એસ. ઇ. મી. હાઇસ્કુલ સુમુલ ડેરી રોડ મહિધરપુરા સુરત |
| ૫૧ | સ્વ. સી.બી. કાપડીયા & એલ.સી. કાપડીયા સ્કૂલ .બુંદેલાવાડ ભાગળ |
| ૫૨ | એલ.પી. સવાણી રીવર સાઇડ સ્કુલ, ડભોલી ચોક બજાર, સુરત |
| ૫૩ | બ્રિલીયન્ટ વિધાલય યુનીટ-૧ ભુમી પુજા સોસા. ચોકબજાર સુરત |
| ૫૪ | બ્રિલીયન્ટ વિધાલય યુનીટ-૨ ભુમી પુજા સોસા. ચોકબજાર સુરત |
| ૫૫ | અંકુર વિદ્યાભવન યુનીટ-૧ આંબાતલાવડી કતારગામ સુરત |
| ૫૬ | અંકુર વિદ્યાભવન યુનીટ-૨ આંબાતલાવડી કતારગામ સુરત |
| ૫૭ | પી. જે.માધ્યમિક વિદ્યામંદીર (દેવકૂંવરબા) ડભોલી-કોઝવે રોડ સુરત |
| ૫૮ | પ્રાજ્ઞા માદ્યામિક શાળા, મોટી બહુચર ડભોલી રોડ કતારગામ સુરત |
| ૫૯ | અંબાબા હરીપુરા ગર્લ્સ ઈંગ્લીસ સ્કુલ, યુનીટ-૧, લીમડા શેરી, હરીપુરા, લાલગેટ |
| ૬૦ | અંબાબા હરીપુરા ગર્લ્સ ઈંગ્લીસ સ્કુલ, યુનીટ-૨, લીમડા શેરી, હરીપુરા, લાલગેટ |

| | |
|---|---|
| ૬૧ | બાઇ પી.એમ.પટેલ ગર્લ્સ હાઇસ્કુલ માછલીપીઠ શાહપોર લાલગેટ સુરત |
| ૬૨ | ફૈઝ એ ચક્કીવાલા ગર્લ્સ હાઇસ્કુલ મુગલીસરા સુરત |
| ૬૩ | પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૧, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-૧,. |
| ૬૪ | પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૨, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-૧,. |
| ૬૫ | પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૩, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-૧,. |
| ૬૬ | માતૃભુમિ વિધાભવન, ડભોલી ચાર રસ્તા કતારગામ સુરત |
| ૬૭ | નિલકંઠ કન્યા વિધાલય સીંગણપોર ચાર રસ્તા કતારગામ, સુરત |
| ૬૮ | એસ.પી. ઝવેરી ગર્લ્સ હાઇસ્કુલ ગોપીપુરા, અઠવા, સુરત |
| ૬૯ | જી.એન્ડ જી.વી. કડીવાલ સ્કુલ જે.પી.રોડ અઠવા |
| ૭૦ | શ્રી આર.ડી.ઘાયલ જીવન ભારતી સેકન્ડરી સ્કુલ યુનીટ-૧ નાનપુરા સુરત |
| ૭૧ | શ્રી આર.ડી.ઘાયલ જીવન ભારતી સેકન્ડરી સ્કુલ યુનીટ-૨ નાનપુરા સુરત |
| ૭૨ | શ્રીમતી કે.સી.શાહ હાઇસ્કુલ નાનપુરા સુરત |
| ૭૩ | પી.પી.સવાણી વિધાભવન, ઉમરા ઓવારા સુરત |
| ૭૪ | ડૉ.એ.સી. લાપસીવાલા સ્કૂલ રૂઢનાથ મહાદેવ મંદીર પાસે , ડુમસ રોડ સુરત |
| ૭૫ | સ્વ.જી.આર.ચોખાવાલા અંધજન માધ્યમીક શાળા , ધોડદોડ રોડ, સુરત |
| ૭૬ | શેઠ ધનજી શાહ રૂસ્તમજી ઉમરીગર મેમોરીયલ સ્કુલ અંગ્રેજી મીડીયમ અઠવાલાઇન |
| ૭૭ | શેઠ ધનજી શાહ રૂસ્તમજી ઉમરીગર મેમોરીયલ સ્કુલ ગુજરાતી મીડીયમ અઠવાલાઇન |
| ૭૮ | એસ.એન.ગુપ્તા લોકભારતી વિદ્યાલય અશોક પાનની ગલીમા ધોડદોડ રોડ સુરત |
| ૭૯ | સી.બી.ભંડારી સરસ્વતી વિધ્યાભવન, ડુમસ રોડ મગદલ્લા સુરત |
| ૮૦ | કર્મવીર એસ.કે.પટેલ માધ્યમીક વિદ્યાલય યુનિટ-૧ ભટાર રોડ, સુરત |
| ૮૧ | કર્મવીર એસ.કે.પટેલ માધ્યમીક વિદ્યાલય યુનિટ-૨ ભટાર રોડ, સુરત |
| ૮૨ | સેંટથોમસ ઈંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલ ભરથાણા વેસુ સુરત |
| ૮૩ | ભગવાન મહાવીર ઈન્ટરનેશલ સ્કૂલ વીઆઈપી રોડ વેસુ સુરત |
| ૮૪ | મેરીમાર્થા પબ્લીક સ્કુલ, યુનિટ-૧ પ્રમુખ પાર્ક, બાટલી બોયની બાજુમાં |
| ૮૫ | મેરીમાર્થા પબ્લીક સ્કુલ, યુનિટ-૨ પ્રમુખ પાર્ક, બાટલી બોયની બાજુમાં |
| ૮૬ | મેરીમાર્થા પબ્લીક સ્કુલ, યુનિટ-૩ પ્રમુખ પાર્ક, બાટલી બોયની બાજુમાં |
| ૮૭ | બ્રાઈટ સ્ટાર હાયરસેકેંડરી ઈંગ્લીશ સ્કૂલ પાલીગામ સચીન સુરત |
| ૮૮ | લાજપોર મધ્યસ્થ સેંન્ટ્રલ જેલ સુરત |
| ૮૯ | એચ.જે.ગજેરા હાઇસ્કુલ લક્ષ્મિવિલા તલંગપુર ગામ સચીન સુરત |
| ૯૦ | પાર્ક પબ્લીક સ્કુલ, ડાયમંડ પાર્ક સચીન સુરત |
| ૯૧ | શારદા વિદ્યામંદિર ગોપાલનગર પાંડેસરા સુરત |
| ૯૨ | સરસ્વતી હિન્દી વિધાભવન વડોદ ભેસ્તાન બુડીયા રોડ સુરત |
| ૯૩ | નવદિપ વિદ્યાલય માધ્યમીક શાળા ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત |
| ૯૪ | શ્રી કૈલાસ માનસ વિદ્યામંદિર (ગુ.મા), જીયાવ બુડિયા રોડ,ભેસ્તાન સુરત. |
| ૯૫ | શ્રી મતિ આઇ જે દવલે મેમોરીયલ એક્સેલસીયોર એકેડમી , આકાશ રો-હાઉસ પાંડેસરા ગામ |
| ૯૬ | શ્રી સરસ્વતી માદ્યમિક શાળા નેમનગર બમરોલી રોડ સુરત |
| ૯૭ | શાહ ગંગા બેન ઉદેરામ માધ્યમિક શાળા, અમરોલી, સુરત |
| ૯૮ | જે.વી.મોર્ડન સાયણ રોડ, અમરોલી |
| ૯૯ | મધુવન ઈન્ટરનેશનલ સ્કુલ અમરોલી સાયણ રોડ સુરત |
| ૧૦૦ | હરીકૃષ્ણ ઈન્ટરનેશનલ સ્કુલ કોસાડ સાયણ રોડ, અમરોલી સુરત |

| | |
|---|---|
| ૧૦૧ | સરદાર પટેલ વિદ્યા સંકૂલ શિવનગર અમરોલી |
| ૧૦૨ | મદ્રેસા ઈસ્લામીયા હાઈસ્કુલ મોટા વરાછા, સુરત |
| ૧૦૩ | પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ- યુનિટ-૧, અબ્રામા સુરત. |
| ૧૦૪ | પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ- યુનિટ-૨, અબ્રામા સુરત. |
| ૧૦૫ | પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ- યુનિટ-૨, અબ્રામા સુરત. |
| ૧૦૬ | શ્રી એન.સી અને સી.વી. પટેલ બ્રિલિયાન્ટ ઈંગ્લીશ એકેડમી, કઠોર, સુરત. |
| ૧૦૭ | મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉત્રાણ સુરત |
| ૧૦૮ | મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉત્રાણ સુરત |
| ૧૦૯ | મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૩ ઉત્રાણ સુરત |
| ૧૧૦ | એલ.પી.સવાણી સંસ્કારવેલી સ્કૂલ મહારાજા ફાર્મ મોટા વરાછા સુરત . |
| ૧૧૧ | શ્રી વી.ડી. ગાલીયારા કઠોર, સુરત. |
| ૧૧૨ | એમ.એ.આઇ ગર્લ્સ હાઈસ્કૂલ કઠોર સુરત |
| ૧૧૩ | મેટ્રીક્સ ગ્લોબલ સ્કૂલ , યુનિટ-૧, રંગોલી ચોકડીની પાસે સુરત |
| ૧૧૪ | મેટ્રીક્સ ગ્લોબલ સ્કૂલ , યુનિટ-૨, રંગોલી ચોકડીની પાસે સુરત |
| ૧૧૫ | ડૉ.એ.એમ. મોલ્લા હાયસ્કૂલ કઠોર સુરત |
| ૧૧૬ | શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા રામનગર, રાંદેર |
| ૧૧૭ | એલ.પી. સવાણી વિદ્યાલય યુનિટ-૧ પાલનપુર જકાતનાકા, પાલનપુર કેનાલ રોડ |
| ૧૧૮ | એલ.પી. સવાણી વિદ્યાલય યુનિટ-૨ પાલનપુર જકાતનાકા, પાલનપુર કેનાલ રોડ |
| ૧૧૯ | સ્વામિનારાયણ એચ.વી. યુનિટ-૧ વિદ્યાલય તાડવાડી સુરત |
| ૧૨૦ | સ્વામિનારાયણ એચ.વી. યુનિટ-૨ વિદ્યાલય તાડવાડી સુરત |
| ૧૨૧ | એમ.એ.બોય સ્કૂલ કોઝવે રોડ ગોરાટ રોડ સુરત |
| ૧૨૨ | એમ.એ. ગર્લ્સ સ્કૂલ કોઝવે રોડ ગોરાટ રોડ સુરત |
| ૧૨૩ | શાંતિનિકેતન વિધા વિહાર, વર્ષા સોસા, પાલનપુર જકાતનાકા રોડ, અડાજણ |
| ૧૨૪ | એસ.ટી.માર્ક હાઇસ્કુલ ગંગેશ્વર મહાદેવ મંદીરની બાજુમાં અડાજણ |
| ૧૨૫ | સીટીઝન સેકેન્ડરી સ્કુલ મંગલતીર્થ એપાર્ટમેન્ટની સામે હનીપાર્ક રોડ સુરત |
| ૧૨૬ | વિદ્યાકુંજ માધ્યમિક શાળા ઇંગ્લીશ મીડીયમ, વૃંદાવન સોસા. રેદાંર |
| ૧૨૭ | એલ.એચ. બોઘરા હાઈસ્કૂલ યુનિટ-૧, આનંદ મહલ રોડ અડાજણ સુરત |
| ૧૨૮ | એલ.એચ. બોઘરા હાઈસ્કૂલ યુનિટ-૨ આનંદ મહલ રોડ અડાજણ સુરત |

**એચ.એસ.સી. સામાન્ય પ્રવાહના-૧૨૮ કેન્દ્રો**

*** ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીક્ષા કેન્દ્રો ***

| | |
|---|---|
| ૧ | રામકિષ્ના વિધાભવન લંબે હનુમાન રોડ સુરત |
| ૨ | એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા યુનીટ-૧ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, |
| ૩ | એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા યુનીટ-૨ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, |
| ૪ | સુરત ડાયમંડ ગર્લ્સ હાઇસ્કુલ યુનીટ-૧ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે વરાછા રોડ, |
| ૫ | સુરત ડાયમંડ ગર્લ્સ હાઇસ્કુલ યુનીટ-૨ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે વરાછા રોડ, |
| ૬ | સિધ્ધ કુટીર ઇંગ્લીશ મીડીયમ સેકન્ડરી સ્કુલ યુનીટ-૧ ફાયર સ્ટેશનની સામે વરાછા રોડ |
| ૭ | લિટલ ફલાવર હાઇસ્કુલ યુનીટ-૧, કમલપાર્ક સોસાયટી, કાપોદ્રા, સુરત |
| ૮ | લિટલ ફલાવર હાઇસ્કુલ યુનીટ-૨, કમલપાર્ક સોસાયટી, કાપોદ્રા, સુરત |
| ૯ | આશાદિપ વિદ્યાલય-૩ (મંગલદીપ) સ્નેહમિલન સોસા. ચીકુવાડી સુરત |
| ૧૦ | ભુલકા સાગર (ડી.આર.તારપરા) ૧૧૭, સમ્રાટ સોસા., SMC પાર્ટી પ્લોટ પાસે, કાપોદ્રા, |

| | |
|---|---|
| ૧૧ | નાલંદા વિદ્યાલય, યુનિટ-૧ દાનગીગેવ સોસા. પુણા ગામ સુરત |
| ૧૨ | નાલંદા વિદ્યાલય, યુનિટ-૨ દાનગીગેવ સોસા. પુણા ગામ સુરત |
| ૧૩ | જગતગૂરૂશ્રી વલ્લાભાચાર્ય વિદ્યાધામ ,વરાછા રોડ હીરાબાગ સુરત |
| ૧૪ | આશાદિપ વિધાલય-૧, યુનીટ-૧ , આકાર સ્પોર્ટસ કલબ, નાનાવરાછા, સુરત |
| ૧૫ | આશાદિપ વિધાલય-૧, યુનીટ-૨ , આકાર સ્પોર્ટસ કલબ, નાનાવરાછા, સુરત |
| ૧૬ | આશાદિપ વિધાલય-૧, યુનીટ-૩ , આકાર સ્પોર્ટસ કલબ, નાનાવરાછા, સુરત |
| ૧૭ | આશાદિપ વિધાલય-૧, યુનીટ-૪ , આકાર સ્પોર્ટસ કલબ, નાનાવરાછા, સુરત |
| ૧૮ | આશાદિપ વિધાલય-૨ બંસીધર યુનીટ-૧ ધર્મરાજ સોસાછારવ ાનાન., સુરત |
| ૧૯ | આશાદિપ વિધાલય-૨ બંસીધર યુનીટ-૨ ધર્મરાજ સોસાછારવ ાનાન., સુરત |
| ૨૦ | આશાદિપ વિધાલય-૨ બંસીધર યુનીટ-૩ ધર્મરાજ સોસાછારવ ાનાન., સુરત |
| ૨૧ | આર.એન.ભાયાણી વિદ્યાસંકૂલ સિમાડા પોલીસ ચેકપોસ્ટ ની સામે સુરત |
| ૨૨ | જે,બી ડાયમંડ હાઇસ્કુલ યુનીટ-૧ ઠાકોર દ્વારની બાજુમા ડાયમંડ નગર લસકાણા |
| ૨૩ | જે,બી ડાયમંડ હાઇસ્કુલ યુનીટ-૨,ઠાકોર દ્વારની બાજુમા ડાયમંડ નગર લસકાણા |
| ૨૪ | જે,બી ડાયમંડ હાઇસ્કુલ યુનીટ-૩,ઠાકોર દ્વારની બાજુમા ડાયમંડ નગર લસકાણા |
| ૨૫ | જે,બી ડાયમંડ હાઇસ્કુલ યુનીટ-૪ ઠાકોર દ્વારની બાજુમા ડાયમંડ નગર લસકાણા |
| ૨૬ | જે,બી ડાયમંડ હાઇસ્કુલ યુનીટ-૫,ઠાકોર દ્વારની બાજુમા ડાયમંડ નગર લસકાણા |
| ૨૭ | જે,બી ડાયમંડ હાઇસ્કુલ યુનીટ-૬,ઠાકોર દ્વારની બાજુમા ડાયમંડ નગર લસકાણા |
| ૨૮ | ન્યુ મોડલ હાઇસ્કુલ, જીવનજયોત સિનેમા, ભાઠેનાર-, સુરત |
| ૨૯ | શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા હાઈસ્કુલ ખરવર નગર ખટોદરા સુરત |
| ૩૦ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૧ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૩૧ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૨ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૩૨ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૩ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૩૩ | શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૪ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત |
| ૩૪ | સનરાઈઝ વિદ્યાલય, યુનિટ-1, દક્ષેશ્વર મહાદેવ મંદિર બી.આર.સી. રોડ ઉધના, સુરત |
| ૩૫ | ઓક્સફોર્ડ ઇંગ્લીશ હાયરા સેકેંડરી સ્કૂલ , હરીનગર-૨ ઉધના સુરત |
| ૩૬ | અર્ચના વિધાસંકુલ, બોમ્બે માર્કેટ, અર્ચના સર્કલ પુણા રોડ, સુરત |
| ૩૭ | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાલય યુનીટ-૧ ગુરૂકુલ રોડ નાની વેડ સુરત |
| ૩૮ | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાલય યુનીટ-૨ ગુરૂકુલ રોડ નાની વેડ સુરત |
| ૩૯ | શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાલય યુનીટ-૩ ગુરૂકુલ રોડ નાની વેડ સુરત |
| ૪૦ | એચ.જે.ગજેરા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કતારગામ સુરત |
| ૪૧ | એસ.એચ.ગજેરા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૧ અમરોલી રોડ સુરત |
| ૪૨ | એસ.એચ.ગજેરા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૨ અમરોલી રોડ સુરત |
| ૪૩ | વિ.એન.ગોધાણી અંગ્રેજી માધ્યમ સ્કુલ યુનીટ-૧ ગ્રીનલાઇન કતારગામ રોડ સુરત |
| ૪૪ | વિ.એન.ગોધાણી અંગ્રેજી માધ્યમ સ્કુલ યુનીટ-૨ ગ્રીનલાઇન કતારગામ રોડ સુરત |
| ૪૫ | લુર્ડઝ કોનવેન્ટ, હાઇસ્કુલ ઇન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઇન્સ, સુરત. |
| ૪૬ | સી.સી.શાહ સાર્વજનિક ઈંગ્લીશ હાઈસ્કુલ, એક્ષપરિમેન્ટલ સ્કુલ કેમ્પસ, પાર્લે પોઈન્ટ, |
| ૪૭ | આર.એસ.એમ. પુનાવાલા સાર્વજનીક હાઇસ્કુલ, અંબીકાનીકેતન મંદિર પાસે અઠવાલાઇન્સ, સુરત |
| ૪૮ | સેન્ટ ઝેવીયરસ હાઇસ્કુલ ઘોડદોડ રોડ સુરત |
| ૪૯ | શ્રી વી.ડી.ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ યુનિટ-૧ અઠવા સુરત |
| ૫૦ | શ્રી વી.ડી.ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ યુનિટ-૨ અઠવા સુરત |

| | |
|---|---|
| ૫૧ | શ્રી વી.ડી.ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ યુનિટ-૩ અઠવા સુરત |
| ૫૨ | વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા રોડ,સુરત. |
| ૫૩ | સી.એસ.વિદ્યાભારતી ઇંગ્લીસ સ્કુલ, ભટાર ચાર રસ્તા ગુરુ નાનક દેવજી માર્ગ ,સુરત. |
| ૫૪ | લોકમાન્ય હાઇસ્કુલ, મોટી ફળીયા રાંદેર સુરત |
| ૫૫ | લોકમાન્ય હાયર સેકન્ડરી સ્કુલ, મોટી ફળીયા રાંદેર સુરત |
| ૫૬ | પીપરડીવાલા, ઇ.ીડમિ.,હાઇસ્કુલ, એસ.વી.પટેલ રાંદેર રોડ, સુરત |
| ૫૭ | બાપ્સ સ્વામી નારાયણ વિદ્યાલય,અં.મ., સ્વામી નારાયણ મંદિરની પાસે, અડાજણ, |
| ૫૮ | બાપ્સ સ્વામી નારાયણ વિદ્યાલય,ગુ.મ., સ્વામી નારાયણ મંદિરની પાસે, અડાજણ, |
| ૫૯ | સરદાર પટેલ વિદ્યાલય, પાલ, અડાજણ, સુરત |
| ૬૦ | સંસ્કારદિપ વિદ્યાસંકુલ નંદનવન સોસા. મોટાવરાછા સુરત |

**HSC વિજ્ઞાન પ્રવાહના કુલ કેન્દ્રો-૬૦**

**કુલ પરીક્ષા- કેંન્દ્રો- ૪૧૨**

**સ્ટ્રોંગરૂમો**

(૧) ટી.એન્ડ ટી.વી.સાર્વજનિક હાઇસ્કુલ નાનપુરા, ૧,૨,૩ સુરત (૨) જે.બી.ડાયમંડ & કાર્પ વિદ્યા સંકૂલ લસકણા સુરત (૩) સુમન હાઇસ્કુલ-૦૧ સોનલ ઇન્ડસ્ટ્રી પાંડેસરા, સુરત (૪) કે. એન્ડ એમ.પી. હાઇસ્કુલ, અમરોલી (૫) આર.એન.ભાયાણી વિદ્યાસંકુલ પુણાગામ સુરત (૬) મહર્ષિ આસ્તિક વિદ્યાલય ગોડાદરા સુરત (૭) ગુરૂકુળ કુમાર વિદ્યાલય, કાસાનગર, કતારગામ સુરત (૮) આર.એન.નાયક હાઇસ્કુલ (ઉ.મા.) ઉધના ત્રણ રસ્તા સુરત (૯) સાધના સિધ્ધકુટીર, કાપોદ્રા પો.સ્ટે. ની સામે. કાપોદ્રા સુરત.

**:: અપવાદ ::**

**વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.**

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૬/૦૨/૨૦૨૬ ના ક.૦૦/૦૦ થી તા.૧૮/૦૩/૨૦૨૬ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

------------------------

**Read:**

1. Letter bearing No. C.0104/2023, dated 22/12/2023 along with copy of letter dated 06/11/2023 of Hon'ble Chief Justice of India along with Standard Operating Procedure for Preparing Accessible Court Documents.
2. This office Notification bearing No.B/499/1/2025, dated 18/06/2025.
3. Letter bearing No.C.0104 (HC)/2026, dated 27/01/2026.

**NOTIFICATION**

No. B/148/2026.-In pursuance of directions contained letter dated 06/11/2023 of the Hon'ble Chief Justice of India along with Standard Operating Procedure for Preparing Accessible Court Documents (E-Committee, Supreme Court of India), letter dated 22/12/2023 of the Hon'ble High Court of Gujarat and this office Notification dated 18/06/2025, cited in the preamble, the undersigned is pleased to constitute "Accessibility Committee" for all Taluka of Sabarkantha

District, as under, to comply with the direction contained in the Standard Operating Procedure for Preparing Accessible Court Documents (E-Committee, Supreme Court of India), with immediate effect.

The Committee shall consist the following members:

**1. The Principal Senior Civil Court, Idar.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. R. J. Parmar | Principal Senior Civil Judge, Idar. | Chairman |
| 2. | Mr. V. C. Dixit | Nazir and I/c. Registrar, Principal Senior Civil Court, Idar. | Member |
| 3. | Mr. P. D. Agarwal | Advocate, Bar Association, Idar. | Member |
| 4. | Mr. H. K. Makvana | Assistant, Taluka Legal Service Committee, Idar. | Member |
| Email Id: sk-pscc-idar@gujarat.gov.in<br>Contact person Mobile Number: 94284 82380<br>I/c. Registrar, Principal Senior Civil Court, Idar. | | | |

**2. The Principal Senior Civil Court, Prantij.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. B. R. Solanki | Principal Senior Civil Judge, Prantij. | Chairman |
| 2. | Mr. A. R. Raval | Registrar Cum Nazir, Principal Senior Civil Court, Prantij. | Member |
| 3. | Mr. B. M. Rathod | Advocate, Bar Association, Prantij. | Member |
| 4. | Mr. P. R. Modi | Assistant, Principal Senior Civil Court, Prantij. | Member |
| Email Id: sk-pscc-prantij@gujarat.gov.in<br>Contact person Mobile Number: 95867 15502<br>Registrar cum Nazir, Principal Senior Civil Court, Prantij. | | | |

**3. The Principal Senior Civil Court, Khedbrahma.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. K. J. Rathod | Principal Senior Civil Judge, Khedbrahma. | Chairman |
| 2. | Mr. P. R. Rami | Registrar Cum Nazir, Principal Senior Civil Court, Khedbrahma. | Member |
| 3. | Mr. K. M. Patel | President, Bar Association, Khedbrahma. | Member |
| 4. | Ms. U. R. Joshi | Assistant, Principal Senior Civil Court, Khedbrahma. | Member |
| Email Id: sk-pscc-khed@gujarat.gov.in<br>Contact person Mobile Number: 93276 01851<br>Registrar cum Nazir, Principal Senior Civil Court, Khedbrahma. | | | |

**4. The Principal Civil Court, Talod.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. Sunil Choudhary | Principal Civil Judge, Talod. | Chairman |
| 2. | Mr. B. B. Purohit | Registrar Cum Nazir, Principal Civil Court, Talod. | Member |
| 3. | Mr. A. N. Solanki | Advocate, Bar Association, Talod. | Member |
| 4. | Ms. M. B. Parmar | Assistant, Principal Civil Court, Talod. | Member |
| Email Id: sk-talod-court@gujarat.gov.in<br>Contact person Mobile Number: 99981 07372<br>Registrar cum Nazir, Principal Civil Court, Talod. | | | |

**5. The Principal Civil Court, Vadali.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. S. M. Patel | Principal Civil Judge, Vadali. | Chairman |
| 2. | Mr. J. J. Rathod | Registrar Cum Nazir, Principal Civil Court, Vadali. | Member |

| | | | |
|---|---|---|---|
| 3. | Mr. A. D. Gadhavi | Advocate, Bar Association, Idar (Proposed Bar Association, Vadali). | Member |
| 4. | Mr. D. M. Chaudhari | Assistant, Principal Civil Court, Vadali. | Member |
| Email Id: sk-vadali-court@gujarat.gov.in<br>Contact person Mobile Number: 98989 43455<br>Registrar cum Nazir, Principal Civil Court, Vadali. | | | |

**6. The Principal Civil Court, Vijaynagar.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. M. A. Shaikh | Principal Civil Judge, Vijaynagar. | Chairman |
| 2. | Mr. K. R. Patel | Registrar Cum Nazir, Principal Civil Court, Vijaynagar. | Member |
| 3. | Mr. P. T. Dabhi | President, Bar Association, Vijaynagar. | Member |
| 4. | Mr. G. A. Bahelim | Assistant, Principal Civil Court, Vijaynagar. | Member |
| Email Id: sk-vijay-court@gujarat.gov.in<br>Contact person Mobile Number: 94260 48744<br>Registrar cum Nazir, Principal Civil Court, Vijaynagar. | | | |

**7. The Principal Civil Court, Poshina.**

| | | | |
|---|---|---|---|
| 1. | Mr. H. K. Shanyal | Principal Civil Judge, Poshina. | Chairman |
| 2. | Mr. V. B. Patel | Registrar Cum Nazir, Principal Civil Court, Poshina. | Member |
| 3. | Mr. B. S. Vaghela | Advocate, Bar Association, Khedbrahma (Proposed Bar Association, Poshina). | Member |
| 4. | Mr. S. V. Charan | Assistant, Principal Civil Court, Poshina. | Member |
| Email Id: sk-poshina-court@gujarat.gov.in<br>Contact person Mobile Number: 99253 33783<br>Registrar cum Nazir, Principal Civil Court, Poshina. | | | |

The Committee is instructed to follow the direction contained in Standard Operating Procedure for Preparing Accessible Court Documents (E-Committee, Supreme Court of India) scrupulously.

The soft copy of report of the Committee on Accessibility of the Supreme Court of India titled "A" Court for All Paving the way for Greater Accessibility in the Supreme Court for Persons with Disabilities, Women & Senior Citizens" is forwarded herewith for taking similar initiatives in the Courts of Sabarkantha District for enhancing physical and functional accessibility of Courts for persons with disabilities.

Sabarkantha at Himmatnagar. Date: 18/02/2026.

**K. R. Rabari**
Principal District Judge,
Sabarkantha at Himmatnagar.

-----------------------

**જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૩) અન્વયે :-**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૪૩૮ થી ૪૫૨/૨૦૨૬.—ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર પરવાનગી વગર બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. વાવ-થરાદ જિલ્લામાં પણ નાગરીકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી સરકારી કચેરીઓના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેર માર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં

આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી વાવ-થરાદ જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ અન્વયે નીચે મુજબ હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

આથી હું જે. એસ. પ્રજાપતિ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વાવ-થરાદ, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, વાવ-થરાદ, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા વાવ-થરાદ જિલ્લા પંચાયતની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, વાવ-થરાદની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લામાં આવેલ નગરપાલિકા તથા તમામ પોલીસ સ્ટેશન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓ અને કચેરીઓના કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણાં/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ જાહેરનામું વાવ-થરાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૪/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૨/૨૦૨૬ સુધી એમ બંને દિવસો સહિત અમલમાં રહેશે.

**અપવાદ**

આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને તથા સક્ષમ અધિકારીશ્રી પાસે પૂર્વ મંજૂરી મેળવેલ હોય તેમને લાગુ પડશે નહીં.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે વાવ-થરાદ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**જે. એસ. પ્રજાપતિ,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વાવ-થરાદ.

---

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

// **વાંચ્યા** //

1. કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓના પત્ર જા.નં.એનએચડી/પીબી/૧૨૭૪/૨૦૨૫, તા.૦૬/૧૨/૨૦૨૫
2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૬૩૫/૨૦૨૫, તા.૧૭/૧૨/૨૦૨૫
3. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓના પત્ર જા.નં.એનએચડી/પીબી/૬૦/૨૦૨૬, તા.૧૫/૦૧/૨૦૨૬

// **જાહેરનામું** //

નં.એમએજી/વશી/૧૭૨/૨૦૨૬.-વંચાણ-(૧) થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 પર પાવીજેતપુર પાસે શિહોદ ચોકડી પાસે આવેલ ટેમ્પરરી ડાયવર્ઝન પર તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ નાં રોજ અતિભારે વરસાદ અને ઉપરવાસ માંથી ભારજ નદીમાં પાણીની અતિભારે આવક અને પ્રવાહ આવતા ટેમ્પરરી ડાયવર્ઝનને નુકશાન થવાને કારણે તથા પાવીજેતપુર ખાતે ચે.405/985 પરના સ્ટ્રકચરમાં નુકસાન થવાના કારણે નીચે મુજબ ભારજ પુલ પર તેમજ ટેમ્પરરી ડાયવર્ઝન ઉપરથી વાહન-વ્યવહાર બંધ કરવા તેમજ વાહન વ્યવહાર પસાર ન કરવાનું અને પાવીજેતપુર ખાતે ચે.405/985 પરના માત્ર ૩૦ ટન સુધીના કુલ વજનવાળા વાહનો પસાર થઈ શકે તે અંગેનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૭/૧૨/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

વંચાણ-(૩) થી હાલમાં ઈજારદારશ્રી દ્વારા સદર ડાયવર્ઝનની કામચલાઉ ધોરણે હંગામી મરામત કરવામાં આવેલ છે. જેથી સદર ડાયવર્ઝન પરથી વાહનવ્યવહાર તા.૧૫/૦૧/૨૦૨૬ થી શરૂ કરવામાં આવેલ છે. તેમજ પાવીજેતપુર પાસેના ચે.405/985 પરના સ્ટ્રકચરમાં નુકસાન થવાથી ૩૦ ટન થી વધુ વજનના વાહન પસાર ન કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી પાવી જેતપુર ગ્રામ પંચાયત પાસે હયાત સ્લેબ ડ્રેન પર કુલ-૩૦ ટન સુધીના વાહનો પસાર થવા દેવા તેમજ ૩૦ ટન થી વધારે વજન વાળા વાહનો માટે નીચે મુજબનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

1. છોટાઉદેપુર થી બોડેલી અને વડોદરા તરફ જતા કુલ ૩૦ ટનથી વધુ વજનના ભારે વાહનો બોડેલી થી મોડાસર ચોકડી થઇ રંગલી ચોકડી થઇ પાનવડ થઈ છોટાઉદેપુર જઇ શકશે.

2. છોટાઉદેપુર થી બોડેલી તરફ આવતા કુલ ૩૦ ટનથી વધુ વજનના ભારે વાહનો છોટાઉદેપુર થી પાનવડ થઈ રંગલી ચોકડી થઇ મોડાસર ચોકડી થઇ બોડેલી જઇ શકશે.

3. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

4. સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪×૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આર.ટી.ઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને ભારજ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

**// અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામું તા.૦૨/૦૨/૨૦૨૬ થી તા.૨૭/૦૨/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**// સજા //**

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૦૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ગાર્ગી જૈન, IAS**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

-------------------------

**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**આમુખઃ-**

૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંકઃએમએજી/ટ્રાંસપોર્ટ ધંધા/વશી/૫૭૯૩, તા.૨૬/૧૧/૨૦૨૫.

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી/જાહેરનામું/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬.

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંકઃએમએજી/ટ્રાંસપોર્ટ ધંધા/વશી/૪૯૪/૨૦૨૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાન અને ભુતકાળમાં બનેલ બનાવો જોતાં, આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે, અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ કરવામાં સ્લીપરસેલનો ઉપયોગ આતંકવાદી સંસ્થાઓ કરતી હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પરપ્રાંતિય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃતિઓ આચરતાં હોય છે. અને ગમે તે રીતે ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવર/કંડકટર તરીકે નોકરી મેળવીને પોતાનો ઈરાદો પુરો કરતાં હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા માટે ટ્રાન્સપોટેશનનું કામ કરતાં માલીકો તરફથી તેમને ત્યાં જે ડ્રાઈવર તથા કંડક્ટર લક્ઝરી બસ તથા ટ્રક, ટેમ્પો, ટેન્કર વિગેરે વાહનો ઉપર કામ કરવા રાખવામાં આવે તો તેઓએ ભરતી કરતાં પહેલાં જે તે વ્યકિતનું પુરેપુરૂ નામ સરનામું જેમાં હાલનું સરનામું અને મુળ વતનનું સરનામું તેમજ તેને અત્રેના જીલ્લામાં કોણ ઓળખે છે તેનું નામ સરનામું તેમજ તેનો અગાઉનો પુર્વ ઈતિહાસ વિગેરેની માહિતી ડ્રાઈવર, કંડકટર તરીકે રાખનાર માલીક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આ ડ્રાઈવર, કંડકટર ઘણીવાર લાખો રૂપિયાનો માલ સમાન જે તે જગ્યાએ નહીં પહોંચાડી બીજા અન્યને સગેવગે કરીને ગમે ત્યાં વાહન મુકીને જતાં રહે છે. તેમજ આતંકવાદી સંસ્થાઓ તરફથી ડ્રાઈવર, કંડકટરને લાલચ આપી બોમ્બ બ્લાસ્ટ જેવાં બનાવો કરવામાં સ્લીપર સેલ તરીકે ઉપયોગ

કરતાં હોઈ છે. અને આવા કૃત્યો કરનાર ઈસમો ગુનો કરીને ભાગી ગયા પછી ઝડપથી પકડી શકાતાં નથી. અને નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જે તે ટ્રાન્સપોર્ટના માલિકોએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

--------------------

**આમુખ:-**

૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક:એમએજી/નો ડ્રોન/વશી/૫૭૯૫, તા.૨૬/૧૧/૨૦૨૫.

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામું/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬.

**જાહેરનામું**

ક્રમાંક:એમએજી/નો ડ્રોન/વશી/૪૯૬/૨૦૨૫–પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચએ આમુખ-(૨) થી અત્રેના આમુખ-(૧) ના જાહેરનામાની મુદત પુર્ણ થયેલ હોઈ અત્રેનાં જીલ્લામાં આવેલ પ્રતિબંધિત એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા બાબતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે. જે અન્વયે ભારત સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ CAR (Civil Aviation Requirement) નિયમનની સેકશન ૨.૨ માં પ્રતિબંધિત એરીયા અંગેની વ્યાખ્યા આપવામાં આવેલ છે તથા CAR નિયમનની સેકશન ૧૩ મુજબ કયા-કયા વિસ્તારમાં ડ્રોન ઉડાડવાની મનાઈ કરવામાં આવેલ છે, જે લગત સુચનાઓ કરવામાં આવેલ છે, CAR નિયમનમાં આપેલ ઉપરોકત સેકશનની વિગતોનું Unmanned Aircraft System Rules-2021 ની સેકશન-૨ માં વ્યાખ્યા તથા સેકશન-૩૭ માં ઓપરેશન એરિયાનું પુનરાવર્તન કરવામાં આવેલ છે.

ગૃહ વિભાગ, ભારત સરકારના પત્ર ક્રમાંક:VI-23014/209/IND/2018-VS, ૨૬/૦૨/૨૦૧૮ થી વાયટલ ઈન્સ્ટોલેશન એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા માટે સુચનો કરવામાં આવેલ છે.જે અનુસંધાને ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના પત્ર ક્રમાંક:SB-1/KAV/102018/GOI-317,તારીખ:૦૬/૦૭/૨૦૨૧ થી પણ ઉપરોકત વિગતે સુચનો કરવામાં આવેલ છે. સદરહું બાબતે ભારત સરકાર તરફથી તા.૧૦/૦૫/૨૦૧૯ ના રોજ એસ.ઓ.પી બહાર પાડવામાં આવેલ છે, જેની સેકશન ૧૬-ડી માં જે જોગવાઈ કરવામાં આવેલ છે, તે અનુસાર કાર્યવાહી હાથ ધરવા અને પ્રોહીબિટેડ એરિયા અને આંતરિક સલામતીને અસર કરે તેવા અન્ય સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા જરૂરી સુચના કરવામાં આવેલ છે. જે અન્વયે આમુખ-(૧) થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની મુદત વધારવી આવશ્યક જણાય છે.

**હુકમ**

વાસ્તે, હું પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂ એ ફરમાવું છું કે, રેડ તથા યલો કેટેગરી વાઈઝ આ સાથે સામેલ પત્રક મુજબ યુનિટ નં.૧ થી ૨૩ મુજબના તમામ વાયટલ ઈન્સ્ટોલેશન આંતરિક સલામતીને અસર કરે તેવા અને સંવેદનશીલ વિસ્તારોને 'નો ડ્રોન ઝોન' જાહેર કરી ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતાં એરીયલ મિસાઈલ કે પેરાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એરક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવતો હુકમ કરું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

--------------------

**આમુખ:-**

૧) અત્રેના જાહેરનામા ક્રમાંક:એમએજી/નદી-બેટ/વશી/૫૭૯૬ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/નદી-બેટ/વશી/૪૯૭/૨૦૨૫–ભારત દેશમાં કેટલાક સ્થળે આતંકવાદ અને ત્રાસવાદ કૃત્યો બનાવો બનવા પામેલ છે.ભરૂચ જીલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભરૂચ જીલ્લા કક્ષાએ જીલ્લા પોલીસ તંત્ર ધ્વારા સાવચેતીનાં પગલા રૂપે ઘનિષ્ટ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાંઓ લેવાઈ રહેલ છે. ત્રાસવાદીઓ દરિયાઈ માર્ગે આવી નર્મદા નદીમાં ઉપસી આવેલા ટાપુઓ તેમજ આલીયાબેટ ઉપર આવી રોકાણ કરે તેવી પુરતી શકયતા છે. અને તેઓ રાષ્ટ્ર વિરોધી તેમજ દાણચોરી જેવી

ગેરકાયદેસર અને અસામાજીક પ્રવૃત્તિઓ કરતાં ઈસમો ને મળી નિર્જન ટાપુઓ ઉપર આશ્રય મેળવી હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેવી શકયતાઓ નકારી શકાય નહીં. ત્રાસવાદી જુથો/સંગઠનો ધ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાનો તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડભાડવાળા સ્થળોએ હુમલો કરી ભાગફોડ કરવી, હિંસા કરી ભાંગફોડ કરવી, હિંસા અને ત્રાસ ફેલાવવાની શક્યતાને ધ્યાને લઈ જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેના માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

ભરૂચ જીલ્લામાં નર્મદા નદીમાં સરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ ચોમાસાની સીઝન પછી પાણી ઓછું હોવાના કારણે ઉપસી આવેલાં છે. આ બેટ ઉપર કોઈ માનવ વસ્તી આવેલ નથી. જયારે દરીયા કિનારે આવેલ આલીયાબેટમાં માનવ વસ્તી આવેલ છે.જેઓ પશુપાલન તથા માછીમારી કરે છે.આ ટાપુ કાયમી ટાપુ છે.જે હાઈ ટાઈડ તેમજ નદીમાં પુર વખતે પણ ડુબતો નથી.આલીયાબેટ, સુરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેગણી બેટ પર અધિકૃત કરેલ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી વગર કોઈપણ અન્ય વ્યકિત પ્રવેશ કે કોઈપણ પ્રકારના બાંધકામ કે ધાર્મિક મેળાવડા ન કરે તે માટે કોઈપણ વ્યક્તિને ટાપુ પર પ્રવેશ કરતા રોકી શકાય તેમજ ગેરકાયદેસર પ્રવેશ કરનાર વ્યકિત ઉપર કાનુની પગલાં લઈ શકાય અને જરૂરી વ્યવસ્થા કરી આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લામાં નર્મદા નદીમાં આવેલ સરફુદીન બેટ, દશાન બેટ, મહેગામ બેટ, વેંગણી બેટ, આલીયાબેટ પર પોલીસ વિભાગની પૂર્વ મંજુરી વગર કોઈ પણ અન્ય વ્યક્તિ પ્રવેશ કે કોઈપણ પ્રકારના બાંધકામ તથા ધાર્મિક મેળાવડા કરી શકશે નહીં.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**આમુખ:-**

૧) અત્રેના જાહેરનામા ક્રમાંક:એમએજી/વાહન ખ.વે/વશી/૫૭૯૭ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૫ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/વાહન ખ.વે/વશી/૪૯૮/૨૦૨૫–ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં અને ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કૂટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે, અને આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિ આચરતાં હોય છે. જેના કારણે જાહેર સલામતી, સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે સામાન્ય નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. જેથી, આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના સ્કૂટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા સ્પેર પાર્ટો ખરીદનાર/વેચનારનાઓએ નીચે જણાવેલ શરતને આધીન રહી કાર્યવાહી કરવાની રહેશે.

**ફરજિયાત કરવાની કામગીરી :-**

(૧) જુની કારો તથા અન્ય જુના વાહનો-ટુ વ્હીલ, થ્રી વ્હીલ, ફોર વ્હીલ તથા સ્પેર પાર્ટો ખરીદનાર વેચનારનાઓએ નીચે મુજબની કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર ફરજીયાતપણે નિભાવવાનું રહેશે તથા આ રજીસ્ટર પોતાની પાસે નાશ ન થાય તે રીતે રેકર્ડ રૂપે જાળવવાનું રહેશે. તેમજ ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

| અ.નં. | વેચનારનું નામ/ સરનામું અને વેચવાનું કારણ | ખરીદનારનું નામ, સરનામુ તથા મોબાઈલ નંબર | ખરીદનારનું આઈ.ડી.પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત | જુનુ ખરીદવાનું/ ખરીદ્યા અંગેનું કારણ અને તારીખ | એન્જીન/ચેસીસ નંબર/ મોડલ નંબર/રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**આમુખ:-**

૧) અત્રેના જાહેરનામા ક્રમાંક:એમએજી/સીસીટીવી કેમેરા/વશી/૫૭૯૮, તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

ક્રમાંક:એમએજી/સીસીટીવી કેમેરા/વશી/૪૯૯/૨૦૨૫–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે, અને આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્સ થિયેટર, લોજીંગ, બોડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી / હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે.જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃતિઓના બનાવો બનતા અટકાવી શકાય તે હેતુસર ઉપરોક્ત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમરા (નાઈટવિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃતિને અંજામ આપતાં પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃતિઓ જેવી કે ચોરી, ધાડ, લૂંટ, ચીલઝડપ જેવાં મિલ્કત સબંધી ગુનાઓ બનતાં અટકાવી શકાય અને ગુનો બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી ઉપરોકત જણાવેલ તમામ સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા (નાઈટવિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સિસ્ટમ સાથે લગાડાવી ઉપરોકત તમામ પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, ભરૂચએ આમુખ(૨)ના પત્રથી શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલની અંદર તથા બહાર હહતઅ કેમેરા લગાવવા બાબતે જાહેરનામું બહાર પાડવા જણાવતા અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ પાસે અભિપ્રાય મંગાવતા તેઓના આમુખ (૩) ના પત્રથી શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલની અંદર તથા બહાર CCTV કેમેરા લગાવવા બાબતે જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા સમગ્ર વિસ્તારમાં આવેલ હોટલો/ લોજ / ગેસ્ટ હાઉસો / ધર્મશાળાઓ તથા હોસ્ટેલો (ભાડાથી, રાહત દરે ચાલતી કે સખાવતથી ચાલતી તમામ સરકારી, ખાનગી કે ધાર્મિક ટ્રસ્ટની વ્યવસ્થાઓ / સંસ્થાઓ) તેમના ત્યાં રહેવા આવતા તમામ મહેમાનો / મુસાફરોની સંપૂર્ણ વિગતો જેવી કે, નામ, સરનામા, ફોન /મોબાઈલ નંબર, ફોટા, ઓળખકાર્ડ, જે વાહન લઈને આવેલ હોય તે વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને કંપની / મોડલ દર્શાવતી વિગતો નિયત અને અધિકૃત કરાયેલા રજીસ્ટરોમાં રાખવા તથા ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હોટલો, ટોલ પ્લાઝાઓ, પેટ્રોલપંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, સીએનજી / એલપીજી પંપ ઉપરનાં ફીલીંગ સ્ટેશન, તથા તેની બાજુમાં આવેલ દુકાનના માલિકો, મેનેજરો, સંચાલક, ટ્રસ્ટીઓએ તથા શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ફાર્મસી સ્ટોલ નીચે જણાવેલ શરતોને આધીન સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે.

(૧) જીલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્ષ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા-પેઢીઓ, મેડીકલ સ્ટોર, ઔધોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના, ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો, પેટ્રોલ પંપ તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યકિતઓનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ બેંકિંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શીયલ સેન્ટરો, શીડયુઅલ H, H1 & X ડ્રગ્સનું વેચાણ કરતા તમામ મેડીકલ/ ફાર્મસી સ્ટોલમાં આવતાં-જતાં તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા, નાઈટ વિઝન કેમેરા હાઈ ડેફીનેશન સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી કેમેરા (નાઈટવિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રોકોર્ડીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) ઉપરોકત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવાના રહેશે.

(૫) ઉપરોક્ત જણાવેલ સ્થળોના પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**આમુખઃ-**

૧) અત્રેના જાહેરનામા ક્રમાંક:એમએજી/કામદાર ફોર્મ-પોલીસ/વશી/૫૭૯૯, તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/કામદાર ફોર્મ-પોલીસ/વશી/૫૦૦/૨૦૨૫–ગુપ્તચર ખાતાના અહેવાલ તથા દેશના અલગ અલગ રાજયોમાં તથા ગુજરાતમાં ભુતકાળમા બનેલા અનેક રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવાં બનાવો બનેલ છે. જે બનાવોને અંજામ આપતાં આરોપીઓ મોટે ભાગે રાજય બહારના અને જીલ્લા બહારના હોય છે. જે આરોપીઓ શરૂઆતમાં એક આમ નાગરીક તરીકે દુકાનો, એકમોમાં કામ કરવા સારૂ રોજગારી મેળવવા ના બહાને રોજગારી મેળવી રોકાઈ અને સ્થાનિક ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ અને ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી રોજગારી મેળવી હોય તે જગ્યાએથી નાસી જતાં હોય છે અને તપાસ કરનાર એજન્સીઓ જયારે ગુનાનો ભેદ ઉકેલવાની નજીક સુધી પહોચે ત્યારે પાછળથી જાણવા મળે છે કે ગુનો કરનાર વ્યક્તિનું પુરેપુરૂ નામ સરનામું, વતનનું સરનામું તેમજ તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું નામ સરનામું તેમજ તેના અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલિક પાસે ઉપ્લબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. અને નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે.

અવારનવાર એવું ધ્યાન ઉપર આવેલ છે કે અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરીના બહાના હેઠળ આશરો મેળવી સર્વે કરી બાદમાં જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશીશ કરે છે. અને સ્થાનીક પરીસ્થિતિથી માહીતગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃતિઓની અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જીલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રાજય બહારના મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં, રસોઈયા, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી મેળવતા હોય છે. આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્ર નિયમિત રીતે માહિતગાર થાય તેવા શુભ આશયથી તથા તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં બહારના મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાક્ટર વિગેરેએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા. કરાવવાનું રહેશે.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**આમુખ:-**

૧) અત્રેના જાહેરનામા ક્રમાંક:એમએજી/મ.મા.-ભાડુઆત/વશી/૫૮૦૦ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/મ.મા.-ભાડુઆત/વશી/૫૦૧/૨૦૨૫—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટ તથા ભુતકાળમાં બનેલ બનાવો તેમજ વર્તમાનમાં બનતાં બનાવો/ઘટનાઓ ધ્યાને લેતાં સમાજમાં જે ભયનો માહોલ, જાન-હાનિ, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડવાની ઘટનાઓ બનતી જાય છે.

આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સ્ત્રી/પુરૂષ એ જે તે વિસ્તારમાં સ્લિપર સેલ તરીકે કામ કરતા હોય છે તેઓ પોતાનો ઇરાદો પાર પાડવા માટે ઘરઘાટી, કામવાળી તરીકે કામ કરવાની નોકરી મેળવતા હોય છે. ઘરઘાટી, કામવાળી મહિલાઓ જ્યાં નોકરી કરતા હોય ત્યાં મકાન માલિકની તમામ માહિતીથી વાકેફ હોય તેઓ બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માંગવાની, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ, અપહરણ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે જેવા ગુનાઓ આચરતાં હોય છે તેઓ સદર માલિકની અંગત માહિતી આપી અન્ય વ્યક્તિ પાસે ગુનાઓ કરાવતાં પણ હોય છે. ઘરઘાટી, કામવાળી મહિલાઓ આતંકવાદી સંસ્થાઓને અગત્યની માહિતી ભેગી કરી પહોંચાડવાનું કામ કરતાં હોય છે.

મકાન માલીક ઘરઘાટી કામવાળી મહિલાઓની જાણ પોલીસ વિભાગને ન કરતાં હોય કોગ્નીઝેબલ તેમજ મિલકત સંબંધી વિગેરે ગુનાઓ બને તેના મૂળ સુધી પહોંચતા આવા વ્યક્તિને જાણ થતી હોય છે, પરંતુ મકાન માલીક પાસે ઘરઘાટી, કામવાળી મહિલાઓની વિગતો/માહિતી ન હોવાના કારણે ચોકકસ આરોપી પકડી શકાતો નથી.

ઉક્ત બાબતોને ધ્યાને રાખી તમામ અસામાજીક પ્રવૃતિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

### હુકમ

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લામાં તમામ મકાન માલીકો પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે કામે રાખેલ તે વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અને કામવાળી મહિલાઓના નામ સરનામાની આ સાથે સામેલ ફોર્મ મુજબની માહિતી મકાન માલિકે પોતાની પાસે રાખવાની રહેશે તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

### શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---------------------

**આમુખ:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:એમએજી/ભંગાર ધંધા/વશી/૫૮૦૧ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/ભંગાર ધંધા/વશી/૫૦૨/૨૦૨૫—આમુખ (૧) ના પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાન અને ભુતકાળમાં બનેલ બનાવો તેમજ ગેરકાયદેસરની પ્રવૃતિઓ ધ્યાને લેતાં જણાય છે કે, ભરૂચ જીલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર આવેલ હોય, જેમાં રોજગારી અર્થે પરપ્રાંતીય આવીને રહે છે અને ભરૂચ જીલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ધાડ, લૂંટ, ઘરફોડ, ચોરી જેવા મિલ્કત સબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. મિલ્કત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરનાર માણસો હોય છે. ભંગાર ઉઘરાવવાની ફેરી કરતાં ઈસમો નાની મોટી ચોરીઓ કરી ભંગાર વેચાણ કરે છે. આવા પ્રકારની

ચોરીનો માલ ભંગારનો ધંધો કરનાર ઈસમો રાખતાં હોય છે. પરંતુ લોકો કાયદેસરની પ્રક્રિયામાં પડવાના લીધે આવી નાની ચોરીઓની ફરીયાદો પણ કરતાં હોતા નથી. ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો પૈકી મોટાભાગના ઈસમો પરપ્રાંતીયો હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતાં રહેતાં હોય છે, જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે.

ભરૂચ જીલ્લામાં ચોરી, ધાડ, લૂંટ, મિલ્કત સંબંધી ગુનાઓ નોંધાય છે અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સકંળાયેલા ઈસમો મિલ્કત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે, જેથી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ ભરૂચ જીલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઈસમો ઉપર નિયંત્રણો મુકવાનું અને જાહેર સલામતી અને સુરક્ષા માટે આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત માટે જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સુચનાની અમલવારી કરવા હુકમ કરુ છું.

(૧) ભંગારનો ધંધો કરતાં ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકીપણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકાશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતાં ઇસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ મૂળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતાં હોય ત્યાનું પણ પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય, તેઓના મૂળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતાં હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી.પ્રુફની નકલ આપવાની રહેશે.

૫) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરતજ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

૬) ભંગારનો ધંધો કરતાં ઈસમો, ભંગારની ફેરી કરતાં ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યક્તિના આઈ.ડી.પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના સંપર્ક નંબરની માહીતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૭) જયારે કોઈપણ વાહન વેચવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરી શકાશે નહીં તથા આવા વાહનોનો એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહીતી ની તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

**સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખ થી દિન-૬૦ સુધી રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---

**આમુખ :-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:એમએજી/લાઉડ સ્પીકર/વશી/૫૮૦૨, તા.૨૬/૧૧/૨૦૨૫

૨) Notification dated: 14/02/2000 of Ministry of Env. & Forests, Govt. Of India

૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(એન) અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/લાઉડ સ્પીકર/વશી/૫૦૩/૨૦૨૫–ભરૂચ જીલ્લામાં જાહેર જગ્યાઓમાં લાઉડસ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના અનિયંત્રીત ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ થાય છે. જેની નાગરીકોના આરોગ્ય ઉપર વિપરીત અસર થાય છે. તેમજ ધ્વનિ પ્રદુષણના લીધે નાગરીકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે, અને ઉપરોક્ત સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સુલેહભંગ તેમજ

સાંપ્રદાયિક/કોમી હિંસાના બનાવો બને છે. આથી રહેણાંક વિસ્તાર તથા અવર જવર કરનારાઓને હરકત/ અગવડ ત્રાસ જોખમ, ભય નુકશાન થતું અટકાવવા સારૂ જાહેર જગ્યાઓમાં લાઉડ સ્પીકર, પબ્લીક એડ્રેસ સિસ્ટમ તેમજ ડીજીટલ સાઉન્ડ સિસ્ટમના અનિયંત્રિત ઉપયોગ ઉપર મનાઈ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ નાં ૨૨ માં)અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ ૧ ના પેટા કલોઝ (એન) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ પ્રતિબંધાત્મક આદેશ ફરમાવુ છું.

૧) ડી.જે./લાઉડસ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમના સાધનો બનાવનાર/વેચનાર/ખરીદનાર/ભાડે આપનાર/ભાડે લેનાર વ્યકિત સંસ્થાઓએ આ કામ કરતા પોતાના કર્મચારીઓ તથા કાર્યક્રમ અંગેની જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં સંપૂર્ણ વિગતો સાથેની માહિતી વખતો વખત આપવાની રહેશે.

૨) આ રીતે ડી.જે./લાઉડસ્પીકર અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરતી વખતે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નીપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા કલમ-૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ(નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ સંદર્ભ-૨ તારીખઃ ૧૪/૦૨/૨૦૦૦ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે, જેમાં તારીખ ૧૧/૦૧/૨૦૨૧ ના રોજ આ નિયમમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદૂષણ નિયમો ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણે નીચે મુજબ નકકી કરવામાં આવેલ રજીસ્ટર પણ નિભાવવાનું રહેશે અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

| ભાડે લઈ જનારની વિગત | | | | | | ડી.જે.સાધનોની વિગત | | | વિગત | | ભાડે લઈ જનારની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ભાડે લેનારનું નામ | સરનામું | મો.નં. | હેતુ | વિસ્તાર | ડી.જે../લાઉડ સ્પીકરની વિગત | સ્પીકર એમ્પલી ફાયરની સંખ્યા | કેપેસીટી (ડી.બી) | ભાડે આપ્યાની તારીખ | સમય | |

(૩) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડ સ્પીકર સિસ્ટમનું તથા અન્ય સાધનોથી ઉત્પન થતા અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતા વધવી ન જોઈએ, જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૪) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે જે તે વિસ્તારની નિયત માત્રા કરતા ધ્વનિની માત્રા વધવી ન જોઈએ.

(૫) કોઈ ઓડીટોરીયમ કોન્ફરન્સ હોલ કોમ્યુનિટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળેથી બહાર જવો જોઈએ નહી.

(૬) ધાર્મિક સ્થળોમાં કલાક:૦૬/૦૦ થી કલાકઃ૨૧/૦૦ સુધી વગર પરવાનગીએ લાઉડ સ્પીકર/વાંજિત્રો/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. પરંતુ તેનો અવાજ એ રીતે મર્યાદિત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદની બહાર જવો ન જોઈએ.

(૭) લગ્નના વરઘોડા કે અન્ય કોઈ કાર્યક્રમમાં કલાકઃ૦૬/૦૦ થી કલાક:૨૨/૦૦ દરમ્યાન લાઉડ સ્પીકર અથવા ડી.જે.સિસ્ટમનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી લઈને કરી શકાશે.

**વિસ્તાર:**

ભરૂચ જીલ્લાનો સમગ્ર વિસ્તાર

**અમલવારી સમયગાળો:**

**સદરહું જાહેરનામું હુકમની તારીખ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.**

**શિક્ષા**

સદરહું હુકમના ભંગ બદલ ધ્વનિ પ્રદુષણ (રિગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમ-૨૦૦૦, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૯૨ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ ઉપરોક્ત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરિયાદ માડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---------------------

**આમુખઃ-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/માલિક-ફોર્મ/વશી/૫૮૦૩ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંકઃએમએજી/માલિક-ફોર્મ/વશી/૫૦૪/૨૦૨૫–ગુપ્તચર સંસ્થાના અહેવાલ તથા અગાઉ પુલવામા ખાતે સી.આર.પી.એફ.ના કાફલા ઉપર થયેલ આતંકવાદી હુમલો, અસામાજીક તત્વો ધ્વારા જમ્મુ કાશ્મીર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા મહારાષ્ટ્ર રાજયના પુના શહેરના ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલો મીટરના દાયરામા "Low Intensity"ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ તથા તે બોમ્બ એ.ટી.એસ.ધ્વારા ડીફયુઝ કરવામાં આવેલ, તદઉપરાંત નવી દીલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાઈલી એમ્બેસીના વાહન ઉપર તા.૧૩/૦૨/૨૦૧૨ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવેલ, તેમજ તા.૦૭/૦૯/૨૦૧૧ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજયમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. અમદાવાદ શહેર સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮મા થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી, અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી પોતે નકકી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.

આવાં ત્રાસવાદી,અસામાજીક તત્વો રહેણાંક તથા ઔધોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે.તેમજ માનવ જીંદગીની ખુમારી અને જાહેર જનતાની સંપતીને નુકશાન પહોચાડવાની કોશિષ કરે છે. આ માટે ત્રાસવાદી અસામાજીક તત્વો જીલ્લા શહેર તથા અલગ અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠાના, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસમાં રસોઈયા, ફેક્ટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો લારી ઉપર તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારી આપી રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં મકાન/એકમ ભાડે રાખી રહેતાં હોય છે અને કામદાર તરીકે રાખતાં હોય છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમા જાણવાં મળ્યું છે. જેથી જીલ્લાના અલગ અલગ મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલીકો આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમીત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત અને જીલ્લાની સુરક્ષા માટે જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં અલગ અલગ મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલીકો વિગેરેએ આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફરજીયાતપણે સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાનું રહેશે.

**સદરહું જાહેરનામું હુકમની તારીખ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.**

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---------------------

**આમુખઃ-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/રખડતાં પશુ/વશી/૫૮૦૪ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંકઃએમએજી/રખડતાં પશુ/વશી/૫૦૫/૨૦૨૫–હાલના પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતાં ભરૂચ જીલ્લાના વિસ્તારોમાં કેટલાક ઇસમો ઢોર માટે રસ્તા ઉપર ઘાસચારો વેચતા હોવાનું ધ્યાને આવેલ છે તેમજ રસ્તા પર રખડતા ઢોરો જોવા મળે છે. જે બાબતે લોકોના સ્વાસ્થ અને જાહેર માર્ગ પરની સલામતીને ભયરૂપ છે. જેથી માર્ગ અકસ્માત નિવારવા અને જાહેર જનતાની સલામતી હેતુસર ભરૂચ જીલ્લા વિસ્તારના જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યક્તિ દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાંખવા તેમજ જાહેરમાં પશુઓને રાખવા કે ખુલ્લા રખડતાં મુકવા બાબતે પ્રતિબંધ મુકવો જરૂરી જણાતો હોઈ, રખડતાં ઢોરોનો ઉપદ્રવ અટકાવવા બાબતનું જાહેરનામું સમગ્ર ભરૂચ જીલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે આમુખ(૨)ના પત્રથી દરખાસ્ત રજુ કરેલ છે.

**હુકમ**

વાસ્તે, હું પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, માર્ગ અકસ્માત નિવારવા અને જાહેર જનતાના આરોગ્ય અને સલામતીના હેતુ માટે સમગ્ર ભરૂચ જીલ્લા વિસ્તારના જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત ધ્વારા ઘાસચારાનું વેચાણ કરવા, જાહેરમાં પશુઓને ઘાસચારો નાંખવા તેમજ જાહેરમાં પશુઓને રાખવા કે ખુલ્લા રખડતાં મુકવા બાબતે પ્રતિબંધ ફરમાવતો હુકમ કરું છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સદરહું જાહેરનામું હુકમની તારીખ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.**

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

---------------------

**આમુખ:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:એમએજી/વિદેશી નાગરિક/વશી/૫૮૦૫ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/વિદેશી નાગરિક/વશી/૫૦૬/૨૦૨૫–આમુખ (૨) ના પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર અન્વયે હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ બનાવો તેમજ વિદેશી નાગરીકો દ્વારા કરેલ ગેરકાયદેસરની પ્રવૃતિઓ તેમજ ભુતકાળમાં બનેલ બનાવો ધ્યાને લેતાં તેમજ અનુભવે જણાય છે કે, વિદેશથી આવતા નાગરીકોની માહિતી આપતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવુ ખુબજ જરૂરી છે. વિદેશથી આવતા આવા નાગરીકો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટેલ, લોજ, બોડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી વિદેશી નાગરીકોને ભાડેથી મકાન, હોટેલ, લોજ, બોડીંગમાં આશરો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું અને જાહેર સલામતી અને સુરક્ષા માટે આવી પ્રવૃતિઓ ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જાહેરહિત માટે જરૂરી જણાય છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સુચનાની અમલવારી કરવા હુકમ કરું છું.

૧. ભરૂચ જીલ્લા વિસ્તારના મકાન, હોટેલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ વિગેરે મિલકતો વિદેશી નાગરીકોને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડે આપે ત્યારે તેની જાણ 24 કલાકમાં પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની કચેરી એલ.આઈ.બી.શાખા ખાતે ફોરેનર્સ બ્રાંચમાં તેમજ સંબધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તેમજ નીચે જણાવેલ શરતો સિવાય કોઈપણ વિદેશી વ્યક્તિને હોટેલ, લોજ, બોર્ડીંગ વિગેરે મિલકત માલિકો ભાડે આપી શકશે નહી.

૨. હોટેલ, લોજ, બોડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો સહિતની કોપી લેવી અને રેકર્ડમાં રાખવી.

૩. વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકોર્ડમાં રાખવી.

૪. વિદેશી નાગરીકોને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ મુજબના નમુના મુજબ ફોર્મ પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની એલ.આઈ.બી.શાખા ખાતે ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૫. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટેલ, લોજ, બોડીંગ કે મકાનો ભાડેથી આપવા નહી.

૬. વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવી રેકર્ડમાં રાખવાના રહેશે.

૭. ભરૂચ જિલ્લામાં વિદેશી નાગરીક કઈ જગ્યાએ કયા કામ માટે કોને કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૮. કોઈપણ વિદેશી મુસાફરની શંકાસ્પદ હલચલ જણાય તો તાત્કાલિક સંબધીત પોલીસ સ્ટેશન ને જાણ કરવી.

૯. હોટેલ, લોજ,બોર્ડીંગમાં સી.સી.ટી.વી.કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપને ત્રણ માસ સુધી રાખવાનું રહેશે.

૧૦. હોટેલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મ શાળામાં રોકાણ માટે આવતા વિદેશી નાગરીકો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોધ કરવાની રેહશે.

૧૧. વિદેશી નાગરીકોના મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સદરહું જાહેરનામું હુકમની તારીખ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.**

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

---------------------

**આમુખ:-**

૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:એમએજી/મોબાઈલ સીમ/વશી/૫૮૦૬ તા.૨૬/૧૧/૨૦૨૫

૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/જાહેરનામુ/૨૭૨/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

ક્રમાંક:એમએજી/મોબાઈલ-સીમ/વશી/૫૦૭/૨૦૨૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદીઓ / અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ જાહેર જનતાની જાનમાલ મિલકતને નુકશાન પહોંચાડી ગુન્હાઓ કરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહિત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઈલ ફોન/સીમકાર્ડનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI No. નું ટ્રેકીંગ કરી ગુન્હાના મૂળ સુધી પહોંચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સાઓમાં મોબાઈલ ફોન/સીમકાર્ડના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે આ મોબાઈલ ફોન કોઈ અજાણ્યા વ્યકિત પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ કે ચોરાયેલ હોવાની માહિતી હોતી નથી. આમ આ પ્રકારની તપાસમાં આવતાં વિઘ્નોના કારણે જ્યારે જુના મોબાઈલ ફોન/સીમ કાર્ડ લેતાં કે વેચતા વખતે મોબાઈલ ફોન/સીમકાર્ડ વેચનાર તથા મોબાઈલ ફોન/ સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામુ, તથા તેની ઓળખ અંગેની હકીકત નોંધણી થાય તે સલામતીની દૃષ્ટિએ અત્યંત આવશ્યક છે.

**હુકમ**

વાસ્તે હું, પાર્થ જયસ્વાલ, ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, ભરૂચ જીલ્લા મહેસુલી વિસ્તારમાં જુના મોબાઈલ ફોન/સીમકાર્ડ લે વેચ કરનાર વેપારીએ મોબાઈલ ફોન સીમકાર્ડ લે-વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહિતના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે. તેમજ રજીસ્ટરનો ડેટા ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યવસ્થિત સાચવી રાખવાનો રહેશે અને આ રજીસ્ટર ચેકીંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનું રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**નવા/જુના મોબાઈલ વેચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાંની વિગત | ID પ્રૂફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | સીમકાર્ડ No. | સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રૂફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સદરહું જાહેરનામું હુકમની તારીખ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.**

આજ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

**પાર્થ જયસ્વાલ**
ઈ.ચા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

---

**-:જાહેરનામું:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો**

**હુકમ**

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર-૧૪/૨૦૨૬.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી.આર.સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ,અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૨/૦૨/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

**વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

**ખુલાસો:--**

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

**અપવાદ:-**

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત કરી તે અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરખબર આપીને અથવા આકાશવાણી દૂરદર્શન કેન્દ્ર ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધિ કરવી અને ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૨/૦૨/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૦૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

**બી. આર. સાગર,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

---------------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ ઇનસ. એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક નં. એલ.આઈ.બી./CET (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષા/જાહેરનામું/૬૭૫/૨૦૨૬, તા.૨૯/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/CET (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષા/એસ.આર.૧૩/૨૦૨૬.-આમુખ-(૧) ના પત્રથી પોલીસ ઇનસ. એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક નં નં. એલ.આઇ.બી./CET (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) પરીક્ષા/જાહેરનામું/૬૭૫/૨૦૨૬, તા.૨૯/૦૧/૨૦૨૬ થી જણાવ્યા મુજબ, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા કોમન એન્ટ્રન્ટ્સ ટેસ્ટ (CET) પરીક્ષા તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના તમામ પો.સ્ટે.ની હદના (કેરાળા જી.આઈ.ડી.સી, વિઠલાપુર, હાંસલપુર સિવાય) પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાનાર છે, જે અન્વયે પ્રતિબંધીત વિસ્તાર જેમાં પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

**પ્રતિબંધિત વિસ્તાર:**

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

**પ્રતિબંધિત કૃત્યો:**

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામા ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર

(૪) પરીક્ષા સ્થળો પર ગેરરીતિ થાય તેવું કોઈપણ સાધન લઈ જવા ઉપર

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિન અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર

(૬) પરીક્ષામાં ભાગ લેનાર ઉમેદવારો પરીક્ષા દરમ્યાન કોઇ પણ પ્રકારના વિજાણુયંત્રો પોતાની પાસે નહિં રાખવા ઉપર

**અપવાદ**

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

**સમયગાળો**

આ હુકમ તા.૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન સવારે ૧૨:૦૦ કલાક થી ૧૬:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ

અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત, ૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---

**વંચાણે લીધ્યું:-**

(૧) સીનીયર સેક્શન ઈન્જીનીયરશ્રી, ધંધુકા ના પત્ર No:- W/350/LC-95/DCK તા.૦૨/૦૨/૨૦૨૬.

(૨) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./વૈકલ્પિક માર્ગ જાહેરનામું/૮૧૩/૨૦૨૬ તા. ૦૩/૦૨ /૨૦૨૬

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/ધંધુકા-બગોદરા/જાહેરનામું/એસ.આર.૧૫/૨૦૨૬.-આમુખ-(૧) ના સીનીયર સેક્શન ઈન્જીનીયરશ્રી, ધોળકા ના પત્ર No W/350/LC-95/DCK તા.૦૨/૦૨/૨૦૨૬ ના પત્ર થી જણાવેલ ધંધુકા-બગોદરા થી રેલ્વે ફાટક નં. 95 ની આવતી ટ્રેનો સમારકામ કરવા તા.૦૪/૦૨/૨૦૨૬ ના રાત્રીના ૨૦:૦૦ થી તા.૦૫/૦૨/૨૦૨૬ ના સાંજના ૧૭:૦૦ વાગ્યા સુધી બંધ કરવા જણાવેલ છે. જે કામે આમુખ- (૨) પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ વૈકલ્પિક માર્ગ જાહેરનામું/૮૧૩/૨૦૨૬ તા. ૦૩/૦૨/૨૦૨૬ ના પત્રથી ડાયવર્ઝન માટેનું જાહેરનામું નીચે મુજબ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત મળેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૦૫/૦૨/૨૦૨૬ ના રાત્રીના ૨૦:૦૦ થી તા.૦૬/૦૨/૨૦૨૬ ના સાંજના ૧૭:૦૦ વાગ્યા સુધી વાહનો માટે નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

| તમામ વાહનો માટે પ્રતિબંધિત માર્ગ | તમામ વાહનો માટે વૈકલ્પિક માર્ગ |
|---|---|
| બગોદરા થી ધંધુકા તરફ જતા વાહન | બગોદરા, અરણેજ, જવારજ, ગુંદી થી ફેદરા થઈ ધંધુકા |
| ધંધુકા થી બગોદરા તરફ જતા વાહન | ધંધુકા થી ફેદરા અને ફેદરા થી ગુંદી ગામ થઇ અરણેજ થઇ બગોદરા |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપેલ છે.

**બી. આર. સાગર,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

---

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું.**

File No:NAV/MSC/e-file/453/2025/6970.-પોલીસ અધિક્ષક, ડાંગ-આહવાનાઓએ તેઓના પત્ર ક્રમાંક:સીબી-૩/ફાયરીંગ/ પ્રેકટીસ/ ૩૮૨/૨૦૨૬ તા.૨૩/૦૧/૨૦૨૬થી જણાવ્યા મુજબ તેઓના જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારી/કર્મચારીઓની ઓટોમેટીક હથિયારો તથા અન્ય હથિયારોની સને-૨૦૨૬ના વર્ષની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવાની થતી હોય, જેથી ફાયરીંગ બટ ફાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી નવસારીનાઓના હસ્તક મુ.સુખાબારી તા.વાંસદા જિ.નવસારી ખાતે આવેલ ફાયરીંગ બટ પર તા.૦૧/૦૨/૨૦૨૬ થી ૧૦/૦૨/૨૦૨૬ સુધી ફાયરીંગ પ્રેકટીસની મંજુરી તથા તે અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સરપંચશ્રી, ગ્રામ પંચાયત સુખાબારી તા.વાંસદા જી.નવસારીના સામાન્ય સભા ઠરાવ નં.૪૬ તા.૧૬/૦૧/૨૦૨૬થી ડાંગ-આહવા જિલ્લાના પોલીસની વિનંતી અનુસાર તેઓને ફાયરીંગ બટ ફાળવવામાં આવે તો ગ્રામ પંચાયતને કોઈ વાંધો નથી તથા ફાયરીંગ પ્રકટીસ દરમ્યાન અગર કોઈ જાન માલ કે નુકશાન થાય તો તેની જવાબદારી નવસારી પોલીસની રહેશે. તેમ જણાવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર ક્રમાંક:સીબી-૨/ફાયરીંગ/બટ/૯૫૩/૨૦૨૬ તા.૦૫/૦૨/૨૦૨૬થી અભિપ્રાય રજુ કરી જણાવેલ છે કે, "સરપંચશ્રી, સુખાબારી ગ્રામ પંચાયત, તા.વાંસદા, જિ.નવસારીનાઓએ તા.૧/૨/૨૦૨૬ રોજના પત્ર અન્વયે પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાનાઓને સુખાબારી ફાયરીંગ બટ ફાળવવા અંગે અભિપ્રાય આપેલ છે. જે હકીકત ધ્યાને લેતા પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાનાઓએ અત્રેના જિલ્લાના મોજે-સુખાબારી ગામ ખાતે આવેલ ફાયરીંગ બટ ફાળવવા અભિપ્રાય થાય છે જે આપશ્રીને વિદીત થાય." તેમ જણાવી હકારાત્મક અભિપ્રાય રજુ કરેલ છે.

આમ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાની ઉકત દરખાસ્ત તેમજ ગ્રામ પંચાયત સુખાબારીના પત્ર તથા પોલીસ અધિક્ષકશ્રી નવસારીના અભિપ્રાય મુજબ ઉકત ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન કોઈ પણ વ્યકિતને ગોળીબારથી ઈજા ન થાય તે માટે પ્રવેશ નિષેધ કરવા સબંધે બહોળી પ્રસિધ્ધી સારું જાહેરનામુ બહાર પાડવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, યોગરાજસિંહ બી. ઝાલા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જીલ્લો- નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) હેઠળ મને મળેલ સતાની રૂએ મોજે.સુખાબારી, તા.વાંસદા, જિ.નવસારી ખાતે આવેલ ફાયરીંગ બટ તા.૦૮/૦૨/૨૦૨૬ થી તા.૧૩/૦૨/૨૦૨૬ ના સમયગાળા દરમ્યાન રોજ સવારે ૦૬:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક અથવા કાર્યક્રમ પુર્ણ થાય ત્યાં સુધીનાં સમયમાં ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા કે ઢોર ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું.

સદરહું ગોળીબાર તથા અશ્રુવાયુની પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીની મુદ્રા કરી આપી છે.

**યોગરાજસિંહ બી. ઝાલા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
નવસારી.

---

**વંચાણે લીધા :-**

(૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ના પત્ર જા.નં.પીબી/૬૩૩/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલીના પત્ર નં.એમએજી/જાહેરનામું/વશી/૧૧૩૮/૨૦૨૫ તા.૧૬/૦૫/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/અભિપ્રાય/૧૮૧૦/૨૫,તા.૦૯/૦૬/૨૦૨૫

(૪) અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી.૯૫૧૭ થી ૯૫૫૬/૨૦૨૫ તા.૧૫/૧૧/૨૦૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારી ના પત્ર જા.નં.બાંધકામ/પીબી/૨/વશી/૨/૨૨૨/૨૦૨૬ તા.૦૭/૦૨/૨૦૨૬

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

**- :: જાહેરનામું :: -**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે. :-**

File No.NAV/Miscellaneous/e-file/453/2026/0104-આમુખ(૧)થી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ધ્વારા ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૬૦ (કૌટિલ્ય ફયુલ સ્ટેશન) ની વચ્ચે જમણી બાજુ અંત્રેના ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ થનાર છે. જેના લીધે સદર રસ્તા ઉપર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે.કી.મી. માં રસ્તાની ડાબી બાજુ ટૂ-વે ટ્રાફિક ડાયવર્ટ કરવાનો થાય છે. તેમ જણાવી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૦૪/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલી ધ્વારા ઉપરોકત જાહેરનામું બહાર પાડવા અંત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે. અને આમુખ(૩)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર - ૧ તથા ૨ માં જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ તેમજ ત્યારબાદ જાહેરનામું રીન્યુ કરાવવા અરજી કરતા જેના અનુસંધાને આમુખ (૪)થી તા.૨૮/૧૨/૨૦૨૫ થી તા.૧૦/૦૨/૨૦૨૬ સુધી

જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ હાલ કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારીના આમુખ(૫) થી જણાવેલ છે કે, "બીલીમોરા ચિખલી વાંસદા વઘઈ રોડ કી.મી. ૯/૦ થી ૫૯/૬ પર હાલમાં ગુજરાત સરકાર દ્વારા " રાજયના ઔદ્યોગિક અને ખાણ ખનીજ વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઈડનીંગ અને મજબૂતીકરણની કામગીરી" માટે સદર રસ્તાની ચે. કી.મી. ૧૧/૦ થી ૧૭/૦ ની વચ્ચે જમણી અને ડાબી બંને બાજુ હયાત ડામર રોડની જગ્યાએ સી.સી. (સિમેન્ટ કોન્ક્રીટ) રોડની કામગીરી મંજૂર થયેલ છે, જેનો વર્ક ઓર્ડર અત્રેની કચેરીના સંદર્ભીત પત્ર (૧) થી આપવામાં આવેલ છે. સદર કામગીરી હાલમાં સદર રસ્તાની ચે. કી.મી. ૧૧/૦ થી ૧૭/૦ ની વચ્ચે અત્રેના ઈજારદારશ્રી દ્વારા ચાલુ છે. જેમાં સદર રસ્તાની ડામર સપાટીની જગ્યા એ બોક્ષ કટિંગ કરી ડી.એલ.સી. તેમજ પી.ક્યુ.સી.ની કામગીરી કરવાની થાય છે. જે બાબતે સંદર્ભીત પત્ર (૨) થી અત્રેની પેટા કચેરી દ્વારા સદર રસ્તા ઉપર ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે જાહેરનામું બહાર પાડવા જાણ કરવામાં આવેલ હતી, જે બાદ સંદર્ભિત પત્ર (૩) થી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, નવસારી દ્વારા સદર રસ્તા ઉપર ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે તા. ૨૮/૧૨/૨૦૨૫ થી તા. ૧૦/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જે બાબતે જણાવવાનું કે હાલમાં સદર રસ્તાના ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) ઉપર કોલેજ સર્કલની આજુ-બાજુ સી.સી. રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, પરંતુ સી.સી. રોડના ટોપ લેયર પી.ક્યુ. સી.નો ક્યોરિન્ગ પિરિયડ હાલ ચાલુ હોય તેમજ સર્કલની ફરતે સી.સી. રોડની આજુ-બાજુ વાયડનીંગની કામગીરી બાકી રહેલ હોય સદર જાહેરનામાને તા. ૧૦/૦૨/૨૦૨૫ થી તા. ૨૪/૦૨/૨૦૨૫ સુધી દિન-૧૫ માટે લંબાવી આપવા વિનંતી છે. જે અન્વયે ઘટતી કાર્યવાહી થવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે. વધુમાં સદર ડાયવર્ઝન પ્લાન અંગે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ચીખલીને જરૂરી ટ્રાફીક પોઈંટ મૂકવા અર્થે જાણ થવા વિનંતી છે. તેમ જણાવી તા-૧૧/૦૨/૨૦૨૬ થી ૨૪/૦૨/૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારીના આમુખ(૫)ની દરખાસ્ત અન્વયે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલીના આમુખ(૨) થી રજુ થયેલ હકારાત્મક અભિપ્રાય તેમજ આમુખ(૩)ના પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા જણાવેલ વિગતે જાહેરનામું બહાર પાડવા અંગેના હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ આમુખ(૪)થી બહાર પાડેલ જાહેરનામાને અવલોકને લેતા, તેમજ આમુખ(૫)થી કા.ઈ.શ્રી મા.મ. વિભાગ નવસારીની દરખાસ્ત અત્રેની શાખામાં તા.૧૦/૦૨/૨૦૨૬ના રોજ મળેલ હોય કોઈ વાહન અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય તે માટે જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મળેલ સતાની રૂએ, બીલીમોરા- ચીખલી-વાંસદા-વઘઈ રોડ પર બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ રોડ ઉપર વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂ છું.

**::વૈકલ્પિક માર્ગ::**

| ક્રમ | રૂટ | વાહનનો પ્રકાર | વૈકલ્પીક રૂટ |
|---|---|---|---|
| ૧ | ચીખલી ટાઉન થી કોલેજ સર્કલ થી વાંસદા તરફ તેમજ વસુધારા ડેરી તરફ | ફક્ત ભારે વાહનો માટે | ચીખલી એન.એચ.-૪૮ ઓવરબ્રિજના સર્વિસ રોડથી એન.એચ.-૪૮ નો ઉપયોગ કરી આલીપોર ફ્લાય ઓવરબ્રિજના વાયડકકટમાં થઈ વસુધારા ડેરીથી ચીખલી કોલેજ તરફ જતાં લિન્ક રોડનો ઉપયોગ કરી વાંસદા તરફ જવાનું રહેશે. |
| ૨ | રાનકૂવાથી કોલેજ સર્કલ થઈ ચીખલી ટાઉન તરફ | ફક્ત ભારે વાહનો માટે | ચીખલી કોલેજ સર્કલથી વસુધારા ડેરી તરફ જતાં લિન્ક રોડનો ઉપયોગ કરી એન.એચ.-૪૮ આલીપોર ફ્લાય ઓવર-બ્રિજ ના સર્વિસ રોડથી એન.એચ.-૪૮નો ઉપયોગ કરી ચીખલી તરફ જવાનું રહેશે. |
| ૩ | ચીખલી ટાઉનથી રાનકૂવા/વાંસદા તરફ તેમજ રાનકૂવા/વાંસદાથી ચીખલી ટાઉન તરફ | નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) | ચીખલી બગલાદેવ મંદિરથી ચીખલી ખેરગામ ધરમપુર રોડનો ઉપયોગ કરી ચીખલી ખૂંધ પોંકડા બામણવેલ રોડ થઈ ખૂંધ નિશાળ ફળિયા રોડ થઈ ચીખલી-વાંસદા રોડનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૪ | નાશિક થી વાંસદા થી રાનકૂવા થી ચીખલી તરફ | ફક્ત ભારે વાહનો માટે | (૧) રાનકૂવા થી ખુડવેલ થી ગોલવાડ થઈ ચીખલી તરફ જશે<br>(૨) રાનકૂવા થી ટાંકલ થી દેગામ થી આલીપોર થઈ ચીખલી તરફ જશે<br>(૩) રાનકૂવા થી ટાંકલ થી ખારેલ થઈ ચીખલી તરફ જશે |

| | | | |
|---|---|---|---|
| ૫ | બીલીમોરા ચિખલી વાંસદા વઘઈ રોડ એ. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી એ. કી.મી. ૧૪/૦ (બામણવેલ પાટિયા), ડાબી બાજુ તેમજ જમણી બાજુ નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) ચીખલી તેમજ વાંસદા તરફ જવા માટે | નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) | (૧) બીલીમોરા ચિખલી વાંસદા વઘઈ રોડ એ. કી. મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી એ. કી.મી. ૧૪/૦ (બામણવેલ પાટિયા) જમણી બાજુનો ટુ-લેન ટૂ-વે ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે. |

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૧/૦૨/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા.૨૪/૦૨/૨૦૨૬ના ક.૦૦/૦૦ સુધી અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન પંચાયત વિભાગ હસ્તકના કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપેલ છે.

**યોગરાજસિંહ બી. ઝાલા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

---

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-**

નં.ડીસીબી/એમએજી-૧/રજી.નં.૦૩/વશી. ૩૧૩ થી ૩૬૯/૨૦૨૬.-ડાયરેક્ટર જનરલશ્રી, નેશનલ ટેસ્ટીંગ એજન્સી નવી દિલ્લીનાઓની તા.૨૬/૧૨/૨૦૨૫ ના અર્ધસરકારી પત્રથી મળેલ સુચના મુજબ વલસાડ જિલ્લામાં નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબની તારીખના રોજ જાન્યુઆરી-૨૦૨૬ માસમાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી નવી દિલ્હી દ્વારા આયોજિત JEE Main 2026 (Session-1) ની પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હુકમત હેઠળના પરીક્ષા કેન્દ્ર વાળા વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હુકમત હેઠળના નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૨૦૦ મીટર ત્રિજયામાં સાયબર કાફે, ઝેરોક્ષ મશીનો, પ્રિન્ટીંગ માટેની દુકાનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

**નેશનલ ટેસ્ટીંગ એજન્સી નવી દિલ્લી દ્વારા આયોજિત**

**JEE Main 2026 (Session-1) ની પરીક્ષા**

| અ.નં. | પરીક્ષાની તારીખ | પરીક્ષાનું કેન્દ્ર |
|---|---|---|
| ૧ | તા.૨૧/૦૧/૨૦૨૬ | Chips and Bytes Vapi<br>Add.3rd Floor, Fortune Mall, Above Vishal Mega Mart, Aditya Birla Circle, Near VIA Ground, Vapi GIDC, Vapi, Gujarat, India, 396195 |
| ૨ | તા.૨૨/૦૧/૨૦૨૬ | |
| ૩ | તા.૨૩/૦૧/૨૦૨૬ | |
| ૪ | તા.૨૪/૦૧/૨૦૨૬ | |
| ૫ | તા.૨૮/૦૧/૨૦૨૬ | |
| ૬ | તા.૨૯/૦૧/૨૦૨૬ | |

વાસ્તે, હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારના ૦૮/૦૦ થી સાંજના ૧૯/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં લાઉડસ્પીકર તથા કોઈપણ પ્રકારના સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવો નહી.

(૩) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઇરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ પણ ચીજવસ્તુ ઇલેકટ્રોનીક આઇટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૪) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઇલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઇલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૫) ઉપરોકત પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૦૮/૦૦ થી સાંજના ૧૯/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન, પ્રિન્ટીંગની દુકાનો તથા સાયબર કાફે ચાલુ રાખી શકાશે નહી.

**આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.**

૧. લગ્નના વરઘોડા(સાઉન્ડ સીસ્ટમ વગર)ને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્ર ના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઇન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૨૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

**મહિપાલસિંહ ચુડાસમા,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

---

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા :-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીની કચેરીના પત્ર જા.નં.પ્રા.૨/૨૦૨૬/૨૦૬૦-૬૧ તા.૦૯/૦૨/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયેનું.**

File No:NAV/MAG/e-file/453/2026/1212.-આમુખ(૧)થી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીની કચેરી દ્વારા પત્રથી આગામી તા:૨૬/૦૨/૨૦૨૬ થી ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહના રોજ લેવાનાર છે. સદર પરીક્ષા વિદ્યાર્થીઓ સાનુકૂળ વાતાવરણમાં અને શાંતિથી આપી શકે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જરૂરી જાહેરનામું બહાર પાડવા અંગે દરખાસ્ત કરેલ છે.

આથી નવસારી જિલ્લામાં નિયત કરેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારૂ થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા પર કે પરીક્ષાા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/નકલો/ ફેકસ સબંધિત દુકાનો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને યોગ્ય જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી.ઝાલા, G.A.S., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જીલ્લો-નવસારી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે

નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં નિયત કરેલ પરીક્ષા કેન્દ્રોની અને બીલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈ પણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહીત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા ઉપર તેમજ લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહુ પરીક્ષાા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / નકલો / ફેકસ સબંધિત સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ તથા નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

● કૃત્યો ●

(૧) બિનઅધિકૃત વ્યક્તિઓને પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવા પર.

(૨) કોઈપણ શખ્સો દ્વારા તરકીબ વાપરી પરીક્ષાર્થીઆને પરીક્ષા વિષયક ચોરી કરવા /કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા પર.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર.

(૪) પરીક્ષામાં ચોરી ગણાય તેવી પ્રતિબંધિત વસ્તુ, ઈલેકટ્રોનિકક્ષ આઈટમો, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવા કે કરાવવા ઉપર તથા આવા કાર્યોમાં મદદગારી કરવા ઉપર

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવા / સભા બોલાવવા, સરઘસ કાઢવા કે ભેગા થવા પર

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષકશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રાને તથા રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગીરી માટે રોકાયેલા અધિકૃત વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

**:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૨૬-૦૨-૨૦૨૬ થી તા.૧૮-૦૩-૨૦૨૬સુધી સવારે ૦૭-૦૦ કલાક થી સાંજે ૨૦-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (INS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

SSC

ZONE- NAVSARI- 78

| NO | Dist Code | zone code | zone name | Centre Code | Centre Name | Bldg Name | School No | Bldg Address |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 78 | 078 | NAVSARI | 7801 | AMALSAD | H. D. SARVAJANIK KANYAVIDYALAYA | 78.0044 | AMALSAD, TAL.- GANDEVI, DIST - NAVSARI |
| 2 | 78 | 078 | NAVSARI | 7801 | AMALSAD | H D SARVAJANIK HIGH SCHOOL | 78.0043 | AMALSAD P B NO-13 - TAL GANDEVI DIST - NAVSARI |
| 3 | 78 | 078 | NAVSARI | 7801 | AMALSAD | DESAI KALIDAS KUNVARJI SARVAJANIK HIGH SCHOOL,DHAMDACHHA, AMALSAD | 78.0036 | AT-DHAMDACHHA, VIA-AMALSAD, TAL-GANDEVI, DIST-NAVSARI |
| 4 | 78 | 078 | NAVSARI | 7802 | BILIMORA | ASPEE KANYA VIDYALAY, BILIMORA | 78.0072 | ANTALIA DIST-NAVSARI VIA.BILIMORA TA-GANDEVI DIST - NAVSARI |
| 5 | 78 | 078 | NAVSARI | 7802 | BILIMORA | ST JOSHEPHET HIGH SCHOOL BILIMORA | 78.0040 | BILIMORA, CHIKHLI ROAD DIST – NAVSARI |
| 6 | 78 | 078 | NAVSARI | 7802 | BILIMORA | SHRI L M P REVA EXPERIMENTAL HIGH SCHOOL, BILLIMORA | 78.0081 | CHIKHALI ROAD AT:BILIMORA TAL GANDEVI DIST – NAVSARI |
| 7 | 78 | 078 | NAVSARI | 7804 | GANDEVI | SIR C J NEW HIGH SCHOOL GANDEVI, | 78.0032 | TAL- GANDEVI DIST - NAVSARI |
| 8 | 78 | 078 | NAVSARI | 7804 | GANDEVI | SMT D I KAPADIYA KANYA VIDYALAY GANDEVI | 78.0092 | TA-GANDEVI ,VIA -BILIMORA DIST - NAVSARI |
| 9 | 78 | 078 | NAVSARI | 7806 | MAROLI ST. | S M K R. VASHI HIGH SCHOOL UNIT-I | 78.0008 | MAROLI STATION TAL JALALPORE DIST - NAVSARI |
| 10 | 78 | 078 | NAVSARI | 7806 | MAROLI ST. | S M K R VASHI HIGH SCHOOL UNIT-II, MAROLI STATION | 78.0008 | TAL JALALPORE DIST - NAVSARI |
| 11 | 78 | 078 | NAVSARI | 7807 | NAVSARI | VIDHYAKUNJ HIGH SCHOOL | 78.0023 | JAMSHEDJI TATA MARG, NAVSARI DIST - NAVSARI |
| 12 | 78 | 078 | NAVSARI | 7807 | NAVSARI | ST.FRANCIS OF CONVENT HIGH SCHOOL | 78.0022 | LUNSIKUI ROAD NAVSARI TA NAVSARI DIST - NAVSARI |

| NO | Dist Code | zone code | zone name | Centre Code | Centre Name | Bldg Name | School No | Bldg Address |
